# DSP

## PROVISIONAL ANSWER KEY

| | |
|---|---|
| **Name of the post** | **Deputy Section Officer / Deputy Mamlatdar, Class-3** |
| **Advertisement No.** | **27/2020-21** |
| **Preliminary Test held on** | **01-08-2021** |
| **Question No** | **001 – 200 (General Studies)** |
| **Publish Date** | **03-08-2021** |
| **Last Date to Send Suggestion(s)** | **10-08-2021** |

**THE LINK FOR ONLINE OBJECTION SYSTEM WILL START FROM 04-08-2021; 04:00 PM ONWARDS**

## Instructions / સૂચના

**Candidate must ensure compliance to the instructions mentioned below, else objections shall not be considered: -**

(1) All the suggestion should be submitted through **ONLINE OBJECTION SUBMISSION SYSTEM** only. Physical submission of suggestions will not be considered.

(2) Question wise suggestion to be submitted in the prescribed format (proforma) published on the website / online objection submission system.

(3) All suggestions are to be submitted with reference to the Master Question Paper with provisional answer key (Master Question Paper), published herewith on the website / online objection submission system. Objections should be sent referring to the Question, Question No. & options of the Master Question Paper.

(4) Suggestions regarding question nos. and options other than provisional answer key (Master Question Paper) shall not be considered.

(5) Objections and answers suggested by the candidate should be in compliance with the responses given by him in his answer sheet. Objections shall not be considered, in case, if responses given in the answer sheet /response sheet and submitted suggestions are differed.

(6) Objection for each question should be made on separate sheet. Objection for more than one question in single sheet shall not be considered.

**ઉમેદવારે નીચેની સૂચનાઓનું પાલન કરવાની તકેદારી રાખવી, અન્યથા વાંધા-સૂચન અંગે કરેલ રજૂઆતો ધ્યાને લેવાશે નહીં**

(1) ઉમેદવારે વાંધાં-સૂચનો ફક્ત **ઓનલાઈન ઓબ્જેક્શન સબમીશન** સીસ્ટમ દ્વારા જ સબમીટ કરવાના રહેશે. રૂબરૂ અથવા ટપાલ દ્વારા આયોગની કચેરીએ મોકલવા આવેલ વાંધા-સૂચનો ધ્યાને લેવામા આવશે નહીં જેની ખાસ નોંધ લેવી.

(2) ઉમેદવારે વાંધા-સૂચનો રજૂ કરવા વેબસાઈટ / ઓનલાઈન ઓબ્જેક્શન સબમીશન સીસ્ટમ પર પ્રસિધ્ધ થયેલ નિયત નમૂનાનો જ ઉપયોગ કરવો.

(3) ઉમેદવારે પોતાને પરીક્ષામાં મળેલ પ્રશ્નપપુસ્તિકામાં છપાયેલ પ્રશ્નક્રમાક મુજબ વાંધા-સૂચનો રજૂ ન કરતા તમામ વાંધા-સૂચનો વેબસાઈટ પર પ્રસિધ્ધ થયેલ પ્રોવિઝનલ આન્સર કી (માસ્ટર પ્રશ્નપત્ર)ના પ્રશ્ન ક્રમાંક મુજબ અને તે સંદર્ભમાં રજૂ કરવા.

(4) માસ્ટર પ્રશ્નપત્રમાં નિર્દિષ્ટ પ્રશ્ન અને વિકલ્પ સિવાયના વાંધા-સૂચનો ધ્યાને લેવામાં આવશે નહીં.

(5) ઉમેદવારે પ્રશ્નના વિકલ્પ પર વાંધો રજૂ કરેલ છે અને વિકલ્પ રૂપે જે જવાબ સૂચવેલ છે એ જવાબ ઉમેદવારે પોતાની ઉત્તરવહીમાં આપેલ હોવો જોઈએ. ઉમેદવારે સૂચવેલ જવાબ અને ઉત્તરવહીનો જવાબ ભિન્ન હશે તો ઉમેદવારે રજૂ કરેલ વાંધા-સૂચનો ધ્યાનમા લેવાશે નહીં.

(6) એક પ્રશ્ન માટે એક જ વાંધા-સૂચન પત્રક વાપરવું. એક જ વાંધા-સૂચનો પત્રકમાં એકથી વધારે પ્રશ્નોની રજૂઆત કરેલ હશે તો તે અંગેના વાંધા-સૂચનો ધ્યાને લેવાશે નહીં.

**Website link for online objection submission system : http://150.129.165.5/GPSC_Suggestion/**

M

001. નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ?

1. બાબરના હિંદ-આક્રમણ સમયે બંગાળમાં હુસેનવંશનું શાસન ચાલતું હતું.

2. બાબરના હિંદ-આક્રમણ સમયે કાશ્મીરમાં મુહમ્મદશાહ રાજ્ય કરતો હતો.

3. બાબરના હિંદ-આક્રમણ સમયે ગુજરાતમાં સુલતાન મુઝફ્ફરશાહ બીજો રાજ્ય કરતો હતો.

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1 અને 3
(D) 1, 2 અને 3

002. શેરશાહ સૂરીનું મૂળ નામ ____________ હતું ?

(A) હુસેન
(B) ફરીદ
(C) અબ્દુલ
(D) રસુલ

003. લૉર્ડ વેલેસ્લીએ સહાયકારી યોજના હેઠળ નીચેના પૈકી કઈ નીતિ / નીતિઓ અપનાવી ?

(A) વિજયી યુધ્ધ બાદ રાજ્ય કે રાજ્યના પ્રદેશનું જોડાણ કરવું.
(B) રાજ્યના રાજાની પાસેથી તેનું બિરૂદ અને અંગત જાગીરો લઈ લેવી.
(C) (A) અને (B) બંને
(D) (A) અને (B) પૈકી કોઈ નહીં

004. નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

(A) હોળકર લશ્કર પરનો કાબુ ભારે લૂંટફાટવૃત્તિવાળા સાહસિક અમીરખાનના હાથમાં હતો.
(B) પીંઢારાઓની ખૂની, ઝનૂનવાળી ટોળીઓ સિંધિયા અને હોળકરના લશ્કરમાં મોટી સંખ્યામાં જોડાઈ હતી.
(C) (A) અને (B) બંને
(D) (A) અને (B) પૈકી કોઈ નહીં

005. બરાકપુરના ‘બળવા’ બાબતે નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ?

1. કલકત્તા નજીક બરાકપુરમાં રખાયેલી હિંદી પલટનને માર્ગવિહોણા વિસ્તારમાં થઈ ભોપાલ તરફ કૂચ કરવાનો હુકમ આપવામાં આવ્યો.

2. આ કૂચ કરવા માટે સિપાઈઓએ તેઓને વધુ પગાર અને પ્રવાસ માટે ભથ્થું આપવું જોઈએ તેવી રજૂઆત કરી.

3. અંગ્રેજોએ સિપાઈઓની કૂચ કરવાની અનિચ્છાને લશ્કરી કાયદાના ભંગ તરીકે ગણી આખી હિંદી પલટનને પરેડ પર બોલાવી તેમના પર મશીનગન મારો ચલાવી હત્યાકાંડ સર્જ્યો.

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1 અને 3
(D) 1, 2 અને 3

006. નીચેના પૈકી કયા વર્ષના સનદી ધારા હેઠળ ગવર્નર જનરલનો હોદ્દો “ગવર્નર જનરલ ઓફ બેંગોલ-ઈન-કાઉન્સીલ”થી બદલીને “ગવર્નર જનરલ ઓફ ઈન્ડીયા-ઈન-કાઉન્સીલ” કરવામાં આવ્યો.

(A) 1813
(B) 1823
(C) 1833
(D) 1843

007. 1857 માં ____________ ના જમીનદાર કુંવરસિંહે વિપ્લવમાં મહત્ત્વપૂર્ણ ભાગ ભજવ્યો હતો.

(A) બિહારના જગદીશપુર
(B) પંજાબના અમૃતસર
(C) સિંધના કરાંચી
(D) કાનપુર

M

008. નીચેના પૈકી કોણે 1875 માં 'વર્નાક્યુલર પ્રેસ એક્ટ' ઘડી વર્તમાનપત્રોના સ્વતંત્ર્ય પર કાપ મૂક્યો હતો ?

(A) લૉર્ડ રિપન
(B) લૉર્ડ લિટન
(C) લૉર્ડ લૉરેન્સ
(D) લૉર્ડ એલ્ગિન

009. નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

(A) બ્રિટિશ સંસદે 1876 માં 'ધ રોયલ ટાઈટલ્સ એક્ટ' પસાર કરતાં ઈંગ્લેન્ડની રાણી વિક્ટોરિયાએ 'કૈસરે હિંદ' ખિતાબ ધારણ કર્યો.
(B) ગવર્નર જનરલ લૉર્ડ લિટને કલકત્તા ખાતે ભવ્ય ભારે ખર્ચાળ દરબાર યોજી ભારતમાં અંગ્રેજ સરકારે સાધેલી નવી રાજકીય એકતાનું પ્રદર્શન કર્યું.
(C) (A) અને (B) બંને
(D) (A) અને (B) પૈકી કોઈ નહીં

010. ____________ એ 1825 માં વેદાંતોના એકેશ્વરવાદી સિધ્ધાંતોનું શિક્ષણ આપવા વેદાંત કોલેજ શરૂ કરી.

(A) કેશવચંદ્ર સેન
(B) રાજા રામમોહનરાય
(C) દયાનંદ સરસ્વતી
(D) વિવેકાનંદ

011. 1872 માં પસાર કરવામાં આવેલા "ધ નેટિવ મેરેજ એક્ટ" હેઠળ ____________ વર્ષની નીચેની છોકરીઓના લગ્નની મનાઈ કરવામાં આવી.

(A) 14
(B) 15
(C) 16
(D) 18

012. બ્રિટિશ શાસનમાં રૈયતવારી પ્રથાને ____________ એ સ્થાન આપ્યું.

(A) લૉર્ડ કોર્નવોલિસ
(B) લૉર્ડ બેન્ટિક
(C) સર થોમસ મનરો
(D) લૉર્ડ કુક

013. ભારતમાં રેલ્વે બાંધવા માટે 1844-45 માં નીચેના પૈકી કઈ કંપની / કંપનીઓ રચવામાં આવી હતી ?

(A) ઈસ્ટ ઈન્ડિયા
(B) ગ્રેટ ઈન્ડિયન પેનિનસુલા
(C) (A) અને (B) બંને
(D) (A) અને (B) પૈકી કોઈ નહીં

014. ભારતમાં ઔદ્યોગિક ક્રાંતિની શરૂઆતમાં કાપડ વણાટમાં વરાળ શક્તિનો ઉપયોગ કરનાર નીચેના પૈકી કયું / કયાં આરંભના કેન્દ્ર / કેન્દ્રો હતાં ?

(A) અમદાવાદ
(B) મુંબઈ
(C) (A) અને (B) બંને
(D) (A) અને (B) પૈકી કોઈ નહીં

015. ગુજરાતના સોલંકી વંશના રાજાઓ મૂળ ____________ કુળના હતાં.

(A) ચૌલુક્ય
(B) ચોલ
(C) રાષ્ટ્રકુટ
(D) પ્રતિહાર

016. ચંદ્રગુપ્ત પહેલાં પછી એનો પુત્ર ____________ ગાદીએ આવ્યો.

(A) શ્રીગુપ્ત
(B) ચંદ્રગુપ્ત બીજો
(C) કુમારગુપ્ત
(D) સમુદ્રગુપ્ત

017. પુલકેશી બીજો ______________ વંશનો સહુથી મહાન અને પ્રતાપી રાજા હતો.

(A) પ્રતિહાર (B) પાલ (C) ચાલુક્ય (D) પલ્લવ

018. હરપ્પા નીચેના પૈકી કઈ નદીના કિનારે આવેલું હતું ?

(A) સિંધુ (B) રાવિ (C) ગંગા (D) જેલમ

019. સિંધુ ખીણ સંસ્કૃતિ દ્વારા નીચેના પૈકી કોનો ઉપયોગ કરવામાં આવ્યો ન હતો ?

(A) ચૂનાના પથ્થરો (B) લાલ પથ્થરો

(C) માટી (D) કાંસુ

020. ગાયત્રી મંત્ર નીચેના પૈકી કયા વેદમાં છે ?

(A) સામવેદ (B) ઋગ્વેદ (C) અથર્વવેદ (D) ઉપરોક્ત તમામ

021. ______________ વંશના રાજાઓએ નાલંદા અને વિક્રમશીલા જેવાં મહાન વિશ્વવિદ્યાલયોને રાજ્યાશ્રય આપ્યો.

(A) ચાલુક્ય (B) રાષ્ટ્રકુટ (C) પ્રતિહાર (D) પાલ

022. નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

(A) ગૌતમ બુધ્ધને શાક્યમુનિ પણ કહેવાય છે.

(B) ત્રિપિટકમાં ગૌતમ બુધ્ધ સ્વયંનો ઉલ્લેખ કરવા માટે

(C) (A) અને (B) બંને

(D) (A) અને (B) પૈકી કોઈ નહીં

023. મહાવીર સ્વામી બાબતે નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

(A) તેઓનો જન્મ ક્ષત્રિય પરિવારમાં થયો હતો.

(B) તેઓએ આપેલ બોધપાઠ 'મહાયાન સૂત્ર' તરીકે જાણીતો છે.

(C) (A) અને (B) બંને

(D) (A) અને (B) પૈકી કોઈ નહીં

024. નીચેના પૈકી કયાં રાજ્યોમાં પ્રજામંડળની સ્થાપના થઈ હતી ?

1. વડોદરા 2. લીમડી 3. ભાવનગર

(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 2 અને 3

(C) ફક્ત 1 અને 3 (D) 1, 2 અને 3

025. ______________ એ ગુજરાતીમાં બીબાં બનાવી 1812 માં પહેલું ભારતીય માલિકીનું ગુજરાતી ટાઈપ સાથે છાપખાનું શરૂ કર્યું હતું.

(A) ભીમજી શાહ (B) ફરદુનજી મર્ઝબાન

(C) રણછોડભાઈ શેઠ (D) જમશેદજી ખોજાજી

026. ગુજરાતમાં આઝાદી પૂર્વે ______________ નું એકમાત્ર આકાશવાણી સ્ટેશન હતું.

(A) અમદાવાદ (B) વડોદરા (C) રાજકોટ (D) ભૂજ

027. પક્ષીવિદ્ ધર્મેન્દ્રસિંહજીના ગ્રંથ ''સૌરાષ્ટ્રના પંખીઓ'' માટે સુંદર અને જીવંત જણાતાં પંખીઓનાં અસંખ્ય ચિત્રો ____________ એ તૈયાર કર્યા હતાં.

(A) સોમાભાઈ શાહ
(B) બકોર
(C) કનુ દેસાઈ
(D) રાઘવેન્દ્ર દેસાઈ

028. જોડકાં જોડો.

1. પૃથ્વીવલ્લભ — a. વર્ષા અડાલજા
2. ગંગોત્રી — b. ગોવર્ધનરામ ત્રિપાઠી
3. સ્નેહમુદ્રા — c. ઉમાશંકર જોશી
4. માટીનું ઘર — d. કનૈયાલાલ મુન્શી

(A) 1 - a, 2 - b, 3 - c, 4 - d
(B) 1 - a, 2 - b, 3 - d, 4 - c
(C) 1 - d, 2 - c, 3 - a, 4 - b
(D) 1 - d, 2 - c, 3 - b, 4 - a

029. જોડકાં જોડો.

1. કવિ કાલીદાસ — a. માલવિકાગ્નિ મિત્રમ્
2. શુદ્રક — b. મૃચ્છકટિક
3. વિશાખાદત્ત — c. મુદ્રારાક્ષસ
4. ભારવિ — d. કિરાતાર્જુનીયમ્

(A) 1 - a, 2 - b, 3 - c, 4 - d
(B) 1 - a, 2 - b, 3 - d, 4 - c
(C) 1 - d, 2 - c, 3 - a, 4 - b
(D) 1 - d, 2 - c, 3 - b, 4 - a

030. નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

(A) સલ્તનતકાળ દરમિયાન ઈડરના રાજકવિ શ્રીધર વ્યાસે રચેલ ''રણમલ્લ છંદ''માં રાજા રણમલ્લે પોતાની સ્વતંત્રતા જાળવવા મુસ્લિમો સામે આદરેલા યુધ્ધનું વર્ણન કરેલું છે.

(B) ગંગાધરે રચેલા ''ગંગાદાસ-પ્રતાપ વિલાસ નાટક'' તથા ''માંડલિક મહાકાવ્ય''માં ચાંપાનેર અને જૂનાગઢના રાજ્યોની માહિતી મળે છે.

(C) (A) અને (B) બંને
(D) (A) અને (B) પૈકી કોઈ નહીં

031. ____________ નામના જર્મન મુસાફરે શેઠ શાંતિદાસ ઝવેરીના ચિંતામણિ પાર્શ્વનાથ મંદિરનું વર્ણન પોતાના વૃત્તાંતમાં સુંદર રીતે આલેખ્યું છે.

(A) ગેસ્વર
(B) ડેલાવલે
(C) થોમસ હર્બટ
(D) મેન્ડેલ્સ્લો

032. ____________ ના રાજમહેલમાં ભૂચરમોરીમાં ખેલાયેલ યુધ્ધનું સુંદર ભિત્તિચિત્ર આલેખાયેલું છે.

(A) જામનગર (B) વડોદરા (C) મોરબી (D) વાંકાનેર

033. ગુજરાતના મુસ્લિમ રાજવીઓના સિક્કાઓ ઉપર ____________ હોતી / હોતું નથી.

(A) ખલીફાનું નામ
(B) જીવંત પ્રાણીની આકૃતિ
(C) રાજાનું નામ
(D) રાજાના પિતાનું નામ

M

034. ગુજરાતમાં સલ્તનતકાળ દરમિયાન ______ ધર્મમાં પીરાણ પંથ, મહાદેવી પંથ, દાદુ પંથ વગેરે વિવિધ પંથો અસ્તિત્વમાં આવ્યાં.

(A) ઈસ્લામ (B) શાક્ત (C) શૈવ (D) વૈષ્ણવ

035. "ગેબી નિપજ થઈ પિંડ તણી ત્યારે તું ત્યાં નતો ધણી." – કોની પંક્તિ છે ?

(A) નરસિંહ મહેતા (B) પ્રેમાનંદ
(C) અખો (D) પ્રીતમ

036. બાઈ હરિરની વાવ ______ ખાતે આવેલી છે.

(A) અમદાવાદ (B) માણસા (C) ચાંપાનેર (D) મહેસાણા

037. "બાવન ધ્વજ"ના નામે ઓળખાતું જૈન મંદિર ______ ખાતે આવેલું છે.

(A) પાલીતાણા (જિ. ભાવનગર) (B) હાલાર (જિ. દેવભૂમિ દ્વારકા)
(C) સરોત્રા (જિ. બનાસકાંઠા) (D) ધોળકા (જિ. અમદાવાદ)

038. ______ સંપ્રદાયમાં મહાપ્રભુજીની બેઠક મહત્ત્વનું ધાર્મિક સ્થાન ગણાય છે.

(A) શૈવ (B) વૈષ્ણવ (C) શાક્ત (D) જૈન

039. અંબાજી નજીક આવેલાં કુંભારિયાના જૈન મંદિરો બાબતે નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ?

1. અહીં સૌથી મોટું મંદિર નેમિનાથનું છે.
2. તેનું શિખર તારંગાના જૈન દેવાલયના શિખર જેવું છે.
3. તેના કેટલાક સ્તંભો આબુના વિમલસહીના સ્તંભોને મળતાં આવે છે.

(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 1 અને 3
(C) ફક્ત 2 અને 3 (D) 1, 2 અને 3

040. 1830માં ______ દ્વારા લખાયેલા "તારીખે સોરઠ-વ-હાલાર" નામના પુસ્તકમાં સૌરાષ્ટ્રના સોરઠ અને હાલાર પ્રદેશના તત્કાલીન ઈતિહાસ ક્રમબધ્ધ રીતે આલેખવામાં આવ્યો છે.

(A) દીવાન રણછોડજી અમરજી (B) મુહમ્મદખાન
(C) મુર્તજા કુરેશી (D) મુલ્લા ફિરસોસી

041. ______ નૃત્યો "ચાળો" તરીકે ઓળખાય છે.

(A) ભવાઈ (B) મેરાયો (C) ડાંગી (D) મેર

042. સૌરાષ્ટ્રમાં કામળિયા નામના સાધુની કોમ ______ માટે સુવિખ્યાત છે.

(A) મંજીરાવાદન (B) ભૂંગળવાદન
(C) પખવાજવાદન (D) તબલાવાદન

043. આણંદ-પરમાણંદ સુવિખ્યાત ______ હતાં.

(A) પહેલવાનો (B) ચારણ કવિઓ
(C) સિધ્ધરાજ જયસિંહના શિલ્પીઓ (D) અડાલજની વાવના કારીગરો

044. માણેકકોઠારી પૂનમનો મેળો ____________ ખાતે યોજાય છે.

(A) ભરૂચ (B) ડાકોર (C) દ્વારકા (D) પાલીતાણા

045. ____________ સમુદાયમાં મુખ્યત્વે નાનાભાઈ અને મોટાભાઈ એમ બે મુખ્ય વર્ગો છે.

(A) રબારી (B) ભરવાડ (C) કાઠી દરબાર (D) ગારૂડી

046. પોતાની સર્વતોમુખી પ્રતિભાને કારણે ____________ 'કલિકાલસર્વજ્ઞ'નું બિરૂદ પામેલાં.

(A) આર્યભટ્ટ (B) કાલિદાસ (C) રામાનૂજ (D) હેમચંદ્રાચાર્ય

047. ગુજરાતમાં ચૌલુક્ય શૈલીનાં મંદિરો તલદર્શનમાં નીચેના પૈકી કયા મુખ્ય અંગો ધરાવે છે ?

1. ગર્ભગૃહ 2. અંતરાલ 3. મંડપ

(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 1 અને 3

(C) ફક્ત 2 અને 3 (D) 1, 2 અને 3

048. ________ નું વચન, ''જાતિ પાંતિ પૂછે નહીં કોઈ, હરિકો ભજે સો હરિકા હોઈ'', ભક્તિ આંદોલનનું સૂત્ર બની ગયું હતું.

(A) મીરાબાઈ (B) સ્વામી રામાનંદ

(C) દયારામ (D) શામળ

049. ''મારે શ્યામરંગ સમીપે ન જાવું'' – કોની પંક્તિઓ છે ?

(A) નરસિંહ મહેતા (B) મીરાબાઈ

(C) દયારામ (D) શામળ

050. રાજસ્થાની અને પહાડી શૈલીઓ કઈ કલાની શૈલીઓ છે ?

(A) સંગીત (B) નૃત્ય (C) ચિત્રકલા (D) યુધ્ધ

051. સ્વાતંત્ર્ય પૂર્વેના ભારતીય અર્થતંત્ર બાબતે નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ?

1. આસામમાં ચાનું વાવેતર 1823થી શરૂ થયું હતું.

2. 1850 બાદ ખેડૂતોને અનાજને બદલે રોકડીયા પાક પકવવા માટે પ્રોત્સાહન મળ્યું.

3. 1870માં બંગાળમાં કાગળની પ્રથમ મિલ સ્થપાઈ.

(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 1 અને 3

(C) ફક્ત 2 અને 3 (D) 1, 2 અને 3

052. નીચેના પૈકી કઈ પંચવર્ષીય યોજનામાં એલન માને અને અશોક રૂદ્ર મોડલનું અનુસરણ કરવામાં આવ્યું હતું ?

(A) ત્રીજી પંચવર્ષીય યોજના (B) ચોથી પંચવર્ષીય યોજના

(C) પાંચમી પંચવર્ષીય યોજના (D) સાતમી પંચવર્ષીય યોજના

053. આયોજન પંચના સ્થાને ભારત સરકારના ______ એક ઠરાવ સ્વરૂપે જાહેરનામું બહાર પાડી NITI આયોગની રચના કરી.

(A) પ્રધાનમંડળના સચિવાલયે (B) વાણિજ્ય મંત્રાલયે

(C) નાણા મંત્રાલયે (D) વડાપ્રધાન કાર્યાલયે

054. ગુજરાત માટે "ઈન્ટીગ્રેટેડ લોજીસ્ટીક પોલીસી" – બાબતે નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ?

1. રાજ્ય માટે ઈન્ટીગ્રેટેડ લોજીસ્ટીક પોલીસી તૈયાર કરવા 20 વર્ષનો એક્શન પ્લાન તૈયાર કરવો.
2. રાજ્યમાં લોજીસ્ટીક પરફોર્મન્સ ઈન્ડેક્ષ નિર્ધારીત કરવો.
3. કાયદાકીય અને સંસ્થાકીય ઓથોરીટીની રચના પોલીસીની અમલવારી તેમજ બીઝનેસ પ્લાન તૈયાર કરવાના ઉદ્દેશથી કરવી.

(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 1 અને 3
(C) ફક્ત 2 અને 3 (D) 1, 2 અને 3

055. કસ્તુરબા પોષણ સહાય યોજના (KPSY) બાબતે નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

(A) આ યોજના હેઠળ ગરીબી રેખા હેઠળની માતાને સગર્ભાવસ્થાના સમયગાળા દરમ્યાન પર્યાપ્ત પોષણ અને આરામ માટે રૂા. 12,000 ની રોકડ સહાય આપવામાં આવે છે.
(B) સહાય ત્રણ હપ્તાઓમાં આપવામાં આવે છે.
(C) (A) અને (B) બંને
(D) (A) અને (B) પૈકી કોઈ નહીં

056. કેબીનેટ સબ કમિટીના ભલામણોને આધારે નીચેના પૈકી કઈ બાબતોનો સમાવેશ કરીને 'આપણો તાલુકો વાઈબ્રન્ટ તાલુકો' કાર્યક્રમનો વ્યાપ વધારવામાં આવ્યો છે ?

1. ગામના જાહેર રસ્તાઓ ઉપર એલ.ઈ.ડી. લાઈટના કામો.
2. જાહેર રસ્તા અને જાહેર સ્થળોએ પેવર બ્લોકના કામો.
3. ગ્રાન્ટ-ઈન-એઈડ પ્રાથમિક શાળાઓમાં ટેલીવીઝન પૂરાં પાડવા.

(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 1 અને 3
(C) ફક્ત 2 અને 3 (D) 1, 2 અને 3

057. એસ્પીરેશન ડીસ્ટ્રીક્ટ્સ પ્રોગ્રામ હેઠળ ગુજરાતમાં નીચેના પૈકી કયા જીલ્લાઓનો એસ્પીરેશન જીલ્લા તરીકે સમાવેશ થયો છે ?

1. બનાસકાંઠા 2. નર્મદા 3. દાહોદ

(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 1 અને 3
(C) ફક્ત 2 અને 3 (D) 1, 2 અને 3

058. જથ્થાબંધ ભાવ સૂચકાંક (WPI)નું પાયાનું વર્ષ 2004-05 બદલીને ____________ કરવામાં આવ્યું છે.

(A) 2011-12 (B) 2015-16
(C) 2017-18 (D) 2018-19

059. 1990 માં સુધારાઓના અમલીકરણની તુરત જ પહેલાં ભારતે કેટલીક તીવ્ર સમસ્યાઓનો સામનો કરવો પડ્યો હતો. નીચેના પૈકી કઈ સમસ્યા ગંભીર અને અનિયંત્રણીય હતી ?

(A) ઔદ્યોગિક પછાતપણું (B) ચુકવણાંની સમતુલાનું સંકટ
(C) કૃષિનું પછાતપણું (D) અનાજની અછત

060. બ્રેન્ટ સૂચિ ____________ સાથે સંબંધિત છે.

(A) ક્રૂડ તેલની કિંમતો

(B) તાંબાના વાયદાનો ભાવ (ફ્યુચર પ્રાઈસ)

(C) સોનાના વાયદાનો ભાવ (ફ્યુચર પ્રાઈસ)

(D) શીપીંગ રેટ ઈન્ડેક્ષ

061. નીચેના પૈકી કયું એક્સપોર્ટ પ્રમોશન કેપીટલ ગુડ્ઝ યોજનાનો ઉદ્દેશ્ય નથી ?

(A) નિકાસને વધારવા માટે મૂડીગત માલની આયાતને પ્રોત્સાહન આપવું.

(B) ભારતમાંથી નિકાસને પ્રોત્સાહન આપવું.

(C) ઉત્પાદકો પાસેથી સીમા શુલ્ક ઓછું લેવું.

(D) ઉત્પાદન ક્ષેત્રમાં ઉચ્ચ ટેકનોલોજીવાળા મૂડીગત સાધનસરંજામ દાખલ કરવા.

062. કેન્દ્ર સરકારના અંદાજપત્રના ચાલુ ખાતામાં ખર્ચની સૌથી મોટી બાબત ____________ હોય છે.

(A) સંરક્ષણ ખર્ચ

(B) સબસીડી

(C) વ્યાજની ચૂકવણી

(D) સામાજીક સેવાઓનો ખર્ચ

063. નીચેના પૈકી કયા રાજકોષીય ખાધ (Fiscal deficit) ના ઘટકો છે ?

1. અંદાજપત્રીય ખાધ

2. બજારમાંથી લીધેલું ઋણ

3. પ્રધાનમંત્રી રાહત કોષમાંથી કરેલ ખર્ચ

(A) ફક્ત 1 અને 2

(B) ફક્ત 1 અને 3

(C) ફક્ત 2 અને 3

(D) 1, 2 અને 3

064. વિજય કેલકર સમિતિનો અહેવાલ ____________ ને લગતો છે.

(A) વેપાર સુધારાઓ

(B) કેન્દ્ર-રાજ્ય સરકારો વચ્ચેના નાણાકીય સંબંધો

(C) જાહેર ક્ષેત્રના એકમોમાં વિનિવેશ

(D) કર સુધારાઓ

065. નીચેના પૈકી કોનો મૂડી-આવક (Capital Receipts)માં સમાવેશ થાય છે ?

1. દેશના બજારમાંથી મેળવેલી લોન

2. વિદેશમાંથી મેળવેલી લોન

3. રાજ્ય સરકારોને આપેલી લોનની આવેલી વસુલાત

(A) ફક્ત 1 અને 2

(B) ફક્ત 1 અને 3

(C) ફક્ત 2 અને 3

(D) 1, 2 અને 3

066. નીચેના પૈકી કઈ બાબત રઘુરામ રાજન સમિતિનો વિષય હતી ?

(A) સરકારી ખર્ચમાં કરકસર

(B) નાણાકીય ક્ષેત્ર સુધારણા

(C) નિકાસ-આયાત સમતુલા

(D) વધતા જતા ભાવો

067. રાજકોષીય ખાધ (Fiscal deficit)માંથી વ્યાજની જવાબદારીઓ બાદ કર્યા પછી બાકી રહેતી ખાધને _______ કહે છે.

(A) મહેસૂલી ખાધ
(B) મૂડી ખાધ
(C) અંદાજપત્રીય ખાધ
(D) પ્રાથમિક ખાધ

068. મૂલ્યવર્ધીત કર (VAT) સૌ પ્રથમ .......... માં દાખલ કરવામાં આવ્યું.

(A) ભારત
(B) બ્રિટન
(C) યુ.એસ.એ.
(D) ફ્રાન્સ

069. સંરક્ષણ, વ્યાજની ચૂકવણી, કાયદો અને વ્યવસ્થાની જાળવણી અને જાહેર વહીવટ લગત ખર્ચને ________ ખર્ચ તરીકે ગણવામાં આવે છે.

(A) ઉત્પાદક
(B) બિન-ઉત્પાદક
(C) વિકાસ લગત
(D) પ્રગતિશીલ

070. એક વર્ષ કે તેથી ઓછા સમયની પરિપક્વતા (maturity) ધરાવતા સરકારના દેવાની જવાબદારીઓને ________ કહે છે.

(A) કોમર્શીયલ પેપર્સ
(B) કોમર્શીયલ ડીપોઝીટ
(C) તીજોરી બીલ
(D) ડીપોઝીટનું પ્રમાણપત્ર

071. નીચેના પૈકી કયો કર આયાત ઉપર લાગશે ?

(A) CGST
(B) SGST
(C) IGST
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

072. GST હેઠળ SAC કોડ એટલે _____________

(A) Services Accounting Code
(B) Software Accounting Code
(C) System Accounting Code
(D) Service Application Code

073. રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયા ઉપર પ્રતિબંધો બાબતે નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ?

1. તે વાણીજ્ય બેંકો સાથે હરીફાઈ કરી શકશે નહીં.
2. તે થાપણો ઉપર વ્યાજ ચૂકવશે નહીં.
3. તે સીધી અથવા આડકતરી રીતે વેપાર કરી શકશે નહીં.

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 1 અને 3
(C) ફક્ત 2 અને 3
(D) 1, 2 અને 3

074. ઈરડા (IRDA) નિયમનો હેઠળ રીન્યુઅલ (Renewal) માટે પોલીસી સમાપ્ત થયાની તારીખ બાદ કેટલો સમય "ગ્રેસ પીરીયડ" તરીકે આપવામાં આવે છે ?

(A) 10
(B) 30
(C) 45
(D) 15

075. સહકારી બેંકોમાં નોન રેસીડન્ટ એક્સટર્નલ ડીપોઝીટ (NRE) ખાતામાં મૂકેલી થાપણો બાબતે નીચેના પૈકી કયું વિધાન સાચું છે ?

(A) NRE થાપણો ઉપર મળતાં વ્યાજનો દર સ્થાનિક થાપણો ઉપર મળતાં વ્યાજ (સ્થાનિક રૂપીયાના ચલણની સરખામણીમાં) કરતાં વધુ હોઈ શકે.
(B) NRE થાપણો ઉપર મળતાં વ્યાજનો દર સ્થાનિક થાપણો ઉપર મળતાં વ્યાજ (સ્થાનિક રૂપીયાના ચલણની સરખામણીમાં) કરતાં વધુ ન હોવો જોઈએ.
(C) NRE બચત થાપણો ઉપર સહકારી બેંક, સીધી કે આડકતરી રીતે, પૂર્વાધિકાર - લિયન (lien) મુકવાની સત્તા ધરાવે છે.
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં.

076. નીચેના પૈકી કયા બે ગ્રહો સિવાય બાકીના ગ્રહો પશ્ચિમથી પૂર્વ દિશામાં પરિભ્રમણ કરે છે ?

(A) શુક્ર અને યુરેનસ
(B) ગુરૂ અને શનિ
(C) મંગળ અને પૃથ્વી
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

077. સ્ફોટક તારાનો સિધ્ધાંત (The Nova star theory) _____________ એ રજૂ કર્યો.

(A) લાપ્લાસ
(B) પ્રો. હોયેલ
(C) કાન્ટ
(D) પ્રો. રસેલ

078. ભૂકંપના મોજાંઓ બાબતે નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ?

1. પ્રાથમિક અથવા લંબાત્મક મોજાઓ (P-waves) ટૂંકી તરંગલંબાઈનાં અને ઉચ્ચાવૃત્તિવાળાં મોજાંઓ છે.
2. ગૌણ અથવા આડા મોજાંઓ (S-waves) પ્રવાહી માધ્યમમાંથી પસાર થઈ શકતાં નથી.
3. સપાટીના મોજાંઓ (L-waves) ટૂંકી તરંગલંબાઈનાં અને ઉચ્ચાવૃત્તિવાળાં મોજાંઓ છે.

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 1 અને 3
(C) ફક્ત 2 અને 3
(D) 1, 2 અને 3

079. ભૂગર્ભના કેન્દ્રના ભાગ નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

(A) સિમા (sima) ના સ્તરની નીચે ભૂગર્ભનો કેન્દ્ર ભાગ આવેલો છે.
(B) તેમાં મુખ્યત્વે નિકલ અને ફેરિયમ જેવા નક્કર ધાતુમય દ્રવ્યો આવેલાં છે.
(C) (A) અને (B) બંને
(D) (A) અને (B) પૈકી કોઈ નહીં

080. ગ્રેનાઈટ _____________ નું જાણીતું ઉદાહરણ છે.

(A) મધ્યસ્થ આંતરિક અગ્નિકૃત ખડકો
(B) વિસ્ફોટિત પ્રકારના લાવાયિક ખડકો
(C) શાંત પ્રકારના લાવાયિક ખડકો
(D) પાતાળિય અગ્નિકૃત ખડકો

081. ગુજરાતના નીચેના પૈકી કયા પ્રદેશો ખાડીરૂપ સમુદ્રભાગ જ હતાં કે જે પાછળથી ભૂ-સંચાલન ક્રિયાથી ઊંચકાયા અને કાળક્રમે નદીઓના પૂરાણના કારણે જમીન સ્વરૂપે અસ્તિત્વમાં આવ્યાં છે ?

(A) ભાલ - નળ કાંઠાના પ્રદેશ
(B) કચ્છના અખાત અને ખંભાતના અખાતથી જોડાયેલો પ્રદેશ
(C) (A) અને (B) બંને
(D) (A) અને (B) પૈકી કોઈ નહીં

082. ભારતના નીચેના પૈકી કયાં પર્વતો સ્તરભંગ ક્રિયાથી જ રચાયેલા છે ?

1. નીલગિરિ  2. સાતપુડા  3. અરવલ્લી

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 1 અને 3
(C) ફક્ત 2 અને 3
(D) 1, 2 અને 3

083. નીચેના પૈકી કયા આવરણને “ઓઝોન આવરણ” તરીકે ઓળખવામાં આવે છે ?

(A) ક્ષોભ આવરણ
(B) સમતાપ આવરણ
(C) મધ્યાવરણ
(D) ઉષ્માવરણ

084. સૂર્યાઘાત (insolation) બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?
   1. આશરે 40% જેટલો સૂર્યાઘાત વાતાવરણ સીધો જ શોષી લે છે.
   2. જ્યાં દિવસની લંબાઈ વધુ ત્યાં વધુ પ્રમાણમાં સૂર્યાઘાત મળે છે.
   3. સવારે અને સાંજે બપોરની સરખામણીમાં ઓછો સૂર્યાઘાત મળે છે.

   (A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 1 અને 3
   (C) ફક્ત 2 અને 3 (D) 1, 2 અને 3

085. ચક્રવાતો બાબતે નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ?
   1. ઉષ્ણ કટિબંધના તોફાની ચક્રવાતો હરિકેન કે ટાઈફૂન તરીકે ઓળખાય છે.
   2. મેક્સિકોના એટલાંટિક કિનારા પાસે નિર્માણ થતાં ચક્રવાત હરિકેન તરીકે ઓળખાય છે.
   3. ભારતના વાયવ્ય કિનારા પાસે ઉદ્‌ભવતા ચક્રવાતો “વિલી-વિલી” તરીકે પણ ઓળખાય છે.

   (A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 1 અને 3
   (C) ફક્ત 2 અને 3 (D) 1, 2 અને 3

086. સમવર્ષા રેખા અન્વયે વરસાદના વિતરણ બાબતે નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?
   (A) પૃથ્વીના બંને ગોળાર્ધોમાં 35 થી 40 અક્ષાંશવૃત્તો વચ્ચેના પ્રદેશોમાં અને પૂર્વે કિનારે વધુ વરસાદ થાય છે જ્યારે પશ્ચિમ કિનારે ઓછો વરસાદ પડે છે.
   (B) ભૂમિખંડોના અંદરના ભાગો કરતા સમુદ્રકિનારાના પ્રદેશોમાં ઓછો વરસાદ પડે છે.
   (C) (A) અને (B) બંને
   (D) (A) અને (B) પૈકી કોઈ નહીં

087. પરવાળાની રચનાઓ બાબતે નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?
   (A) સામાન્ય રીતે 31° થી 30° સે. થી ઓછા તાપમાનવાળા સમુદ્રજળમાં પરવાળાના પ્રાણીઓ જીવી શકતાં નથી.
   (B) તે 45 થી 55 મીટરથી વધારે ઊંડા પાણીમાં પણ જીવી શકતાં નથી.
   (C) (A) અને (B) બંને
   (D) (A) અને (B) પૈકી કોઈ નહીં

088. માળવાના ઉચ્ચપ્રદેશ બાબતે નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?
   (A) આ ઉચ્ચપ્રદેશ ગંગા અને બ્રહ્મપુત્રા નદીઓ તથા હિમાલય પર્વતની ઉત્તર પશ્ચિમમાં ત્રિભુજાકારે વ્યાપ્ત છે.
   (B) ચંબલની ખીણ આ પ્રદેશમાં આવેલી છે.
   (C) (A) અને (B) બંને
   (D) (A) અને (B) પૈકી કોઈ નહીં

089. સંરચનાત્મક દૃષ્ટિએ _______ ને ત્રણ વિભાગોમાં વિભાજીત કરી શકાય, – રાજપીપળાં - ટેકરીઓ, મહાદેવ ટેકરીઓ તથા અમરકંટક શિખર.

   (A) વિંધ્ય શ્રેણી (B) સહ્યાદ્રિ શ્રેણી
   (C) સાતપુડા શ્રેણી (D) અરવલ્લી શ્રેણી

090. ચિલ્કા સરોવર ભારતના ____________ માં આવેલ છે.

(A) પશ્ચિમ તટીય મેદાન
(B) પૂર્વ તટવર્તી મેદાન
(C) છોટા નાગપુરનો ઉચ્ચપ્રદેશ
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

091. ____________ નદીને ચંદ્રભાગાના નામથી પણ ઓળખવામાં આવે છે.

(A) ગંગા
(B) બ્રહ્મપુત્રા
(C) રાવી
(D) ચિનાબ

092. જોડકાં જોડો.

| સરોવરનું નામ | રાજ્ય |
|---|---|
| 1. સૂરજકુંડ | a. રાજસ્થાન |
| 2. સાંભર | b. આંધ્રપ્રદેશ |
| 3. કોલેરુ | c. હરિયાણા |
| 4. લોનાર | d. મહારાષ્ટ્ર |

(A) 1 - c, 2 - a, 3 - b, 4 - d
(B) 1 - c, 2 - a, 3 - d, 4 - b
(C) 1 - a, 2 - c, 3 - b, 4 - d
(D) 1 - a, 2 - c, 3 - d, 4 - b

093. કાળી જમીન બાબતે નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

(A) કાળી જમીનમાં વધુ જળ ધારણ ક્ષમતા જોવા મળે છે. તે ભીની થતાં નક્કર અને પોચી થઈ જાય છે.
(B) તેને સ્વખેડાણવાળી જમીન પણ કહેવામાં આવે છે.
(C) (A) અને (B) બંને
(D) (A) અને (B) પૈકી કોઈ નહીં

094. ઘઉંના ઉત્પાદન માટેના સંજોગો બાબતે નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

(A) ઘઉંને ઉગાડતી વખતે 10° સે. તથા પાકતી વખતે 15° થી 20° સે. તાપમાનની જરૂરિયાત રહે છે.
(B) 100 સે.મી. થી વધુ વાર્ષિક વરસાદવાળા વિસ્તારોમાં ઘઉંની ખેતી કરવામાં આવતી નથી.
(C) (A) અને (B) બંને
(D) (A) અને (B) પૈકી કોઈ નહીં

095. મેગ્નેટાઈટ ____________ નો પ્રકાર છે.

(A) મેગ્નેશિયમના અયસ્ક
(B) મેંગેનીઝના અયસ્ક
(C) લોહ અયસ્ક
(D) ક્રોમાઈટ અયસ્ક

096. ગુજરાતના ____________ વિસ્તારમાં ફ્લોરસ્પારના મોટા જથ્થા રહેલાં છે.

(A) છોટાઉદેપુર
(B) બનાસકાંઠા
(C) સાબરકાંઠા
(D) કચ્છ

097. ____________ નો સૂકો પ્રદેશ ઈસબગુલના વાવેતરનો અગત્યનો વિસ્તાર છે.

(A) કચ્છ
(B) સુરેન્દ્રનગર
(C) ઉત્તર ગુજરાત
(D) ડાંગ

098. વસતિ ગણત્રી 2011 મુજબ ____________ જિલ્લો જાતિપ્રમાણમાં ગુજરાતમાં પ્રથમ ક્રમે છે.

(A) તાપી
(B) ડાંગ
(C) દાહોદ
(D) અમદાવાદ

099. નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

(A) વસતિ ગણત્રી 2011 મુજબ છેલ્લાં દશકામાં ગુજરાતમાં સાક્ષરતા દરમાં 8.9 અંકનો વધારો થયો છે.
(B) સાક્ષરતાદરમાં ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તારમાં અનુક્રમે 10.4 અને 4.5 અંકોનો વધારો થયો છે.
(C) (A) અને (B) બંને
(D) (A) અને (B) પૈકી કોઈ નહીં

100. વસતિ ગણત્રી 2011 મુજબ ગુજરાતમાં સૌથી ઓછી વસતિ ગીચતા ____________ જિલ્લામાં મળેલ છે.

(A) ડાંગ
(B) કચ્છ
(C) સુરેન્દ્રનગર
(D) દાહોદ

101. હિંદ સરકારનો ધારો, 1935 બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

1. આ ધારાએ પ્રાંતોમાં દ્વિમુખી રાજ્યપધ્ધતિ નાબુદ કરી અને પ્રાંતીય સ્વાયત્તતા દાખલ કરી.
2. આ ધારાએ રાજ્યપાલને પ્રાંતીય ધારાસભાને જવાબદાર મંત્રીઓની સલાહ અનુસાર કાર્ય કરવાનું પણ ઠેરવ્યું.
3. આ ધારાએ તમામ અગીયાર પ્રાંતોમાં દ્વિગૃહી પ્રથા દાખલ કરી.
4. અનુસૂચિત જાતિ, સ્ત્રીઓ અને કામદાર માટે અલગ મતદારમંડળો પૂરા પાડી તેણે કોમી પ્રતિનિધિત્વનો સિધ્ધાંત વિસ્તૃત કર્યો.

(A) 1, 2, 3 અને 4
(B) ફક્ત 1, 2 અને 4
(C) ફક્ત 1 અને 2
(D) ફક્ત 3 અને 4

102. નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

(A) અનુચ્છેદ 19 હેઠળ મુક્તપણે ફરવાનો અને નિવાસ કરવાનો હક્ક કોઈપણ અનુસૂચિત જાતિના હિતોના રક્ષણને આધીન હોય છે.
(B) જે સગીર તેના વંશને લીધે ભારતનો નાગરીક હોય અને તે અન્ય કોઈ દેશનો પણ નાગરીક હોય તો તે એ નાગરીકતાનો ત્યાગ ન કરે તો તે ભારતનો નાગરીક હોવાનું બંધ થશે.
(C) (A) અને (B) બંને
(D) (A) અને (B) પૈકી કોઈ નહીં

103. નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

1. અનુચ્છેદ 14 વર્ગ માટે કાયદાના પ્રાવધાનનો નિષેધ કરે છે, તે કાયદા દ્વારા વ્યક્તિઓ, વસ્તુઓ અને વ્યવહારોનું વાજબી વર્ગીકરણને પરવાનગી આપે છે.
2. અનુચ્છેદ 39 ને તે અનુચ્છેદ 14 નો ભંગ કરે છે તે આધારે પડકારી શકાય નહીં.
3. સર્વોચ્ચ અદાલતે પ્રસ્થાપીત કર્યું કે જ્યાં અનુચ્છેદ 13-C આવે છે ત્યાં અનુચ્છેદ 14 ખૂબ જ અસરકારક હશે.

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1 અને 3
(D) 1, 2 અને 3

104. સર્વોચ્ચ અદાલતે પ્રસ્થાપીત કર્યું કે ધાર્મીક સંપ્રદાયે ત્રણ શરતો સંતોષવી પડશે. નીચેના પૈકી કઈ તે શરતો છે ?

1. તે વ્યક્તિઓનો એવો સમૂહ હોવો જોઈએ કે જે તેઓની આધ્યાત્મિક સુખાકારી માટે અનકૂળ હોય તેવી માન્યતાઓનું તંત્ર ધરાવતું હોય.
2. તે વિશિષ્ટ નામે નિયુક્ત થયેલું હોવું જોઈએ.
3. તે સર્વગત સંગઠન ધરાવતું હોવું જોઈએ.

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 1 અને 3
(C) ફક્ત 2 અને 3
(D) 1, 2 અને 3

105. રાષ્ટ્રીય કટોકટી બાબતે નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

1. કટોકટીની ઘોષણા તેની તારીખથી એક મહીનાની અંદર સંસદના બંને ગૃહો દ્વારા મંજૂર થયેલી હોવી જોઈએ.
2. કટોકટી છ મહીના માટે ચાલુ રહે છે અને સંસદની મંજૂરી સાથે દર એક વર્ષ માટે અનિશ્ચિત મુદત માટે લંબાવી શકાય છે.
3. કટોકટીની ઘોષણાને અથવા તેના ચાલુ રહેવાની મંજૂરી આપતો દરેક ઠરાવ સંસદના કોઈપણ ગૃહ દ્વારા સાદી બહુમતથી પસાર થયેલો હોવો જોઈએ.

(A) 1, 2 અને 3
(B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1 અને 2
(D) ફક્ત 1

106. નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ?

1. નાણા વિધેયકોના કિસ્સામાં રાષ્ટ્રપતિ સ્થગીત કરવાનો નિષેધાધિકાર ધરાવતાં નથી.
2. રાષ્ટ્રપતિ નાણા વિધેયકને પોતાની અનુમતિ આપી શકે છે અથવા રોકી રાખી શકે છે.
3. બંધારણીય સુધારા વિધેયકમાં રાષ્ટ્રપતિ પાસે નિષેધાધિકાર (veto) સત્તા નથી.
4. નાણા વિધેયક સામે રાષ્ટ્રપતિ ફક્ત "પોકેટ વીટો" (pocket veto) સત્તા વાપરી શકે છે કારણ કે લોકસભામાં તે તેઓની પૂર્વ અનુમતિથી રજૂ કરવામાં આવે છે, તેથી તેઓ સંપૂર્ણ નિષેધાધિકાર (absolute veto)નો ઉપયોગ કરી શકતાં નથી.

(A) ફક્ત 1, 2 અને 3
(B) ફક્ત 2, 3 અને 4
(C) ફક્ત 1, 2 અને 4
(D) 1, 2, 3 અને 4

107. ભારત સરકારના વટહુકમ બાબતે નીચેના પૈકી કયું / કયા વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

1. જો સંસદ વટહુકમ ઉપર કોઈ જ કાર્યવાહી હાથ ના ધરે તો તે સંસદના ફરીથી મળવાના એક મહીનો સમાપ્ત થયેથી કાર્યાન્વિત થતો બંધ થાય છે.
2. જો સંસદના બંને ગૃહો તેને નામંજૂર કરે તો વટહુકમ નિયત સમયમર્યાદા કરતાં પહેલા પણ કાર્યાન્વિત થતો બંધ થાય છે.
3. રાષ્ટ્રપતિ પાસે વટહુકમને તેની સમાપ્તિ પહેલાં પાછુ ખેંચી લેવાનો અધિકાર નથી.

(A) 1, 2 અને 3
(B) ફક્ત 2
(C) ફક્ત 2 અને 3
(D) ફક્ત 1 અને 2

108. ભારતના ઉપરાષ્ટ્રપતિ બાબતે નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ?

1. તેઓ રાષ્ટ્રપતિ તરીકે વધુમાં વધુ છ મહીનાના સમયગાળા માટે કાર્ય કરી શકે છે.

2. રાષ્ટ્રપતિ તરીકે કાર્ય કરતા દરમિયાન ઉપરાષ્ટ્રપતિ રાજ્યસભાના અધ્યક્ષના પદની ફરજો બજાવતાં નથી.

3. બંધારણે ભારતના ઉપરાષ્ટ્રપતિ માટેના ભથ્થા નિશ્ચિત કર્યા નથી.

(A) 1, 2 અને 3
(B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1 અને 3
(D) ફક્ત 1 અને 2

109. નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

1. 42મા અને 44મા બંધારણીય સુધારા અધિનિયમે મંત્રીમંડળ દ્વારા સહાય અને સલાહ રાષ્ટ્રપતિ માટે બંધનકર્તા બનાવી દીધી છે.

2. એક વખત સર્વોચ્ચ અદાલતે પ્રસ્થાપીત કર્યું હતું કે લોકસભાના વિસર્જન થયા પછી પણ મંત્રીમંડળનો હોદ્દો (office) પૂર્ણ થતો નથી.

3. અનુચ્છેદ 74 વૈકલ્પીક છે, તેથી રાષ્ટ્રપતિ મંત્રીમંડળની સહાય અને સલાહ વગર કારોબારી સત્તાઓ વાપરી શકે છે.

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1 અને 3
(D) 1, 2 અને 3

110. સંસદની સંરચના બાબતે નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ?

1. હાલ રાજ્યસભા રાજ્યોનું પ્રતિનિધીત્વ કરતાં 229 સભ્યો, 4 સભ્યો કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી અને 12 નિયુક્ત સભ્યો ધરાવે છે.

2. લોકસભાની મહત્તમ સભ્ય સંખ્યા 550 નિશ્ચિત થયેલી છે.

3. હાલ લોકસભા રાજ્યોનું પ્રતિનિધિત્વ કરતાં 530 સભ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોનું પ્રતિનિધિત્વ કરતાં 13 સભ્યો ધરાવે છે.

(A) 1, 2 અને 3
(B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1 અને 3
(D) ફક્ત 1 અને 2

111. સંસદ દ્વારા લોકપ્રતિનિધિત્વ અધિનિયમ (1951) માં મૂકવામાં આવેલી વધારાની ગેરલાયકાતો બાબતે નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

1. સંસદ સભ્ય ગેરલાયક ઠરશે જો તેઓ સરકારી સેવાઓમાંથી ભ્રષ્ટાચાર અથવા રાજ્ય તરફે કૃતઘ્નતા માટે બરતરફ કરાયા હોય.

2. જો સંસદસભ્ય સામાજીક ગુનાઓના ઉપદેશ અને આચરણ માટે સજા પામ્યા હોય.

3. જો વ્યક્તિની નિવારક અટકાયત કાયદા હેઠળ અટકાયત કરવામાં આવી હોય.

(A) 1, 2 અને 3
(B) ફક્ત 1 અને 2
(C) ફક્ત 1
(D) ફક્ત 2 અને 3

112. રાજ્યસભાના ઉપાધ્યક્ષ બાબતે નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ?

1. જો ઉપરાષ્ટ્રપતિ ગૃહની અધ્યક્ષતા કરી રહ્યા હોય તો ઉપાધ્યક્ષ અન્ય સામાન્ય સભ્યની જેમ રહેશે.

2. તેઓ ગૃહની કાર્યવાહીમાં ભાગ લઈ શકશે.

3. પરંતુ તેઓ ગૃહ સમક્ષના કોઈ પ્રશ્ન ઉપર મત આપી શકશે નહીં.

(A) 1, 2 અને 3
(B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1 અને 2
(D) ફક્ત 1 અને 3

113. સંસદમાં પ્રસ્તાવો બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

1. ખાનગી સભ્ય પ્રસ્તાવ (Private Member Resolution) – તે ફક્ત બપોરની બેઠકમાં એકાંતર (alternative) શુક્રવારે ચર્ચા કરવામાં આવે છે.
2. સરકારી પ્રસ્તાવ – તે સોમવારથી ગુરૂવાર સુધીમાં કોઈપણ દિવસે હાથ ઉપર લઈ શકાય છે.
3. વૈધાનિક પ્રસ્તાવ – તે ફક્ત મંત્રીઓ દ્વારા જ રજૂ કરી શકાય છે.
4. વૈધાનિક પ્રસ્તાવ – તે હંમેશા બંધારણની જોગવાઈઓ અથવા સંસદના કાયદા અનુસાર મેજ ઉપર મૂકવામાં આવે છે.

(A) 1, 2, 3 અને 4 (B) ફક્ત 1, 2 અને 3
(C) ફક્ત 1 અને 4 (D) ફક્ત 1, 2 અને 4

114. નીચેના પૈકી કયું / કયા વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

1. ખાનગી સભ્યો (private members) પણ સંસદમાં નાણા વિધેયક રજૂ કરી શકે છે.
2. રાજ્યસભા દ્વારા સાદુ વિધેયક વધુમાં વધુ છ મહીનાના સમયગાળા સુધી રોકી શકાય છે.
3. જો લોકસભા રાજ્યસભા દ્વારા નાણા વિધેયકમાં કરવામાં આવેલી ભલામણો સ્વીકારે તો તે વિધેયક લોકસભામાં ફરીથી પસાર કરવું પડે છે.

(A) 1, 2 અને 3 (B) ફક્ત 2
(C) ફક્ત 2 અને 3 (D) ફક્ત 1 અને 2

115. સંસદમાં અંદાજપત્રના પસાર થવાના છ તબક્કાઓનો નીચેના પૈકી કયો ક્રમ સાચો છે ?

(A) અંદાજપત્રની રજૂઆત > સામાન્ય ચર્ચા > વિભાગીય સમિતિઓ દ્વારા ચકાસણી > અનુદાનની માંગણી ઉપર મતદાન > વિનિયોગ વિધેયકનું પસાર થવું > નાણાં વિધેયકનું પસાર થવું.

(B) અંદાજપત્રની રજૂઆત > સામાન્ય ચર્ચા > વિભાગીય સમિતિઓ દ્વારા ચકાસણી > અનુદાનની માંગણી ઉપર મતદાન > નાણા વિધેયકનું પસાર થવું > વિનિયોગ વિધેયકનું પસાર થવું.

(C) અંદાજપત્રની રજૂઆત > વિભાગીય સમિતિઓ દ્વારા ચકાસણી > સામાન્ય ચર્ચા > અનુદાનની માંગણી ઉપર મતદાન > વિનિયોગ વિધેયકનું પસાર થવું > નાણાં વિધેયકનું પસાર થવું.

(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

116. ભારતની સર્વોચ્ચ અદાલતમાં ન્યાયાધીશ બનવા માટેની યોગ્યતા બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

1. વ્યક્તિ ઓછામાં ઓછા પાંચ વર્ષ માટે વડી અદાલતનો અથવા બે કે તેથી વધારે એવી અદાલતોનો એક પછી એક (in succession) ન્યાયાધીશ હોવો જોઈએ.
2. વડી અદાલતના વકીલ અથવા બે કે તેથી વધારે એવી અદાલતોના એક પછી એક (in succession) વકીલ તરીકે ઓછામાં ઓછું 10 વર્ષ
3. વડી અદાલતના ન્યાયાધીશને સર્વોચ્ચ અદાલતના એડહોક ન્યાયાધીશ તરીકે બેસવાની અને તે અદાલતના ન્યાયાધીશ તરીકે કાર્ય કરવા માટે નિયુક્ત કરવાની જોગવાઈઓ છે.
4. સર્વોચ્ચ અદાલત અથવા વડી અદાલતોના નિવૃત્ત ન્યાયાધીશોને તે અદાલતોમાં બેસવાની અને ન્યાયાધીશ તરીકે કાર્ય કરવા માટેની જોગવાઈઓ છે.

(A) 1, 2, 3 અને 4 (B) ફક્ત 1 અને 2
(C) ફક્ત 3 અને 4 (D) ફક્ત 1, 2 અને 3

117. લોકસભાના અધ્યક્ષની સત્તાઓ અને કાર્યો બાબતે નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?
   1. લોકસભાના વિસર્જન થયાથી, અધ્યક્ષ પોતાનો હોદ્દો ખાલી કરતા નથી અને નવી ચૂંટાયેલી લોકસભા મળે ત્યાં સુધી ચાલુ રહે છે.
   2. લોકસભાના અધ્યક્ષ વિરૂધ્ધ અવિશ્વાસની દરખાસ્ત લાવવાના આશય માટેના પ્રસ્તાવની ઓછામાં ઓછી 10 દિવસની નોટીસ આપવી પણ ફરજીયાત છે.
   3. અધ્યક્ષ વિરૂધ્ધ અવિશ્વાસની દરખાસ્ત દરમિયાન તેઓ મત આપી શકશે નહીં.

(A) 1, 2 અને 3 (B) ફક્ત 1 અને 3
(C) ફક્ત 1 અને 2 (D) ફક્ત 1

118. નીચેના પૈકી કઈ જોડીઓ સાચી રીતે જોડાયેલી છે ?
   1. વિધેયક કે જે લોકસભા દ્વારા પસાર કરવામાં આવ્યું હોય પરંતુ રાજ્યસભામાં અનિર્ણિત હોય – રદ થાય
   2. વિધેયક બંને ગૃહો દ્વારા પસાર કરવામાં આવ્યું હોય પરંતુ રાષ્ટ્રપતિની સમંતિ માટે બાકી હોય – રદ થાય
   3. વિધેયક બંને ગૃહો દ્વારા પસાર કરવામાં આવ્યું હોય પરંતુ રાષ્ટ્રપતિ દ્વારા પુનર્વિચાર માટે પરત કરવામાં આવ્યું હોય – રદ થાય.
   4. વિધેયક રાજ્યસભામાં અનિર્ણિત હોય પરંતુ લોકસભા દ્વારા પસાર કરવામાં ના આવ્યું હોય – રદ ન થાય

(A) 1, 2, 3 અને 4 (B) ફક્ત 1 અને 4
(C) ફક્ત 1, 2 અને 3 (D) ફક્ત 2, 3 અને 4

119. ભારતીય સંસદની વિભાગીય સ્થાયી સમિતિઓ બાબતે નીચેના પૈકી કયું / કયા વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?
   1. દરેક સ્થાયી સમિતિ 31 સભ્યોની બનેલી હોય છે, 21 લોકસભામાંથી અને 10 રાજ્યસભામાંથી
   2. મંત્રીઓ પૈકી ફક્ત કેબીનેટમંત્રીઓ જ સ્થાયી સમિતિના સભ્યો બનવા યોગ્યતા ધરાવે છે.
   3. 24 સમિતિઓમાંથી, 14 લોકસભામાંથી છે અને 10 રાજ્યસભામાંથી છે.

(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 1 અને 3
(C) ફક્ત 1 (D) 1, 2 અને 3

120. મુખ્યમંત્રીની સત્તાઓ અને કાર્યો બાબતે નીચેના પૈકી કયું / કયા વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

(A) મુખ્યમંત્રી જે તે ઝોનલ કાઉન્સીલના નાયબ અધ્યક્ષ તરીકે ક્રમ આધારે 2 વર્ષના સમયગાળા માટે કાર્ય કરશે.
(B) તેઓ કોઈપણ સમયે કેન્દ્રને વિધાનપરિષદનો ભંગ કરવા માટેની ભલામણ કરી શકશે.
(C) (A) અને (B) બંને
(D) (A) અને (B) પૈકી કોઈ નહીં

121. ટ્રીબ્યુનલો બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?
   1. ટ્રીબ્યુનલોની સ્થાપના માટેની જોગવાઈ કરવા ફક્ત સંસદ જ અધિકૃત છે.
   2. રાજ્ય સરકારના કર્મચારીઓની ભરતી અને તમામ સેવા લગતી બાબતોના સંબંધે રાજ્ય વહીવટી ટ્રીબ્યુનલો મૂળ ન્યાય ક્ષેત્ર (original jurisdiction) ભોગવે છે.
   3. બંધારણ અનુસાર કેન્દ્ર માટે ફક્ત એક અને દરેક રાજ્ય અથવા બે કે તેથી વધુ રાજ્યો માટે એક ટ્રીબ્યુનલની સ્થાપના કરી શકાશે.

(A) 1, 2 અને 3 (B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1 અને 3 (D) ફક્ત 1 અને 2

122. ગ્રામ ન્યાયાલય અધિનિયમ 2008 ની ગ્રામ ન્યાયાલયો બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

1. ગ્રામ ન્યાયાલયના પ્રિસાઈડીંગ ઓફીસર (ન્યાયાધીકારી)ની નિમણૂંક રાજ્ય સરકાર વડી અદાલત સાથે પરામર્શમાં રહીને કરશે.
2. દરેક પંચાયત માટે મધ્યવર્તી સ્તરે ગ્રામ ન્યાયાલયોની સ્થાપના કરવામાં આવશે.
3. ગ્રામ ન્યાયાલયો ફક્ત દીવાની અદાલતોની સત્તા ધરાવશે.

(A) 1, 2 અને 3 (B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1 અને 2 (D) ફક્ત 1 અને 3

123. 73મા બંધારણીય સુધારણા અધિનિયમમાંથી બાકાત રાખવામાં આવેલાં વિસ્તારો બાબતે નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ?

1. આ અધિનિયમ નાગાલેન્ડ, મેઘાલય અને મીઝોરમ રાજ્યોને લાગુ પડતો નથી.
2. મણીપુરનો પહાડી વિસ્તાર કે જેના માટે જીલ્લા પરિષદ અસ્તિત્વ ધરાવે છે તેને બાકાત રાખવામાં આવ્યો છે.
3. પશ્ચિમ બંગાળનો દાર્જલિંગ જીલ્લો પણ આ અધિનિયમથી બાકાત રાખવામાં આવ્યો છે.
4. સંસદ આ અધિનિયમની જોગવાઈઓને અનુસૂચિત વિસ્તારો અને આદિજાતિ વિસ્તારો સુધી વિસ્તૃત કરવા અધિકૃત છે.

(A) 1, 2, 3 અને 4 (B) ફક્ત 1, 2 અને 3
(C) ફક્ત 1 અને 2 (D) ફક્ત 2 અને 4

124. કેન્દ્રશાસિત વિસ્તારો બાબતે નીચેના પૈકી વિધાનો સાચાં છે ?

1. બ્રિટીશ શાસન દરમિયાન, 1874માં કેટલાક વિસ્તારો અનુસૂચિત જિલ્લાઓ તરીકે રચવામાં આવ્યાં હતાં.
2. આ અનુસૂચિત જિલ્લાઓ ત્યારબાદ ચીફ કમિશ્નર પ્રોવીન્સીસ તરીકે જાણીતા થયાં.
3. 7મા બંધારણીય સુધારા અધિનિયમ અને રાજ્ય પુનર્ગઠન અધિનિયમ અન્વયે 1956માં ભાગ-C અને ભાગ-D પ્રદેશો કેન્દ્રશાસિત પ્રદેશો તરીકે બદલવામાં આવ્યાં.
4. વર્ષ 1996માં દિલ્હીને ખાસ દરજ્જો પૂરો પાડવામાં આવ્યો.

(A) 1, 2, 3 અને 4 (B) ફક્ત 2, 3 અને 4
(C) ફક્ત 1, 2 અને 3 (D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

125. નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

1. રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગના અધ્યક્ષ અને સભ્યોની નિમણૂક રાષ્ટ્રપતિ દ્વારા ચાર સભ્યોની સમિતિની ભલામણો ઉપર થાય છે.
2. રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગના અધ્યક્ષ અને સભ્યો હોદ્દો ત્રણ વર્ષના સમય માટે અથવા 65 વર્ષની ઉંમર થાય ત્યાં સુધી ધારણ કરે છે.
3. રાજ્યપાલ રાજ્ય મુખ્ય માહિતી કમિશ્નર અથવા અન્ય કોઈપણ માહિતી કમિશ્નરોને દૂર કરી શકે છે.

(A) 1, 2 અને 3 (B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1 અને 3 (D) ફક્ત 3

126. પરમાણુ રીએક્ટર બાબતે નીચેના પૈકી કઈ જોડીઓ સાચી રીતે જોડાયેલી છે ?
   1. નાભિ (Core) – તે વધુ ઈંધણ ધરાવે છે અને ઊર્જા ઉત્પાદન માટે જરૂરી ઉષ્મા પેદા કરે છે.
   2. ન્યુટ્રોન પોઈઝન – ન્યુટ્રોન પોઈઝન એક મોટા ન્યુટ્રોન શોષણ આડછેદ (Neutron absorption cross section) સાથેનો પદાર્થ છે.
   3. કુલન્ટ (Coolant) – તે જે વધારાની ઉષ્મા પરિવર્તીત અથવા સ્થાનાંતરિત ના થાય તેને દૂર કરે છે.

   (A) 1, 2 અને 3
   (B) ફક્ત 1 અને 2
   (C) ફક્ત 1 અને 3
   (D) ફક્ત 2 અને 3

127. નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?
   1. થર્મલ રીએક્ટરો તેના ઈંધણના વિચ્છેદનને ચાલુ રાખવા ધીમા પડેલા અથવા થર્મલ ન્યુટ્રોનનો ઉપયોગ કરે છે.
   2. ઝડપી (Fast) ન્યુટ્રોન રીએક્ટરો બાંધવા વધુ અઘરા છે અને ચલાવવા વધુ ખર્ચાળ છે.
   3. લાઈટ વોટર રીએક્ટરો તેના કુલન્ટ અને ન્યુટ્રોન મોડરેટર તરીકે હેવી વોટરને બદલે સામાન્ય પાણીનો ઉપયોગ કરે છે.

   (A) ફક્ત 1 અને 2
   (B) ફક્ત 2 અને 3
   (C) ફક્ત 1 અને 3
   (D) 1, 2 અને 3

128. નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?
   1. www એ ઈન્ટરનેટની સરખામણીમાં સોફ્ટવેરલક્ષી વધુ છે.
   2. ઈન્ટરનેટ પ્રાથમિક રીતે હાર્ડવેર આધારીત છે.
   3. ઈન્ટરનેટ પ્રોટોકોલ ઈન્ટરનેટ મારફતે પ્રસારિત થયેલ ડેટા લગત છે.
   4. ઈન્ટરનેટનું પ્રથમ કાર્ય કરવા યોગ્ય આદિરૂપ (prototype), ARPANET, 1980ના દાયકાના અંતમાં ઊભરી આવ્યું હતું.

   (A) ફક્ત 1, 2 અને 3
   (B) ફક્ત 2, 3 અને 4
   (C) ફક્ત 1 અને 3
   (D) 1, 2, 3 અને 4

129. બ્લોકચેન ટેકનોલોજી (Blockchain Technology) બાબતે નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ?
   1. તેને ડીસ્ટ્રીબ્યુટેડ લેજર ટેકનોલોજી (Distributed Ledger Technology) પણ કહે છે.
   2. બ્લોકચેન ટેકનોલોજીને સમજવા માટે ગુગલ ડોક્યુમેન્ટ એક સરળ સમરૂપતા (analogy) છે.
   3. આ ટેકનોલોજીમાં દરેક ચેન બહુવિધ બ્લોક્સનું બનેલું હોય છે અને દરેક બ્લોક પાયાના ત્રણ તત્ત્વો ધરાવે છે.
   4. 32-બીટ (bit) નો સંપૂર્ણ આંક નોન્સ (Nonce) કહેવાય છે કે જે બ્લોકચેન ટેકનોલોજીમાં પાયાનું તત્ત્વ છે.

   (A) ફક્ત 1, 3 અને 4
   (B) ફક્ત 2, 3 અને 4
   (C) ફક્ત 1 અને 2
   (D) 1, 2, 3 અને 4

130. આનુવંશિક રોગો બાબતે નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ?
   1. થેલેસેમિયા આનુવંશિક રોગ છે.
   2. અલ્ઝાઈમર રોગ બહુઘટકીય આનુવંશિક વારસો છે.
   3. રંગસૂત્રીય રોગો રંગસૂત્રોની સંખ્યામાં અથવા માળખામાં કોઈપણ ફેરફારને કારણે થાય છે.
   4. પરિવારના માત્ર સ્ત્રી સભ્યો જ હિમોફિલિયા સિન્ડ્રોમના વાહકો છે.

   (A) 1, 2, 3 અને 4
   (B) ફક્ત 1, 2 અને 3
   (C) ફક્ત 2, 3 અને 4
   (D) ફક્ત 1, 2 અને 4

131. નીચેના પૈકી કયાં વિટામીન B-12ની ઉણપના લક્ષણો છે ?

1. ન્યુરોલોજીકલ લક્ષણો સંવેદનાત્મક અથવા મોટરની (motor) ઉણપનો સમાવેશ કરે છે.

2. હતાશા અને ચિત્તભ્રમ (dementia) મિથીઓનાઈનના ઓછા ઉત્પાદનને લીધે થતી ઉણપ છે.

3. જઠરાંત્રિય (Gastrointestinal) લક્ષણો કબજિયાત અને હળવા ઝાડા જેવા આંતરડાની ગતિમાં (bowel motility) ફેરફારોનો સમાવેશ કરે છે.

(A) 1, 2 અને 3
(B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1 અને 2
(D) ફક્ત 1 અને 3

132. તબીબી ક્ષેત્રમાં ઈલેક્ટ્રોકાર્ડિયોગ્રાફ (ECG) કાર્યરીતિ બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

1. ECG હૃદય રોગના ભૂતકાળના હુમલાઓના પુરાવાઓ અને નિદાન થયું ના હોય એવો કોઈપણ હૃદયરોગને શોધી શકે છે.

2. ECG હૃદયના ખંડોની દિવાલોની જાડાઈ ચકાસી શકતું નથી.

3. કસરત (Exercise) ECG તણાવ અથવા કસરત દરમિયાન હૃદયની ઈલેક્ટ્રીકલ પ્રવૃત્તિનું પરીક્ષણ કરવા વપરાય છે.

(A) 1, 2 અને 3
(B) ફક્ત 1 અને 2
(C) ફક્ત 1 અને 3
(D) ફક્ત 2 અને 3

133. રક્ત કણો બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

1. લાલ રક્ત કણોનું આયુષ્ય લગભગ 120 દિવસનું હોય છે.

2. શ્વેત રક્ત કણોનું આયુષ્ય આશરે 12-20 દિવસનું હોય છે.

3. લાલ રક્ત કણો રોગકારક સૂક્ષ્મજીવાણુંઓ સામે લડવા માટે એન્ટીબોડીઝના ઉત્પાદનમાં મદદ કરે છે.

4. શ્વેત રક્ત કણો શ્વસન વાયુઓને માનવશરીરના જુદા જુદા ભાગો સુધી પરિવહન કરવામાં મદદ કરે છે.

(A) 1, 2, 3 અને 4
(B) ફક્ત 1, 2 અને 4
(C) ફક્ત 1 અને 2
(D) ફક્ત 1, 3 અને 4

134. ધ્વનિ બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

1. ધ્વનિ ઊર્જાનું સ્વરૂપ છે અને તે સ્પંદનો દ્વારા ઉત્પન્ન થાય છે કે જે રેખાંશિક અને યાંત્રિક હોય છે.

2. ધ્વનિના તરંગો એક માધ્યમમાંથી બીજા માધ્યમમાં જઈ શકતાં નથી.

3. 2000 Hz કરતા વધુ આવૃત્તિ (frequency) ધરાવતા ધ્વનિ તરંગોને અલ્ટ્રાસોનીક્સ (Ultrasonics) કહેવામાં આવે છે.

(A) 1, 2 અને 3
(B) ફક્ત 1 અને 3
(C) ફક્ત 1 અને 2
(D) ફક્ત 2 અને 3

135. આંતરરાષ્ટ્રીય સુનામી માહિતી કેન્દ્ર હોનોલુલુ ખાતે આવેલું છે, હોનોલુલુ શહેર ____________ માં આવેલું છે.

(A) એટલાન્ટિક મહાસાગર
(B) દક્ષિણ સમુદ્ર
(C) હિંદ મહાસાગર
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

136. નીચેના પૈકી કઈ જોડીઓ સાચી રીતે જોડાયેલી છે ?

1. ભાસ્કર-I – પ્રથમ પ્રયોગાત્મક રીમોટ સેન્સીંગ સેટેલાઈટ કે જે ટીવી અને માઈક્રોવેવ કેમેરાને સાથે લઈને ગયું.

2. CARTOSAT-I – ડાયરેક્ટ-ટુ-હોમ (DTH) ટીવી પ્રસારણ

3. એસ્ટ્રોસેટ – ભારતની પ્રથમ સમર્પિત બહુ-તરંગલંબાઈ અવકાશી વેધશાળા

4. SARAL – અદ્યતન સંદેશાવ્યવહાર ઉપગ્રહ

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 1, 2 અને 3

(C) ફક્ત 1, 3 અને 4 (D) 1, 2, 3 અને 4

137. ભારતની અગ્નિ-5 મિસાઈલ બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

1. 5000 કિ.મી. કરતા વધુ પ્રહારક્ષમતા સાથે તે સમગ્ર એશિયા અને અડધા યુરોપને આવરી શકે છે.

2. આ મિસાઈલ ત્રણ તબક્કાની ઘન ઈંધણ ટેકનોલોજી ધરાવે છે.

3. અગ્નિ-5 જમીનથી જમીન (surface-to-surface) મિસાઈલ છે અને તે 2 મીટર પહોળુ અને 17 મીટર ઊંચું છે અને 1.5 ટન સુધીનો પે-લોડ (payload) ખાસ કરીને ન્યુક્લિયર વોરહેડ (nuclear warheads) નું વહન કરવા સક્ષમ છે.

(A) 1, 2 અને 3 (B) ફક્ત 2 અને 3

(C) ફક્ત 1 અને 3 (D) ફક્ત 1 અને 2

138. કમ્પ્યુટરમાં "કુકીઝ" (Cookies) બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

1. HTTP કુકીઝ વેબ ડેવલપરોને વધુ વ્યક્તિગત અને સુગમ વેબસાઈટ મુલાકાત આપવામાં મદદ કરે છે.

2. કુકીઝ અંગત માહિતીનો દટાયેલો ખજાનો પણ હોઈ શકે પરંતુ તે ગુનેગારોને તેની જાસુસી કરવા દેતું નથી.

3. તમે જ્યારે નવી વેબસાઈટની મુલાકાત લો ત્યારે તમને ઓળખી શકાય તે માટે કુકીઝ બનાવવામાં આવે છે.

(A) 1, 2 અને 3 (B) ફક્ત 1 અને 3

(C) ફક્ત 2 અને 3 (D) ફક્ત 1 અને 2

139. જ્યારે ધૂળ આંખમાં જાય છે ત્યારે જે ભાગ સોજાવાળો અને ગુલાબી થઈ જાય છે તે ____________ છે.

(A) પારદર્શક પટલ (કોર્નિયા) (B) કોરોઈડ

(C) નેત્રસ્તર (કન્જક્ટીવા) (D) શ્વેતપટલ (સ્કેરા)

140. નીચેના પૈકી કઈ જોડી / જોડીઓ સાચી રીતે જોડાયેલી છે ?

| અવકાશયાન | હેતુ |
|---|---|
| 1. કેસિની હ્યુજેન્સ | શુક્ર ફરતે પરિભ્રમણ અને પૃથ્વી પર માહિતી મોકલવી |
| 2. મેસેન્જર | બુધના નકશા તૈયાર કરવા અને શોધ-તપાસ કરવી |
| 3. વોયેજન 1 અને 2 | બાહ્ય સૌરમંડળનું સંશોધન કરવું |

(A) ફક્ત 1 (B) ફક્ત 2 અને 3

(C) ફક્ત 1 અને 3 (D) 1, 2 અને 3

141. 2024 સુધીમાં ચંદ્ર ઉપર પ્રથમ મહિલા અને પછીના પુરૂષને ઉતારવાના નાસા (NASA)ના આયોજનનું નામ શું છે ?

(A) આર્ટેમીસ કાર્યક્રમ (B) પ્રોજેક્ટ એપોલો

(C) જૂનો (D) વોયેજર-2

M

142. ઈ-પ્રમાણ (e-Pramaan) એ ઈલેક્ટ્રોનીક્સ અને સૂચના પ્રૌદ્યોગિકી વિભાગ (DeitY) દ્વારા રજૂ કરવામાં આવેલી સેવા છે જે ____________ જેવાં મુખ્ય ઘટકો ધરાવે છે.

1. ઈ-પ્રમાણીકરણ (સ્ટેપ-અપ પ્રમાણીકરણને બાકાત રાખતા)
2. સીંગલ સાઈન-ઓન (single Sign-on)
3. આધાર (Aadhaar) આધારીત ઓળખપત્ર ચકાસણી

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1 અને 3
(D) 1, 2 અને 3

143. ઓપ્ટિકલ ફાઈબર બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

1. ઓપ્ટિકલ ફાઈબર મોટા ભાગે અવાજનું વહન કરવા માટે વપરાય છે.
2. ઓપ્ટિકલ ફાઈબરમાં સંસેતોનું પ્રસારણ સંપૂર્ણ આંતરિક પરાવર્તનની ઘટના દ્વારા થાય છે.
3. ઓપ્ટિકલ ફાઈબરનો ઉપયોગ દૂરસંચાર અને કમ્પ્યુટર નેટવર્કીંગ માટેના માધ્યમ તરીકે થાય છે.

(A) 1, 2 અને 3
(B) ફક્ત 1 અને 2
(C) ફક્ત 2 અને 3
(D) ફક્ત 1 અને 3

144. નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

1. વિટામીન G રાઈબોફ્લેવિન તરીકે પણ જાણીતું છે.
2. વિટામીન A સામાન્ય રીતે માનવમૂત્રમાં વિસર્જન થતું વિટામીન છે.
3. તાજા આથાના કોષો વિટામીન B નું સારૂ સ્ત્રોત છે.
4. લોહીના ગંઠાઈ જવા માટેનું કારણરૂપ વિટામીન વિટામીન K છે.

(A) ફક્ત 1, 2 અને 3
(B) ફક્ત 1, 3 અને 4
(C) ફક્ત 1 અને 4
(D) 1, 2, 3 અને 4

145. વિષુવવૃત્તથી દૂર આવેલ સ્થળો કરતાં ઉષ્ણકટિબંધીય વિસ્તારોમાં વધુ પ્રજાતિઓ હોય છે જે ____________ નું સંભવત પરિણામ છે.

(A) ઓછા શિકારીઓ
(B) વધુ તીવ્ર વાર્ષિક અળગાપણું
(C) વધુ વારંવાર પરિસ્થિતિવિષયક ખલેલ
(D) રોગોના ઓછા કારક (agents)

146. નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

1. મૂળ ધાતુઓને કૃત્રિમ પરમાણુ કિરણોત્સર્ગ દ્વારા સોનામાં ફેરવી શકાય છે.
2. લેસર હિરામાં પણ કાણાં પાડી શકે છે.
3. કેરમ બોર્ડ ઉપર પાવડર છાંટવાથી ઘર્ષણ વધે છે.

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1 અને 3
(D) 1, 2 અને 3

147. પ્રજાતિ સમૃધ્ધિ અને સ્થાનિકતાના 36 હોટસ્પોટોની યાદીમાં પ્રથમ ક્રમે રહીને નીચેના પૈકી કયો જૈવવિવિધતા હોટસ્પોટ વિશ્વમાં સૌથી વધુ વૈવિધ્યસભર હોટસ્પોટ સમાવે છે ?

(A) સિરાડો
(B) પૂર્વ મેલેનીઝયમ ટાપુઓ
(C) ભૂમધ્ય તટ (basin)
(D) ઉષ્ણકટિબંધીય એન્ડીઝ

148. ભોપાલ ગેસ દુર્ઘટના બાદ ધોરણોનું પાલન કરાવવા માટે કડક કાયદાઓ ઘડી અને તે દ્વારા ભારતમાં આવા ઔદ્યોગિક જોખમો ટાળવા માટે કયો અધિનિયમ અમલમાં આવ્યો ?

(A) પર્યાવરણ સંરક્ષણ અધિનિયમ, 1986
(B) રાષ્ટ્રીય પર્યાવરણ ટ્રીબ્યુનલ અધિનિયમ, 1989
(C) રાષ્ટ્રીય પર્યાવરણ એપેલેટ ઓથોરીટી અધિનિયમ, 1997
(D) પર્યાવરણ નિયમો, 1989

149. 1 MB ____________ બરાબર છે.

(A) $2^{30}$ બીટ્સ
(B) $2^{30}$ બાઈટ્સ
(C) $2^{20}$ બીટ્સ
(D) $2^{20}$ બાઈટ્સ

150. બાયોગેસ ____________ સમાવે છે.

(A) 30-40% કાર્બન ડાયોક્સાઈડ
(B) 50-70% મિથેન
(C) હાઈડ્રોજન અને હાઈડ્રોજન સલ્ફાઈડ
(D) 50-60% કાર્બન મોનોક્સાઈડ

151. ભારત અને બાંગ્લાદેશ વચ્ચેના મૈત્રી સેતુ પુલ બાબતે નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

1. આ પુલ દક્ષિણ આસામમાં સબરૂમ ખાતે ફેની નદી ઉપર બાંધવામાં આવ્યો છે.
2. મૈત્રી સેતુ પુલ 1.9 કિ.મી. લાંબો છે જે ભારતને બાંગ્લાદેશમાં રામગઢ સાથે જોડે છે.
3. ભારતના સીમા સડક સંગઠને આ પ્રોજેક્ટનું નિર્માણ કર્યું છે.

(A) 1, 2 અને 3
(B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 2
(D) ફક્ત 1 અને 2

152. તાજેતરમાં યુરોપીય દેશ ફ્રાન્સે તેની લશ્કરી કવાયત Aster X હાથ ધરી, આ બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

1. તે અવકાશમાં પાંચ દિવસ લાંબી કવાયત છે.
2. આ કવાયતમાં યુ.એસ. અને જર્મન અવકાશી સંસ્થાઓએ પણ ભાગ લીધો.
3. ફ્રાન્સ દ્વારા આ બીજી અવકાશી લશ્કરી કવાયત છે.

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1 અને 3
(D) 1, 2 અને 3

153. નાણાકીય વર્ષ 2021-2022 માટે ભારતના કુલ ઘરગથ્થું ઉત્પાદન (GDP) બાબતે નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

(A) નાણાકીય વર્ષ 2021-2022 માટે આર્થિક સહકાર અને વિકાસ માટેના સંગઠને ભારતનો GDP 12.6% સુધી વધાર્યો છે.

(B) નાણાકીય વર્ષ 2021-2022 માટે ક્રેડીટ રેટીંગ ઈન્ફોરમેશન સર્વીસ ઓફ ઈન્ડીયા લીમીટેડે (CRISIL) ભારતનો GDP 12% એ અનુમાનિત કર્યો છે.

(C) (A) અને (B) બંને

(D) (A) અને (B) પૈકી કોઈ નહીં

154. ભારતીય સેનાના તાજેતરમાં માનવરહિત હવાઈ વાહનો (UAVs) સંબંધીત લીઝ-સમજૂતી (lease agreement) બાબતે નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

1. ભારતે ઈઝરાયલમાંથી 4 હિરોન UAVs લીઝ કરવા માટેની સમજૂતી કરી છે.

2. આ UAVs ભારત-પાકિસ્તાન સીમા ઉપર કામે લગાડવામાં આવશે.

3. આ લીઝ-સમજૂતી 5 વર્ષના સમયગાળા પૂરતી જ માન્ય રહેશે.

(A) 1, 2 અને 3 (B) ફક્ત 1 (C) ફક્ત 2 અને 3 (D) ફક્ત 1 અને 2

155. COVAX રસી બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

1. સંયુક્ત રાષ્ટ્રો રસી પહેલ હેઠળ ઘાના રસી મેળવનાર પ્રથમ દેશ બન્યું છે.

2. ઘાના ભારતની સીરમ ઈન્સ્ટીટ્યૂટ દ્વારા બનાવાયેલી એસ્ટ્રાજેનીકા (AstraZeneca) રસીના 6 લાખ ડોઝ મેળવશે.

3. 90 થી વધારે ઓછી અને મધ્યમ આવક દેશોએ સંયુક્ત રાષ્ટ્રો સમર્થિત COVAX કાર્યક્રમ માટે સહી કરી છે.

(A) 1, 2 અને 3 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 અને 2 (D) ફક્ત 1 અને 3

156. સ્વદેશી રીતે વિકસાવેલા એડવાન્સડ લાઈટ ટોરપેડો (Advanced Light Torpedo) બાબતે નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

1. આ એડવાન્સડ લાઈટ ટોરપેડો શ્યેન (Shyena) ભારતીય નૌકાદળમાં 2012 માં જ દાખલ કરવામાં આવ્યું.

2. તાજેતરમાં પ્રથમ ઉડ્ડયન પરીક્ષણો સફળતાપૂર્વક પેટ્રોલ હવાઈજહાજ ઈલ્યુશીન (Ilyushin) IL-38 માં થી કરવામાં આવ્યાં.

3. આ એડવાન્સડ લાઈટ ટોરપેડો શ્યેન 190 કિ.મી. અવધિની ક્ષમતા ધરાવે છે.

(A) 1, 2 અને 3 (B) ફક્ત 1 અને 2 (C) ફક્ત 2 અને 3 (D) ફક્ત 2

157. નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ?

1. ભારતીય અવકાશ સંશોધન કેન્દ્રએ (ISRO) સફળતાપૂર્વક કૃત્રિમ છિત્ર રડાર (synthetic aperture radar), NISAR, વિકસાવ્યું છે.

2. તે ભારત અને રશીયા માટેના સંયુક્ત પૃથ્વી નિરીક્ષણ ઉપગ્રહ મિશન (Joint Earth Observation Satellite Mission) માટે ઉપયોગમાં લેવાશે.

3. NISAR આપણા ગ્રહની સપાટીમાં ફેરફાર માપવા માટે બે જુદાં રડાર આવર્તનો (radar frequencies) L-બેન્ડ અને S-બેન્ડનો ઉપયોગ કરનાર પ્રથમ ઉપગ્રહ મિશન છે.

4. આ રડાર કોઈપણ હવામાન પરિસ્થિતિઓમાં કોઈપણ સમયે ઉચ્ચ ગુણવત્તાવાળી છબીઓનું નિર્માણ કરવા સક્ષમ છે.

(A) 1, 2, 3 અને 4 (B) ફક્ત 2, 3 અને 4 (C) ફક્ત 1, 3 અને 4 (D) ફક્ત 1 અને 2

158. નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ?

1. મહીલા અને બાળવિકાસ મંત્રાલયે તેના તમામ મુખ્ય કાર્યક્રમો ત્રણ છત્રો હેઠળ વર્ગીકૃત કર્યા છે.

2. છત્ર કાર્યક્રમો, મિશન પોષણ 20, મિશન વાત્સલ્ય અને મિશન શક્તિ છે.

3. આંગણવાડી સેવાઓ મિશન વાત્સલ્ય હેઠળ આવે છે.

4. બેટી બચાવો અને બેટી પઢાવો અને પ્રધાનમંત્રી માતૃવંદના યોજના મિશન શક્તિ હેઠળ આવે છે.

(A) ફક્ત 1, 2 અને 3 (B) ફક્ત 1, 2 અને 4

(C) ફક્ત 3 અને 4 (D) ફક્ત 1 અને 2

159. ભારતમાં તાજેતરની ભારત-ઇંગ્લેન્ડ ટેસ્ટ મેચ શ્રેણી 2021 બાબતે નીચેના પૈકી કયું / કયા વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

1. ભારતે આ ટેસ્ટ શ્રેણી જીતી અને એન્થની ડી મેલો ટ્રોફી 3-1 ના તફાવતથી હાંસલ કરી.

2. આ ટેસ્ટ શ્રેણીમાં રવિચંદ્રન અશ્વિન મેન ઓફ ધ સીરીઝ અને 3 મેન ઓફ ધ મેચના પુરસ્કારો જીત્યો.

3. રવિચંદ્ર અશ્વિન સૌથી ઝડપી 400 વિકેટો લેનાર બીજો બોલર બન્યો. તેણે આ પ્રાપ્ત કરવા માટે 70 ટેસ્ટ લીધી.

(A) ફક્ત 1 (B) ફક્ત 2 અને 3

(C) ફક્ત 1 અને 2 (D) 1, 2 અને 3

160. જનશુધ્ધિ દિવસ બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

1. તાજેતરમાં ભારતે 7 માર્ચ 2021 ના રોજ ત્રીજો જનશુધ્ધિ દિવસ મનાવ્યો.

2. આ વર્ષની વિષય વસ્તુ “સેવાભી - રોજગારભી” છે.

3. 7500 મું જનશુધ્ધિ કેન્દ્ર મધ્યપ્રદેશના આદિજાતિ લોકોને સમર્પિત કરવામાં આવ્યું.

(A) 1, 2 અને 3 (B) ફક્ત 2 અને 3

(C) ફક્ત 1 અને 3 (D) ફક્ત 1 અને 2

161. તાજેતરમાં હાથ ધરવામાં આવેલી લશ્કરી કવાયત DUSTLIK-II બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

1. આ ભારત અને ઉઝબેકિસ્તાન દ્વારા સંયુક્ત લશ્કરી કવાયત છે.

2. આ બે દેશો વચ્ચેની બીજી આવૃત્તિ છે, પ્રથમ આવૃત્તિ 2018 માં રાજસ્થાનમાં યોજાઈ હતી.

3. હાલની કવાયત ઉત્તરાખંડમાં યોજાઈ હતી.

4. આ કવાયતે બંને પક્ષોના આતંકવાદ પ્રતિકાર અને બળવા પ્રતિકાર કૌશલ્યો ઉપર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું.

(A) 1, 2, 3 અને 4 (B) ફક્ત 1, 2 અને 3

(C) ફક્ત 1, 3 અને 4 (D) ફક્ત 2, 3 અને 4

162. રશિયાની અવકાશી સંસ્થાએ “ROSCOSMOS” આંતરાષ્ટ્રીય લુનાર સાયન્ટીફીક રીસર્ચ સ્ટેશનનું સર્જન કરવા માટે ________ દેશ સાથે સમજૂતીપત્ર ઉપર સહી કરી.

(A) ભારત (B) જાપાન

(C) યુરોપ (યુરોપીય અવકાશ એજન્સી) (D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

163. તાજેતરમાં ઝુલુ રાષ્ટ્રના રાજા ગુડવીલ ઝવેલિથિની મૃત્યુ પામ્યાં, આ ઝુલુ આદિજાતિ ________ દેશમાં જોવા મળે છે.

(A) નાઈજીરીયા (B) દક્ષિણ આફ્રિકા

(C) પાપુઆ ન્યુ ગિની (D) ઓસ્ટ્રેલીયા

164. યુરોપીય સંસદે સમગ્ર યુરોપીય યુનીયનને "____________ ફ્રીડમ ઝોન" તરીકે જાહેર કર્યું છે.

(A) LGBTQ
(B) વિમેન (Women)
(C) બ્રિટીશર્ઝ
(D) બ્લેક પીપલ

165. જાપાન દ્વારા તાજેતરમાં વિકસાવવામાં આવતું નીચેના પૈકી કયું વિશ્વનું સૌથી શક્તિશાળી કોમ્પ્યુટર છે ?

(A) આકાશી (Akashi)
(B) શિમોષી (Shimoshi)
(C) ફુગાકુ (Fugaku)
(D) કામત્શિ

166. ભારત સરકારના સૂચિત રાષ્ટ્રીય રેલ પ્લાન બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

1. આ પગલું માલભાડામાં રેલ્વેનો હિસ્સો 45% સુધી વધારવા માટે લેવામાં આવ્યું હતું.
2. ભારત સરકારે વર્ષ 2030 સુધીમાં ભવિષ્યની તૈયાર રેલ્વે સીસ્ટમની સ્થાપના કરવા માટે રાષ્ટ્રીય રેલ પ્લાન (NRP) તૈયાર કર્યો.
3. સમગ્ર સેવા ગુણવત્તા અને કામગીરી કાર્યક્ષમતા વધારવા ભારતીય રેલ્વે ઉતારુ ગાડી (passenger train) માટે સંપૂર્ણ ખાનગી અભિગમ (Complete Private Approach) (CPA) હાથ ધરી રહી છે.

(A) 1, 2 અને 3
(B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1 અને 2
(D) ફક્ત 1 અને 3

167. તાજેતરમાં ભારતીય રીઝર્વ બેંકે (RBI) ____________ બેંકને ત્વરીત સુધારાત્મક પગલાં (Prompt Corrective Action) (PCA) માંથી દૂર કરી છે.

(A) IDFC
(B) IDBI
(C) ઉજ્જીવન
(D) લક્ષ્મી વિલાસ બેંક

168. સંરક્ષણ સંશોધન અને વિકાસ સંસ્થા (DRDO) ની અદ્યતન ટેકનોલોજી "એર ઈન્ડીપેન્ડન્ટ પ્રોપલઝન" (AIP) બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

1. આ ટેકનોલોજી સબમરીનને પાણી નીચે લાંબા સમયગાળા સુધી ડુબાડેલી રાખી શકે છે.
2. આ સીસ્ટમ સબ-સરફેસ પ્લેટફોર્મને ન્યુક્લિયર સબમરીન કરતાં વધુ શાંત બનાવી ઘાતક પણ બનાવે છે.
3. ભારતીય નૌકાદળ આ ટેકનોલોજી તેનાં યુધ્ધ જહાજો (frigates) ઉપર ગોઠવવા માટે આયોજન કરી રહ્યું છે.

(A) 1, 2 અને 3
(B) ફક્ત 1 અને 2
(C) ફક્ત 2 અને 3
(D) ફક્ત 1 અને 3

169. સંયુક્ત રાષ્ટ્રોના નીચેના પૈકી કયા સંસ્થાને "ફુડ વેસ્ટ ઈન્ડેક્ષ રીપોર્ટ 2021" પ્રકાશિત કર્યો છે ?

(A) સંયુક્ત રાષ્ટ્ર ખોરાક અને કૃષિ સંસ્થાન
(B) સંયુક્ત રાષ્ટ્ર પર્યાવરણ કાર્યક્રમ
(C) સંયુક્ત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમ
(D) સંયુક્ત રાષ્ટ્ર માનવ વસાહતો માટેનું કેન્દ્ર

170. તાજેતરમાં ____________ રાજ્યમાં આવેલ સિમલીપાલ ટાઈગર રીઝર્વમાં ભારે આગ લાગી.

(A) મધ્યપ્રદેશ
(B) આસામ
(C) હરીયાણા
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

171. તાજેતરમાં નવીનત્તમ પ્રાણી, હિમાલયનું સસ્તન સીરો જોવામાં આવ્યું છે, આ બાબતે નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

(A) હિમાલયનું સીરો ક્યાંક બકરી અને હરણની વચ્ચેના જેવું દેખાય છે.

(B) તે અરૂણાચલ પ્રદેશમાં માનસ ટાઈગર રીઝર્વમાં જોવા મળ્યું.

(C) (A) અને (B) બંને

(D) (A) અને (B) પૈકી કોઈ નહીં

172. રાષ્ટ્રીય જળ મિશને (National Water Mission) (NWM) “કેચ ધ રેઈન” (Catch the Rain) નામની નવી ઝુંબેશ શરૂ કરી છે. આ ઝુંબેશની ટેગલાઈન (tagline) ____________ છે.

(A) Catch the Rain, it is a future gain

(B) Catch the Rain and Gain your Future

(C) Catch the Rain, where it falls, when it falls

(D) Catch the Rain, It will save your life

173. ભારતની સંસદે બે ટીવી ચેનલો, લોકસભા ટીવી અને રાજ્યસભા ટીવીને સંકલિત ચેનલ ________ માં ભેગી કરી છે.

(A) લોક પ્રશાસન ટીવી

(B) ભારત ટીવી

(C) લોકપ્રિય ટીવી

(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

174. રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ 28 ફેબ્રુઆરી 2021 ના રોજ ઉજવવામાં આવ્યો. કાર્યક્રમ ________ કેન્દ્રીત વિષય હેઠળ ઉજવવામાં આવ્યો હતો.

(A) રોજબરોજના જીવનમાં વિજ્ઞાન (Science in Everyday Life)

(B) વિજ્ઞાનમાં મહીલાઓ (Women in Science)

(C) દરેક માટે વિજ્ઞાન (Science for Everyone)

(D) વિજ્ઞાન - જીવનનો તારણહાર (Science the savior of Life)

175. યુનાઈટેડ નેશન્સ ફ્રેમવર્ક કન્વેન્શન ઓન ક્લાઈમેટ ચેઈન્જ (UNFCCC) દ્વારા ઈનીશીયલ નેશનલી ડીટરમાઈન્ડ કોન્ટ્રીબ્યુશન્સ સીન્થેસીસ રીપોર્ટ જારી કરવામાં આવ્યો. આ અહેવાલ _______ ખાતે યોજાનાર આગામી _______ માટે દેશોના આબોહવા પગલાઓનું માપન કરે છે.

(A) મદાગાસ્કર, COP25

(B) વેનિસ, COP26

(C) માદ્રીદ, COP25

(D) ગ્લાસગો, COP26

176. એક પ્રોજેક્ટ માટે ચાર વ્યક્તિઓની પસંદગી કરવાની છે. તે માટે P, Q, R, S, T, U અને V એમ કુલ-07 ઉમેદવારો ઉપલબ્ધ છે. તેમની બાબતમાં નીચે મુજબની વિગતો ધ્યાને લો.

P અને Q સાથે કામ નહિ કરે.

T અને R સાથે કામ નહિ કરે.

U અને T સાથે કામ કરવા ઈચ્છે છે.

તો નીચે પૈકી કયા ચાર વ્યક્તિઓની પસંદગી સૌથી વધુ સ્વીકાર્ય હોઈ શકે ?

(A) P, R, T, S

(B) Q, S, R, P

(C) Q, U, T, V

(D) R, Q, P, U

M

177. એક વર્તુળની ત્રિજ્યા એવી રીતે વધારવામાં આવે છે કે તેના પરિઘના માપમાં 5% જેટલો વધારો થાય. તો તેના ક્ષેત્રફળમાં કેટલો વધારો થશે ?

(A) 10.25% (B) 12.75%

(C) 15% (D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

178. ત્રણ અંકની સતત આવતી પ્રથમ 5 અવિભાજ્ય સંખ્યાઓની સરેરાશ કેટલી થશે ?

(A) 107.4 (B) 106.6 (C) 109.8 (D) 108.6

179. એક પાઈપ 4 કલાકમાં એક ટાંકી પૂર્ણ ભરી શકે છે. પરંતુ ટાંકીમાં એક લીકેજને કારણે તેને આ ટાંકી ભરતા 6 કલાક થાય છે. તો આ લીકેજ પૂર્ણ ભરેલી ટાંકીને કેટલા સમયમાં ખાલી કરશે ?

(A) 8 કલાક (B) 10 કલાક

(C) 12 કલાક (D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

180. વિધાનો:

1) T ને P કરતાં ઓછા ગુણ મળ્યા.

2) T ને J કરતાં વધારે ગુણ મળ્યા.

3) J ને સૌથી ઓછા ગુણ મળ્યા.

4) Q ને P કરતાં વધારે ગુણ મળ્યા.

જો ઉપરના તમામ વિધાનો સાચાં હોય તો નીચે પૈકી કયુ વિધાન સાચું નથી ?

(A) આ ચાર વ્યક્તિઓમાં Q ને મહત્તમ ગુણ મળ્યા

(B) P કરતાં J ને ઓછા ગુણ મળ્યા

(C) Q કરતાં T ને ઓછા ગુણ મળ્યા

(D) Q કરતાં T ને વધારે ગુણ મળ્યા

★ નિર્દેશ : (પ્રશ્ન નં. : 181-183) : એક કળા અને સાંસ્કૃતિક પ્રદર્શનમાં સોમવારથી શનિવાર દરમ્યાન 5 જુદા જુદા રાજ્યોએ જુદા જુદા દિવસે પ્રદર્શન રજૂ કર્યું. આ 6 દિવસો પૈકી એક દિવસ વિરામ દિવસ હતો.

- આ પાંચ રાજ્યો આ મુજબ હતા – આંધ્રપ્રદેશ, મહારાષ્ટ્ર, પંજાબ, ઉત્તરાખંડ અને ગુજરાત.
- પ્રતિ દિવસ માત્ર એક રાજ્યએ પ્રદર્શન રજૂ કર્યું.
- આંધ્રપ્રદેશ અને ગુજરાતે રજૂ કરેલ પ્રદર્શનની વચ્ચેનો દિવસ વિરામ દિવસ હતો.
- પંજાબે તેનું કળા પ્રદર્શન ઉત્તરાખંડની પહેલા કર્યું.
- ગુજરાત અને પંજાબ વચ્ચે 2 દિવસનું અંતર હતું. તથા ગુજરાતે પંજાબ પહેલા પ્રદર્શન રજૂ કર્યું.
- મહારાષ્ટ્રએ શનિવારે પ્રદર્શન રજૂ કરેલ નથી.

181. વિરામનો દિવસ કયો હતો ?

(A) મંગળવાર (B) બુધવાર (C) ગુરુવાર (D) શુક્રવાર

182. સોમવારે કયા રાજ્યએ પ્રદર્શન રજૂ કર્યું ?

(A) ગુજરાત (B) મહારાષ્ટ્ર (C) આંધ્ર પ્રદેશ (D) ઉત્તરાખંડ

183. આંધ્રપ્રદેશે કયા વારે પ્રદર્શન રજૂ કર્યું ?
(A) શનિવાર (B) બુધવાર (C) ગુરુવાર (D) સોમવાર

184. 9 અને 10 વાગ્યાની વચ્ચે કયા સમયે ઘડિયાળના બંને કાંટા ભેગા હશે ?
(A) 9 કલાક 48 $\frac{1}{12}$ મિનિટે (B) 9 કલાક 48 $\frac{5}{12}$ મિનિટે
(C) 9 કલાક 49 $\frac{1}{11}$ મિનિટે (D) 9 કલાક 49 $\frac{1}{12}$ મિનિટે

185. એક ઓરડાની ચાર દિવાલોને બનાવવાનો ખર્ચ રૂા. 4.5 લાખ છે. તો તે ઓરડા કરતા બમણી લંબાઇ, બમણી પહોળાઇ અને બમણી ઉંચાઇ ધરાવતા બીજા એક ઓરડાની ચાર દિવાલો બનાવવાનો ખર્ચ કેટલો થશે ?
(A) રૂા. 9 લાખ (B) રૂા. 13.5 લાખ
(C) રૂા. 18 લાખ (D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

186. 0.96, 1.28 અને 0.84 નો લ.સા.અ કેટલો થશે ?
(A) 26.88 (B) 57.76 (C) 64.32 (D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

187. 52 પાનામાંથી 2 પાનાં યથેચ્છ રીતે ખેંચવામાં આવે તો બંને પાનાં કાળા રંગના અથવા બંને દસ્સા હોય તેની સંભાવના કેટલી ?
(A) $\frac{55}{122}$ (B) $\frac{55}{221}$
(C) $\frac{110}{221}$ (D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

188. જો 8 વ્યક્તિઓ 8 કલાક પ્રતિ દિવસ કામ કરીને એક કામ 25 દિવસમાં પૂર્ણ કરે તો તે જ કામ 5 કલાક પ્રતિદિન કામ કરી 10 દિવસમાં પૂર્ણ કરવા માટે કેટલા વ્યક્તિઓ જોઈશે ?
(A) 12 વ્યક્તિઓ (B) 18 વ્યક્તિઓ
(C) 32 વ્યક્તિઓ (D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

189. એક શહેરની વસ્તી 1,60,000 છે તથા તેનો વાર્ષિક વૃધ્ધિ દર 4% છે. તો 2 વર્ષ બાદ તે શહેરની વસ્તી કેટલી થશે ?
(A) 1,68,168 (B) 1,63,200
(C) 1,73,056 (D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

190. એક વ્યક્તિ કેટલીક કેરી 6 નંગ પ્રતિ 100 રૂપિયા અને તેટલી જ સંખ્યામાં બીજી કેરી 9 નંગ પ્રતિ 100 રૂપિયાના ભાવે ખરીદે છે. તે બંને કેરી ભેગી કરી 8 નંગ પ્રતિ 100 રૂપિયાના ભાવે વેચે તો તેણે કેટલા ટકા નફો અથવા ખોટ થશે ?
(A) 12.5% નફો (B) 12.5% ખોટ (C) 10% નફો (D) 10% ખોટ

191. નીચે પૈકી કયું વર્ષ લીપ વર્ષ નથી ?
(A) ઈ.સ. 600 (B) ઈ.સ. 800 (C) ઈ.સ. 1004 (D) ઈ.સ. 1996

192. એક ચોર 10 મીટર/સેકન્ડ ની ઝડપે દોડે છે. એક પોલીસ તેની પાછળ 10 સેકન્ડ બાદ 12.5 મીટર/સેકન્ડ ની ઝડપે દોડવાનું શરૂ કરે છે. તો તે ચોરને કેટલા અંતરે પકડી પાડશે ?
(A) 250 મીટર (B) 500 મીટર
(C) 750 મીટર (D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

193. બે સંખ્યાઓનો ગુણાકાર 120 તથા તેમના વર્ગોનો સરવાળો 289 છે. તો તે બે સંખ્યાઓનો સરવાળો કેટલો થશે ?

(A) 21 (B) 22 (C) 23 (D) 24


194. 36 અને 49 વચ્ચેની અયુગ્મ સંખ્યાઓનો મધ્યસ્થ અને બહુલક અનુક્રમે કેટલો છે ?


(A) 42, 47 (B) 43, 47

(C) 42, બહુલક નથી (D) 44, બહુલક નથી

★ (પ્રશ્ન નં. : 195-198) નીચે આપેલ પાઈ ડાયાગ્રામ 5 જુદા કારખાનાઓ M, N, O, P અને Q માં ચોખાના ઉત્પાદનની માહિતી અને આપેલ લાઈન ડાયાગ્રામ સંબંધિત કારખાનાઓમાં થયેલ વેચાણની ટકાવારી દર્શાવે છે.

કુલ ઉત્પાદન - 3,600 કિ.ગ્રા.




195. નીચે પૈકી કયા કારખાનામાં ચોખાનું વેચાણ મહત્તમ થયું ?

(A) P (B) N (C) O (D) Q

196. કારખાનાઓ M અને N દ્વારા થયેલ કુલ વેચાણ, કારખાના M દ્વારા થયેલ ઉત્પાદનના કેટલા ટકા છે ?

(A) 108% (B) 112%

(C) 120% (D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

197. જો ચોખાની મૂળ કિંમત રૂા. 45 પ્રતિ કિ.ગ્રા. હોય અને કારખાના Q દ્વારા પ્રતિ કિ.ગ્રા. ચોખા પર મૂળ કિંમતના 20% જેટલો નફો મળ્યો હોય તો કારખાના Q ને થયેલ કુલ નફો કેટલો હશે ?

(A) રૂા. 5,256 (B) રૂા. 5,346

(C) રૂા. 5,404 (D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

198. કારખાનાઓ P અને Q દ્વારા થયેલ કુલ વેચાણ અને કારખાનાઓ O અને N દ્વારા થયેલ કુલ વેચાણનો ગુણોત્તર કેટલો થશે ?

(A) 51 : 77 (B) 55 : 73 (C) 77 : 51 (D) 77 : 53

199. રવિ એક રકમ સાદાવ્યાજે 4 વર્ષ માટે મૂકે છે અને બમણી રકમ પરત મેળવે છે. ત્યારબાદ સાદાવ્યાજનો દર પહેલા કરતાં 5% જેટલો વધી જાય તો કેટલા વર્ષમાં તેની રકમ બમણી થશે ?

(A) $\frac{11}{3}$ વર્ષ (B) 3.75 વર્ષ

(C) $\frac{10}{3}$ વર્ષ (D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

200. એક સમાંતર શ્રેણીનું પ્રથમ પદ 7 અને સામાન્ય તફાવત 3 હોય તો તેનું 18મું પદ કેટલું થશે ?

(A) 56 (B) 58 (C) 60 (D) 62

**DSP**

**PROVISIONAL ANSWER KEY**

| | |
|---|---|
| **Name of The Post** | **Deputy Section Officer / Deputy Mamlatdar, Class-3** |
| **Advertisement No** | **20/2019-20** |
| **Preliminary Test Held On** | **08-12-2019** |
| **Que. No.** | **001-200 (GS)** |
| **Publish Date** | **10-12-2019** |
| **Last Date to Send Suggestion (S)** | **16-12 -2019 (11:59 p.m.)** |

# Instructions / સૂચના

**Candidate must ensure compliance to the instructions mentioned below, else objections shall not be considered: -**

(1) All the suggestion should be submitted through online objection submission system only. Physical submission of suggestions will not be considered.

(2) Question wise suggestion to be submitted in the prescribed format (proforma) published on the website / online objection submission system.

(3) All suggestions are to be submitted with reference to the Master Question Paper with provisional answer key (Master Question Paper), published herewith on the website / online objection submission system. Objections should be sent referring to the Question, Question No. & options of the Master Question Paper.

(4) Suggestions regarding question nos. and options other than provisional answer key (Master Question Paper) shall not be considered.

(5) Objections and answers suggested by the candidate should be in compliance with the responses given by him in his answer sheet. Objections shall not be considered, in case, if responses givenin the answer sheet /response sheet and submitted suggestions are differed.

(6) Objection for each question shall be made on separate sheet. Objection for more than one question in single sheet shall not be considered.

**ઉમેદવારે નીચેની સૂચનાઓનું પાલન કરવાની તકેદારી રાખવી, અન્યથા વાંધા-સૂચન અંગે કરેલ રજૂઆતો ધ્યાને લેવાશે નહીં**

(1) ઉમેદવારે વાંધા-સૂચનો ફક્ત ઓનલાઈન ઓબ્જેક્શન સબમીશન સીસ્ટમ દ્વારા જ સબમીટ કરવાના રહેશે. રૂબરૂ અથવા ટપાલ દ્વારા આયોગની કચેરીએ મોકલવામાં આવેલ વાંધા-સૂચનો ધ્યાને લેવામાં આવશે નહીં જેની ખાસ નોંધ લેવી.

(2) ઉમેદવારે વાંધા-સૂચનો રજૂ કરવા વેબસાઈટ / ઓનલાઈન ઓબ્જેક્શન સબમીશન સીસ્ટમ પર પ્રસિધ્ધ થયેલ નિયત નમૂનાનો જ ઉપયોગ કરવો.

(3) ઉમેદવારે પોતાને પરીક્ષામાં મળેલ પ્રશ્નપુસ્તિકામાં છપાયેલ પ્રશ્નક્રમાંક મુજબ વાંધા-સૂચનો રજૂ ન કરતા તમામ વાંધા-સૂચનો વેબસાઈટ પર પ્રસિધ્ધ થયેલ પ્રોવિઝનલ આન્સર કી (માસ્ટર પ્રશ્નપત્ર)ના પ્રશ્ન ક્રમાંક મુજબ અને તે સંદર્ભમાં રજૂ કરવા.

(4) માસ્ટર પ્રશ્નપત્ર માં નિર્દિષ્ટ પ્રશ્ન અને વિકલ્પ સિવાયનાવાંધા-સૂચન ધ્યાને લેવામાં આવશે નહીં.

(5) ઉમેદવારે જે પ્રશ્નના વિકલ્પ પર વાંધો રજૂ કરેલ છે અને વિકલ્પ રૂપે જે જવાબ સૂચવેલ છે એ જવાબ ઉમેદવારે પોતાની ઉત્તરવહીમાં આપેલ હોવો જોઈએ. ઉમેદવારે સૂચવેલ જવાબ અને ઉત્તરવહીનો જવાબ ભિન્ન હશે તો ઉમેદવારે રજૂ કરેલ વાંધા-સૂચન ધ્યાનમાં લેવાશે નહીં.

(6) એક પ્રશ્ન માટે એક જ વાંધા-સૂચન પત્રક વાપરવું. એક જ વાંધા-સૂચન પત્રકમાં એકથી વધારે પ્રશ્નોની રજૂઆત કરેલ હશે તો તે અંગેના વાંધા-સૂચનો ધ્યાને લેવાશે નહીં.

**Website link for online objection submission system :** http://180.211.111.99/GPSC_Suggestion/

001. સિંધુ ખીણની સંસ્કૃતિના અવશેષો નીચેના પૈકી કયા વિસ્તારોમાંથી મળી આવ્યાં છે ?

i. અફઘાનિસ્તાન
ii. જમ્મુ
iii. બલુચિસ્તાન (પાકિસ્તાન)
iv. ગુજરાત

(A) ફક્ત i અને iv
(B) ફક્ત ii, iii અને iv
(C) ફક્ત iii અને iv
(D) i, ii, iii અને iv

002. ગુજરાતના પ્રાચિન ઈતિહાસ માટેનો મહત્વનો આધારભૂત ગ્રંથ, ''પ્રબોધ ચિંતામણિ'' .......... એ રચ્યો હતો.

(A) મેરુતુંગસૂરિ
(B) હેમચંદ્રાચાર્ય
(C) મહેન્દ્રપ્રભસૂરિ
(D) જિનપદ્મ

003. ફિરંગીઓએ .......... ને હરાવીને ગુજરાતના સાગરકિનારે મજબૂત કિલ્લેબંધી કરી હતી.

(A) મુહમ્મદશાહ ત્રીજા
(B) બહાદુરશાહ
(C) અહમદશાહ ત્રીજા
(D) સિકંદરશાહ

004. નીચેના પૈકી કયા સંતો નિર્ગુણ ભક્તિધારાના પ્રતિનિધિઓ હતાં ?

i. કબીર
ii. રૈદાસ
iii. નાનક
iv. દાદુ દયાળ

(A) ફક્ત i
(B) ફક્ત i અને ii
(C) ફક્ત i, ii, અને iii
(D) i, ii, iii અને iv

005. ''કવ્વાલી'' નામની ગાન પધ્ધતિનો વિકાસ .......... એ કર્યો.

(A) અમીર ખુસરો
(B) શર્કી સુલતાના
(C) માળવાના સુલતાન બાજ બહાદુર
(D) ખોરાસાની

006. મરાઠા સંઘ તૂટી પડ્યા બાદ પેશવાની સત્તા ફક્ત .......... માં રહી.

(A) ગ્વાલિયર
(B) વડોદરા
(C) પૂના
(D) નાગપુર

007. .......... ની અધ્યક્ષતા નીચે નીમવામાં આવેલા ન્યાયપંચે ભારતીય કાયદાની સંહિતા તૈયાર કરી, તેને પરિણામે 'ઈન્ડિયન પિનલ કોડ' જેવી ન્યાય સંહિતાઓ તૈયાર થઈ.

(A) કોર્નવોલીસ
(B) વિલિયમ બેન્ટિક
(C) મેકોલે
(D) મિન્ટો

008. .......... ઘણા અંશે ખ્રિસ્તી સિધ્ધાંતો અને આચારોના હિમાયતી હતાં અને તેમના અનુસાર પાશ્ચાત્ય આદર્શોમાં રહેલી સમાનતાનો આશ્રય લઈ જાતિપ્રથાનો વિરોધ કરવો જોઈએ.

(A) દેવેન્દ્રનાથ ટાગોર
(B) કેશવચંદ્ર સેન
(C) રામકૃષ્ણ ભંડારકર
(D) મહાદેવ ગોવિંદ રાનડે

009. .......... એ હિંદુસ્તાની જજ અંગ્રેજોના મુકદમા પણ ચલાવી શકે એવી જોગવાઈ કરતું ઈલ્બર્ટ બિલ ધારાસભામાં પસાર કરાવવા તજવીજ કરી.

(A) લૉર્ડ લીટ્ટન
(B) લૉર્ડ રિપન
(C) લૉર્ડ મેકોલે
(D) લૉર્ડ વિલિયમ બેન્ટિક

010. સરદાર વલ્લભભાઈ પટેલ બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

i. તેઓએ પ્રથમ ગોધરામાં વકીલાત શરૂ કરી.

ii. તેઓ 1917 માં મુંબઈ નગરપાલિકાના પ્રમુખ બન્યા.

iii. તેઓએ 1923 માં નાગપુર ઝંડા સત્યાગ્રહનું સુકાન સંભાળ્યું.

(A) ફક્ત i અને ii (B) ફક્ત i અને iii (C) ફક્ત ii અને iii (D) i, ii અને iii

011. ભારતમાં પ્રાચિનકાળમાં વિનિમયના સાધન તરીકે વપરાતી કોડીને ગુજરાતમાં .......... નામે ઓળખવામાં આવતી હતી.

(A) કોકિણી (B) ભાગક (C) કાપર્દક (D) વરાટક

012. જૂનાગઢના ઉપરકોટની ગુફાઓ કયા ધર્મની સ્થાપત્યકળા ધરાવે છે ?

i. બૌધ્ધ ii. જૈન

(A) ફક્ત i (B) ફક્ત ii

(C) i અને ii બંને (D) i અને ii પૈકી કોઈ નહીં

013. નીચેના પૈકી કયા ભીમદેવ-I ના સમયના પ્રસિધ્ધ સ્થાપત્યકીય સ્મારકો છે ?

i. મહમૂદ ગઝનવી દ્વારા તોડવામાં આવેલા સોમનાથનું પુનઃ નવું મંદિર

ii. આબુ પરની વિમલસતિ

iii. મોઢેરાનું સૂર્યમંદિર

(A) ફક્ત i અને ii (B) ફક્ત ii અને iii (C) ફક્ત i અને iii (D) i, ii અને iii

014. કાશ્મીરનો કવિ બિલ્હણ દખ્ખણ જતાં પહેલાં થોડો સમય ગુજરાતમાં રહ્યો અને એ દરમ્યાન એણે .......... ના પ્રણય અને પરિણય ઉપર નાટિકા રચી.

(A) સિધ્ધરાજ જયસિંહ (B) માલવપતિ મૂંજ (C) કર્ણદેવ-I (D) કુમારપાલ

015. પાટણનું સહસ્ત્રલિંગ સરોવર અગાઉ .......... સરોવરના નામે ઓળખાતું હતું.

(A) સ્વાતિ (B) દુર્લભ (C) અણહિલ (D) ઉદયમતિ

016. સોલંકી કાળમાં નીચેના પૈકી કઈ કાલગણનાનો ઉપયોગ થતો હતો ?

i. વિક્રમ સંવત ii. સિંહ સંવત

(A) ફક્ત i (B) ફક્ત ii

(C) i અને ii બંને (D) i અને ii પૈકી કોઈ નહીં

017. રાજા કુમારપાલે વ્યાકરણ વિષયક .......... નામે ગ્રંથ લખ્યો.

(A) ગણ દર્પણ (B) પ્રમાણમીમાંસા (C) તરંગવઈ (D) વસંતવિલાસ

018. અમેરિકામાં ભારતની સ્વાતંત્ર્ય ચળવળમાં ક્રાંતિકારી પ્રવૃત્તિઓ ચલાવનાર લાલા હરદયાલના સૂચનથી 'ગદર' નામનું સાપ્તાહિક નીચેના પૈકી કઈ ભાષાઓમાં પ્રસિધ્ધ કરવામાં આવતું હતું ?

i. અંગ્રેજી ii. ઉર્દૂ iii. મરાઠી iv. ગુરુમુખી

(A) ફક્ત i અને ii (B) ફક્ત i, ii અને iii

(C) ફક્ત i, ii અને iv (D) i, ii, iii અને iv

019. સ્વતંત્રતા બાદ દેશમાં રાજ્યોની યોગ્ય રચના સૂચવવા સારૂ નીમવામાં આવેલ "રાજ્ય પુનર્ગઠન આયોગ" (States Reorganisation Commission) ના અધ્યક્ષ .......... હતાં.

(A) ફઝલ અલી (B) બાબાસાહેબ આંબેડકર

(C) સરદાર પટેલ (D) સીતારમૈયા

020. વડોદરાના રાજવી સયાજીરાવ ગાયકવાડ III બાબતે નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ?

i. તેઓએ બેંક ઓફ બરોડાની સ્થાપના કરી.

ii. તેઓએ વિધવા વિવાહને પ્રોત્સાહન આપ્યું.

iii. અસ્પૃશ્યતા નિવારણને ટેકો આપ્યો.

iv. નિ:શુલ્ક અને ફરજીયાત પ્રાથમિક શિક્ષણ.

(A) ફક્ત i, ii અને iii (B) ફક્ત i, iii અને iv

(C) ફક્ત ii, iii અને iv (D) i, ii, iii અને iv

021. ભાવનગરના દિવાન .......... એ 1924 માં પ્રથમ સાવરકુંડલા મહાલમાં પંચાયતી રાજ્યનો સફળ પ્રયોગ કર્યો હતો અને પછી તે મુખ્ય રાજ્યભરમાં વહીવટી વ્યવસ્થા સ્થાપવા કાયદો કર્યો હતો.

(A) ગૌરીશંકર ઉદયશંકર ઓઝા (B) પ્રભાશંકર પટ્ટણી

(C) વિઠ્ઠલદાસ શામળદાસ મહેતા (D) પરમાનંદદાસ મહેતા

022. નીચેના પૈકી કોણે લંડન ખાતે યોજાયેલી ત્રણેય ગોળમેજી પરિષદોમાં ભાગ લીધો હતો ?

i. જવાહરલાલ નહેરૂ ii. ડૉ. બાબાસાહેબ આંબેડકર iii. મહંમદઅલી જિન્નાહ iv. તેજ બહાદૂર સપ્રુ

(A) ફક્ત i અને ii (B) ફક્ત ii અને iv

(C) ફક્ત i અને iii (D) ફક્ત i અને iv

023. નીચેના પૈકી ગુજરાત કયા દેશી રજવાડાઓએ સ્વતંત્રતા પૂર્વે રેલ્વેની સુવિધાઓ વિકસાવી હતી ?

i. ભાવનગર ii. જામનગર iii. જુનાગઢ iv. કચ્છ

(A) ફક્ત i, ii અને iii (B) ફક્ત i, ii અને iv

(C) ફક્ત ii, iii અને iv (D) i, ii, iii અને iv

024. નીચેના પૈકી કયો પ્રદેશ પોર્ટુગીઝ શાસનની ચુંગાલમાંથી સૌપ્રથમ મુક્ત થયો હતો ?

(A) દાદરાનગર હવેલી (B) દીવ

(C) ગોવા (D) પૉન્ડીચેરી

025. જ્યારે સૌરાષ્ટ્રના મુખ્યમંત્રી ઉછંગરાય ઢેબર બન્યા ત્યારે તેના રાજપ્રમુખ પદે ......... નિયુક્ત થયાં.

(A) ક્રિષ્ણકુમારસિંહજી, ભાવનગર (B) ભાગવતસિંહજી, ગોંડલ

(C) જામસાહેબ, જામનગર (D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

026. વસ્ત્રોના ખાસ પ્રકાર માટે વિખ્યાત નગરોને યોગ્ય રીતે જોડો.

| <u>વસ્ત્ર</u> | <u>નગર</u> |
|---|---|
| a. મેઘાડંબર | i. સુરત |
| b. મગિયા | ii. અમદાવાદ |
| c. અતલસ | iii. માંગરોળ |
| d. કિનખાબ | iv. ધોળકા |

(A) a - i, b - ii, c - iii, d - iv (B) a - i, b - ii, c - iv, d - iii

(C) a - iv, b - iii, c - i, d - ii (D) a - iv, b - iii, c - ii, d - i

027. ગાંધીનગર જિલ્લાના રૂપાલ ગામમાં ધાર્મિક એકતા અને અસ્પૃશ્યતાના નિવારણની આલબેલ પોકારતી પલ્લીના ઉત્સવની વિધિ બાબતે નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ?

i. દલિતો શમી વૃક્ષનું લાકડું લાવે છે.

ii. સુથાર તેમાંથી પલ્લી (લાકડાનો રથ) બનાવે છે.

iii. લુહાર માતાનું છત્ર બનાવે છે.

iv. વહોરાઓ કૂંડામાં કપાસિયા પૂરે છે.

(A) ફક્ત i અને ii (B) ફક્ત i, ii અને iii

(C) ફક્ત i, ii અને iv (D) i, ii, iii અને iv

028. જોડકાં જોડો.

| | |
|---|---|
| a. ગોવર્ધનરામ ત્રિપાઠી | i. પરપોટાની પાંખ |
| b. ઉમાશંકર જોષી | ii. પડઘા અને પડછાયા |
| c. પન્નાલાલ પટેલ | iii. ઉઘાડી બારી |
| d. ઈલા આરબ મહેતા | iv. સ્નેહમુદ્રા |

(A) a - i, b - ii, c - iii, d - iv (B) a - i, b - ii, c - iv, d - iii

(C) a - iv, b - iii, c - i, d - ii (D) a - iv, b - iii, c - ii, d - i

029. શેણી-વિજાણંદની જાણીતી લોકકથામાં વિજાણંદ .......... બહુ સારું વગાડતો.

(A) રાવણહથ્થો (B) જંતર (C) સુરંદો (D) ડફ

030. નીચેના પૈકી કયા લોકનૃત્યમાં બાજોઠના ચાર ખૂણે ખપાટું બાંધી તેના ચારેય છેડાને ઉપરથી ભેગા કરી, તેને ફરતી ચૂંદડી બાંધી. અંદર માતાજીની સ્થાપના કરવામાં આવે છે અને ગામના ચોકમાં ઘરની સ્ત્રી તેને માથે મૂકી ગરબા ગાય છે અને વાજતે-ગાજતે માતાજીના મઢે જાય છે ?

(A) જાગનૃત્ય (B) રાંદલનો ઘોડો (C) ઠાગાનૃત્ય (D) અશ્વનૃત્ય

031. અમદાવાદ હાજા પટેલની પોળમાં આવેલ શાંતિનાથની પોળના શાંતિનાથના દેરાસરનો રંગમંડપ અને ઘૂમટ .......... નો કલાપૂર્ણ નમૂનો છે.

(A) શિલ્પ સ્થાપત્ય
(B) ચિત્રકામ
(C) કાષ્ટ સ્થાપત્ય
(D) ધાતુ સ્થાપત્ય

032. પિઠોરા ચિત્રકલા બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

i. દક્ષિણ ગુજરાતના સીમાંત પ્રદેશો ઉમરગામ, ધરમપુર અને ડાંગમાં વસતાં કૂંકણા લોકોનું ધાર્મિક ભીંતચિત્ર છે.

ii. પિઠોરાના ભીંતચિત્રનું કથાવસ્તુ લગ્નના ઉત્સવનું છે.

iii. પિઠોરાની ચિત્રકલા સાથે ગાયન, વાદન અને વર્તન અર્થાત્ લોકનૃત્યો પણ ભળે છે.

(A) ફક્ત i અને ii
(B) ફક્ત ii અને iii
(C) ફક્ત i અને iii
(D) i, ii અને iii

033. ગુજરાતમાં 11મી - 12મી સદીથી હસ્તલિખિત પોથીઓ તૈયાર કરવા માટે .......... કાગળ ખાસ વપરાતો હતો.

(A) બલારપૂરી
(B) સાંગનેરી
(C) બાલાસોરી
(D) સતીયા

034. એક સમયે ઈડરનો ખરાદી સમુદાય .......... ઉદ્યોગ માટે પ્રખ્યાત હતો.

(A) ધાતુપાત્ર
(B) અત્તર
(C) રમકડાં
(D) ચર્મ

035. પ્રસિધ્ધ સંગીતકાર બૈજુ બાવરા .......... ના દરબારનો નામાંકિત ગવૈયો હતો.

(A) હુમાયુ
(B) જહાંગીર
(C) શાહજહાં
(D) મહમૂદ બેગડો

036. "સંસ્કૃત બોલે તે શું થયું, કાંઈ પ્રાકૃતમાંથી નાસી ગયું ?" .......... ની જાણીતી કાવ્યપંક્તિ છે.

(A) પ્રેમાનંદ
(B) નરસિંહ મહેતા
(C) અખો
(D) વલ્લભ મેવાડો

037. બિહારમાંની આજીવિકા સંપ્રદાયની ગુફાઓ અને ભરહૂત તથા સાંચીના સ્તૂપોની કલામાં .......... કાળની ઉત્કૃષ્ટ કલાનમૂના પ્રાપ્ત થાય છે.

(A) સૂત્ર (B) મૌર્ય (C) નંદ (D) ગુપ્ત

038. કાલિદાસ જેવા મહાકવિ, આર્યભટ્ટ અને વરાહમિહિર જેવા ખગોળશાસ્ત્રી અને ગણિતશાસ્ત્રીઓ .......... કાળમાં થયાં.

(A) મૌર્ય (B) ગુપ્ત (C) ચૌલુક્ય (D) પાલ

039. ''હૃદયના શુધ્ધ પ્રેમીને, નિગમના જ્ઞાન ઓછાં છે.'' – આ પ્રસિધ્ધ નાટ્યગીતના રચયિતા કોણ હતાં ?

(A) પ્રભુલાલ દ્વિવેદી (B) અવિનાશ વ્યાસ

(C) વલ્લભ ભટ્ટ (D) ઈન્દુલાલ ગાંધી

040. ''તમે મારા દેવના દીધેલ છો, તમે મારા માગી લીધેલ છો, આવ્યા છો ત્યારે અમર થઈને રહો.'' - આ ગુજરાતી લોકગીત કયા પ્રકારનો છે ?

(A) લગ્નગીત (B) બાળગીત

(C) હાલરડું (D) વ્રતગીત

041. ગુજરાતના પિરાજી સાગરાનું નામ કઈ કલા સાથે જોડાયેલું છે ?

(A) સંગીતકલા (B) ચિત્રકલા

(C) શિલ્પકલા (D) અભિનય

042. ખેડબ્રહ્મા-પોશીના વિસ્તારના આદિવાસીઓનો ગુણભાંખરી ગામે .......... ભરાય છે.

(A) ચિત્ર-વિચિત્ર મેળો (B) રંગપંચમીનો મેળો

(C) ચાડિયામેળો (D) પાંડુરીમાતાનો મેળો

043. જોડકાં જોડો.

| | |
|---|---|
| a. ટિપ્પણી નૃત્ય | i. ધરમપુરના આદિવાસીઓનું લોકનૃત્ય |
| b. શિકાર નૃત્ય | ii. મહેસાણા જિલ્લાના ઠાકોરોનું લોકનૃત્ય |
| c. રૂમાલ નૃત્ય | iii. દક્ષિણ ગુજરાતના હળપતિ આદિવાસીઓનું લોકનૃત્ય |
| d. ઘેર(ઘેરૈયા) નૃત્ય | iv. સૌરાષ્ટ્રના ચોરવાડ તથા વેરાવળની ખારવણ બહેનોનું લોકનૃત્ય |

(A) a - iv, b - i, c - ii, d - iii (B) a - iv, b - i, c - iii, d - ii

(C) a - ii, b - iii, c - iv, d - i (D) a - ii, b - iii, c - i, d - iv

044. ગુજરાતના આદિવાસીઓ સંદર્ભે ''તારપુ'' શું છે ?

(A) મેળો (B) ચિત્રકલાની શૈલી

(C) પરંપરાગત પોશાક (D) લોકવાદ્ય

045. ''વાદળ વાયુ વીજ વસંત, કડકે ગાજે ઉપલ પંડત;
ધનુષ અને પરિવેશે ભાણ, હિમ પડે દશ ગરભ પ્રમાણ''.

ઉપરોક્ત પંક્તિઓ નીચેના પૈકી કઈ લાક્ષણિકતા સાથે સંકળાયેલી છે ?

(A) ભડલી વાક્યો
(B) લગ્નગીત
(C) શૌર્યગીત
(D) મરશિયા ગીત

046. ભોજા ભગત નામના સંત કવિએ .......... કાવ્ય પ્રકાર લોકપ્રિય કર્યો.

(A) છપ્પા
(B) ચાબખા
(C) દોહા
(D) સાખી

047. ભક્તકવિ વલ્લભે કયાં માતાજીની ઉપાસના કરતાં ''આનંદનો ગરબો''ની રચના કરી હતી ?

(A) ચામુંડા માતા, ચોટીલા
(B) મહાકાલી માતા, પાવાગઢ
(C) બહુચરાજી
(D) અંબાજી

048. ગુજરાતનું નીચેના પૈકી કયું તીર્થસ્થળ પર્વત આઠસોથી વધુ જૈનમંદિરોની ભવ્યતા ધરાવે છે ?

(A) પાલિતાણા
(B) ગિરનાર
(C) શંખેશ્વર
(D) પાવાગઢ

049. .......... નું આ વચન – ''જાતિ પાંતિ પૂછે નહીં કોઈ, હરિકો ભજે સૌ હરિકો હોઈ.'' – ભક્તિ આંદોલનનું સૂત્ર બની ગયું હતું.

(A) કબીર
(B) મીરાબાઈ
(C) સ્વામી રામાનંદ
(D) નરસિંહ મહેતા

050. .......... ખાતે આવેલી સાસુની વાવ અને વહુની વાવ તરીકે પ્રખ્યાત વાવ પૌરાણિક અને શ્રૃંગારિક પ્રકારના શિલ્પો માટે જાણીતી છે.

(A) સિધ્ધપુર (પાટણ જિલ્લો)
(B) કુંભારિયા (બનાસકાંઠા જિલ્લો)
(C) ખંડોસણ (મહેસાણા જિલ્લો)
(D) કાલેશ્વરી (મહીસાગર જિલ્લો)

051. ભારતનું નીચેના પૈકી કયું મુખ્ય નદી તટ ક્ષેત્ર (river basins) પાણીનો સૌથી વધુ સરેરાશ વાર્ષિક સ્ત્રાવ (average annual discharge) કરે છે ?

(A) બ્રહ્મપુત્રા
(B) કાવેરી
(C) ગોદાવરી
(D) ક્રિષ્ણા

052. 2011ની વસ્તી ગણતરી અનુસાર ભારતના .......... ધાર્મિક જૂથે સૌથી ઊંચું જાતિપ્રમાણ નોંધાવ્યું છે.

(A) ઈસ્લામ
(B) શીખ
(C) ખ્રિસ્તી
(D) બૌધ્ધ

053. વસ્તીની કૃષિ ઘનતા નીચેના પૈકી કયા વચ્ચેનો ગુણોત્તર છે ?

(A) કુલ વસ્તી અને કુલ વાવેતર કરેલ જમીન

(B) કૃષિ વસ્તી અને અનાજ હેઠળની જમીન

(C) કૃષિ વસ્તી અને કુલ વાવેતર કરેલ જમીન

(D) કૃષિ વસ્તી અને કુલ ભૌગોલિક વિસ્તાર

054. A m w ઉષ્ણ કટિબંધીય ચોમાસુ આબોહવા .......... માં જોવા મળે છે.

(A) કોંકણ, ગોવા, કર્ણાટક અને કેરળનો દરિયાકિનારો

(B) કર્ણાટક, મહારાષ્ટ્ર અને તેલંગાણા ઉચ્ચપ્રદેશ

(C) તામિલનાડુ અને આંધ્રનો દરિયાકિનારો

(D) મધ્યપ્રદેશ, છત્તીસગઢ અને ઓરિસ્સા

055. 'Albedo of the Earth' .......... દર્શાવે છે.

(A) મૃદાવરણ (Lithosphere) અને વાતાવરણ (atmosphere) થી પરાવર્તિત થતાં કિરણોત્સર્ગની કુલ માત્રા

(B) મૃદાવરણ (Lithosphere), જલાવરણ (hydrosphere) અને વાતાવરણ (atmosphere) થી પરાવર્તિત થતાં કિરણોત્સર્ગની કુલ માત્રા

(C) હિમાચ્છાદિત ક્ષેત્રો અને વાદળોથી પરાવર્તિત થતાં કિરણોત્સર્ગની કુલ માત્રા

(D) પૃથ્વીના વાતાવરણથી પરાવર્તિત થતાં કિરણોત્સર્ગની કુલ માત્રા

056. ઉષ્ણ કટિબંધીય ચક્રવાત અને સમશીતોષ્ણ ચક્રવાત વચ્ચેના તફાવત બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

i. સમશીતોષ્ણ ચક્રવાત એ માત્ર સમુદ્ર ઉપર જ વિકસે છે જ્યારે ઉષ્ણ કટિબંધીય ચક્રવાત એ સમુદ્ર અને જમીન બંને ઉપર વિકસે છે.

ii. ઉષ્ણ કટિબંધીય ચક્રવાત ઉનાળા દરમ્યાન વિકસે છે.

iii. સમશીતોષ્ણ ચક્રવાત સામાન્ય રીતે શિયાળા દરમ્યાન વિકસે છે.

iv. ઉષ્ણ કટિબંધીય ચક્રવાતની ગતિ પૂર્વથી પશ્ચિમ તરફ હોય છે.

(A) i, ii, iii અને iv
(B) ફક્ત i, ii અને iii
(C) ફક્ત ii, iii અને iv
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

057. અરવલ્લીની પર્વતમાળા વિશે નીચેના પૈકી કયું વિધાન / કયા વિધાનો સાચું / સાચાં છે ?

i. તેની કુલ લંબાઈ 1000 કીમી છે.

ii. તે ઉદયપુર અને જયપુરના ફળદ્રુપ ક્ષેત્રોને રાજસ્થાનના અર્ધરણ પ્રદેશથી અલગ પાડે છે.

iii. નર્મદા નદી અરવલ્લીના નીકટવર્તી ક્ષેત્રમાં ફાટખીણમાંથી વહે છે.

(A) i, ii અને iii
(B) ફક્ત ii અને iii
(C) ફક્ત i અને iii
(D) ફક્ત ii

058. નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો ખોટું / ખોટાં છે ?

i. પશ્ચિમી દરિયાકાંઠાના મેદાનો કાઠીયાવાડ સાગરતટ કચ્છના રણથી દક્ષિણમાં દમણ સુધી વિસ્તરેલાં છે.

ii. ખંભાતનો અખાત સૌરાષ્ટ્ર ક્ષેત્રને ગુજરાતના બાકીના ભાગથી અલગ પાડે છે.

iii. પશ્ચિમઘાટ તાપી નદીથી કન્યાકુમારી સુધી વિસ્તરેલો છે.

iv. પશ્ચિમઘાટ એ ફક્ત પાંચ રાજ્યોમાં વિસ્તરેલો છે.

(A) i, ii, iii અને iv

(B) ફક્ત iv

(C) ફક્ત i, ii અને iii

(D) ફક્ત ii, iii અને iv

059. ગુજરાતમાં જંગલોની બાબતમાં નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

i. ગુજરાતનો 9.7% ભાગ જંગલ વિસ્તાર તરીકે ઘોષિત કરેલો છે.

ii. કુલ જંગલ ક્ષેત્રના 0.19% ક્ષેત્ર અતિગાઢ જંગલો છે.

iii. રાજ્યના કુલ જંગલ ક્ષેત્રના 11.16% ખુલ્લા જંગલ વિસ્તાર હેઠળ આવે છે.

iv. રાજ્યના કુલ જંગલ ક્ષેત્રના 0.76% એ ઝાડી-ઝાંખરાવાળા વન વિસ્તાર હેઠળ આવે છે.

(A) i, ii, iii અને iv

(B) ફક્ત ii, iii અને iv

(C) ફક્ત iii અને iv

(D) ફક્ત iv

060. ગુજરાતમાં ગીર જાતિની ગાય બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

i. સોરઠી એ ગીર જાતિની ગાયનું સમાનાર્થી નામ છે.

ii. દેઓની, નીમારી જેવી અન્ય સ્વદેશી જાતિઓ વિકસાવવામાં તેનો ફાળો છે.

iii. આ જાતિનું અન્ય સમાનાર્થી નામ વઢિયારી છે.

iv. તેના શીંગડા વિશિષ્ટ વળાંક ધરાવે છે. તે માથાના મૂળ ભાગથી શરૂ કરીને નીચે ઢળતા અને પાશ્ચાદવર્તી વળાંક ધરાવે છે.

(A) i, ii, iii અને iv

(B) ફક્ત ii, iii અને iv

(C) ફક્ત i, iii અને iv

(D) ફક્ત iii અને iv

061. ગુજરાતની રૂપેણ નદી વિશે નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

i. રૂપેણ નદી તારંગાની ટેકરીઓમાંથી ઉદ્ભવે છે અને કચ્છના રણને મળે છે.

ii. આ નદીની લંબાઈ આશરે 1500 કિમી છે.

iii. આ નદીની એકમાત્ર સહાયક નદી પુષ્પાવતી છે.

(A) ફક્ત i

(B) ફક્ત i અને iii

(C) ફક્ત i અને ii

(D) i, ii અને iii

**062.** ગુજરાતમાં ભૌગોલિક લક્ષણ (Geographical Indication (GI)) બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

i. ગુજરાતમાં ખંભાતના અકીક, કચ્છનું ભરતકામ અને પાટણના પટોળાએ ભૌગોલિક લક્ષણ પ્રાપ્ત કરેલ છે.

ii. ખંભાતના અકીક વિવિધ રંગો જેવા કે પીળો, લીલો, ગુલાબી, કાળો, સફેદ અને ભૂખરા રંગછટામાં જોવા મળે છે.

iii. ખંભાતના અકીક રાજપીપળાની ટેકરીઓમાંથી એકત્રિત કરવામાં આવે છે.

iv. અકીકની માળા બનાવવાની કળા આ ક્ષેત્રમાં 4000 વર્ષથી ચાલી આવે છે.

(A) ફક્ત i, ii અને iv
(B) ફક્ત ii, iii અને iv
(C) ફક્ત i, iii અને iv
(D) i, ii, iii અને iv

**063.** ગુજરાત રેલ્વે લાઈન બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

i. રેલ્વે મંત્રાલયે ગુજરાતમાં પાંચ નેરોગેજ રેલ્વે લાઈનને જાળવી રાખવાનું નક્કી કરેલ છે.

ii. પાંચ રેલ્વે લાઈન મૂળ જૂનાગઢના રજવાડી રાજ્યની માલિકીની હતી.

iii. ડભોઈ-મિયાગામ લાઈન કે જે 33 કિમીની લંબાઈ ધરાવે છે તે રાષ્ટ્રની સૌ પ્રથમ નેરોગેજ લાઈન હતી.

iv. રેલ્વે મંત્રાલયે આ પ્રથમ નેરોગેજ લાઈનને બ્રોડગેજમાં પરિવર્તન કરવાનું નક્કી કરેલ છે.

(A) i, ii, iii અને iv
(B) ફક્ત i, ii અને iv
(C) ફક્ત i, iii અને iv
(D) ફક્ત i અને iii

**064.** 2011ની વસ્તી ગણતરી પ્રમાણે ગુજરાતની આદિવાસી વસ્તીની બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

i. દેશની અનુસૂચિત જનજાતિની વસ્તીના 8.1% વસ્તી ગુજરાતમાં છે.

ii. તે ઉત્તરમાં માઉન્ટ આબુ પાસેની રાજસ્થાન સરહદથી શરૂ કરીને દક્ષિણમાં મહારાષ્ટ્રના દહાણુ જિલ્લાની સરહદ સુધી પૂર્વના જિલ્લાઓમાં કેન્દ્રીત થયેલ છે.

iii. ગુજરાતમાં ભીલ સૌથી વધુ વસ્તી ધરાવતું આદિવાસી જૂથ છે.

iv. ગુજરાતમાં સિદ્દી ''ખાસ કરીને સંવેદનશીલ આદિવાસી જૂથ'' (Particularly Vulnerable Tribal Group)માં સૌથી વધુ વસ્તી ધરાવે છે.

(A) ફક્ત i, ii અને iii
(B) ફક્ત i, ii અને iv
(C) ફક્ત ii, iii અને iv
(D) i, ii, iii અને iv

**065.** ભારતની ભૂગોળ બાબતે નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

i. ભારત વિશ્વમાં સૌથી મોટા દેશમાં સાતમા ક્રમે છે.

ii. સૌથી મોટા છ દેશો રશિયા, કેનેડા, ચીન, યુ.એસ.એ, ઓસ્ટ્રેલિયા અને દક્ષિણ આફ્રિકા છે.

iii. આંદામાન અને નિકોબાર તથા લક્ષદ્વીપનો સમાવેશ કરીને ભારત કુલ 10,516 કિમી (આશરે)નો સમુદ્ર તટ ધરાવે છે.

(A) ફક્ત i, ii અને iii
(B) ફક્ત ii અને iii
(C) ફક્ત i અને iii
(D) ફક્ત i

066. નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ?

i. ભારત અને શ્રીલંકાની જમીન વચ્ચેનું અંતર 29 કિમી છે.

ii. ભારતના સત્તાવાર નકશા અનુસાર ડુરાન્ડ રેખા અફઘાનિસ્તાનના હેરાત પ્રાન્ત (Herat Province) ને સ્પર્શે છે.

iii. ગીલગીટ-બાલટીસ્તાન કાશ્મીરના ઉત્તર પશ્ચિમી ક્ષેત્રો છે.

iv. મીનીકોય (Minicoy) દ્વીપ એ લક્ષદ્વીપમાં સૌથી મોટો દ્વીપ છે.

(A) i, ii, iii અને iv
(B) ફક્ત ii, iii અને iv
(C) ફક્ત i, iii અને iv
(D) ફક્ત i અને iii

067. પશ્ચિમ તરફ પ્રવાહ ધરાવતી નદીઓના લંબાઈના ઘટતા ક્રમને ધ્યાનમાં રાખીને નીચેના પૈકી કયો ક્રમ સાચા છે ?

(A) નર્મદા - તાપી - સાબરમતી - મહી
(B) નર્મદા - તાપી - મહી - સાબરમતી
(C) તાપી - નર્મદા - મહી - સાબરમતી
(D) સાબરમતી - નર્મદા - તાપી - મહી

068. નીચેના પૈકી કયું વિધાન ખોટું છે ?

(A) દખ્ખણ લાવામાંથી કાળી માટી રચાય છે અને દખ્ખણના ઉચ્ચપ્રદેશનો મોટો ભાગ આવરે છે.
(B) દખ્ખણના ઉચ્ચપ્રદેશના પૂર્વ અને દક્ષિણના ઓછા વરસાદના વિસ્તારોમાં સ્ફટીકમય અગ્નિકૃત ખડકો ઉપર લાલ માટી વિકસે છે.
(C) સ્ફટીકમય અને વિકૃત ખડકોમાં લોખંડના વિશાળ પ્રસારને લીધે કાળી માટીનો રંગ કાળો છે.
(D) કાંપવાળી જમીનમાં રંગનો પ્રકાર જમા થયેલ સામગ્રીની ઊંડાઈ અને રચના ઉપર આધાર રાખે છે.

069. ભારતમાં ચોમાસા બાબતે નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

(A) સપ્ટેમ્બરના પ્રથમ સપ્તાહ સુધીમાં પૂર્વ ઉત્તરનું ચોમાસુ પશ્ચિમ રાજસ્થાનમાંથી પાછું વળવાનું શરૂ કરે છે.
(B) ડિસેમ્બરના મધ્ય સુધીમાં ભૂમિભાગમાંથી ચોસામુ સંપૂર્ણપણે પાછું ખેંચાઈ જાય છે.
(C) ઉત્તરપૂર્વના પવનો જમીન તરફથી ફુંકાય છે, આ પવનો સૂકા હોય છે.
(D) ઉપરોક્ત તમામ

070. ભારતમાં જંગલોની બાબતમાં નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

i. ભારત વિશ્વના મેનગ્રુવ જંગલોનો આશરે 7% ક્ષેત્ર ધરાવે છે.

ii. 15 સેમી થી ઓછો વરસાદ ધરાવતા ક્ષેત્રોમા ઉષ્ણ કટિબંધીય કાંટાળા જંગલો જોવા મળે છે.

iii. ઉષ્ણ કટિબંધીય કાંટાળા જંગલો ઉત્તર ગુજરાત, દક્ષિણ પશ્ચિમ પંજાબમાં જોવા મળે છે.

(A) ફક્ત i અને iii
(B) ફક્ત i અને ii
(C) ફક્ત ii અને iii
(D) i, ii અને iii

**071.** નીચેના પૈકી કઈ જોડી ખોટી રીતે જોડાયેલી છે ?

(A) ચોખા – 75 થી 200 સેમી વરસાદ – કાંપની જમીન

(B) બાજરી – 30 થી 35 સેમી વરસાદ – રેતાળ જમીન - રાતી અને કાળી જમીન

(C) તમાકુ – 150 સેમી વરસાદ – ઓછા પાણીવાળી રેતાળ લોમ જમીન (less drained sandy loam)

(D) જવ – 75 થી 100 સેમી વરસાદ – હળવી ચીકણી માટી (light clay soil)

**072.** જોડકા જોડો.

| યાદી-I | યાદી-II |
|---|---|
| i. ટાટા આયર્ન એન્ડ સ્ટીલ કંપની | a. સમુદ્ર તટ આધારીત સ્ટીલ પ્લાન્ટ |
| ii. વિશ્વેસ્વરૈયા આયર્ન એન્ડ સ્ટીલ લીમીટેડ | b. સૌથી જૂનું સ્ટીલ કેન્દ્ર |
| iii. વિઝાગ સ્ટીલ પ્લાન્ટ | c. સ્ટેનલેસ સ્ટીલ |
| iv. સાલેમ સ્ટીલ પ્લાન્ટ | d. જળવિદ્યુત આધારિત |

(A) i - d, ii - c, iii - a, iv - b
(B) i - d, ii - b, iii - c, iv - a
(C) i - b, ii - c, iii - d, iv - a
(D) i - b, ii - d, iii - a, iv - c

**073.** નીચેના પૈકી કઈ જોડી ખોટી છે ?

(A) કંડલા – કચ્છના રણના પૂર્વ છેડે સ્થિત છે.

(B) ન્હાવાશેવા – માત્ર ખનીજ આયાત માટેનું બંદર

(C) મોરમુગાઓ – ઝુઆરી નદીના મુખના પ્રવેશ સ્થાને સ્થિત છે.

(D) મેંગ્લોર – દક્ષિણ પશ્ચિમી ચોમાસ દરમ્યાન સંચાલન થતુ નથી.

**074.** જોડકાં જોડો.

| યાદી-I | યાદી-II |
|---|---|
| i. રાષ્ટ્રીય જળમાર્ગ-I | a. ગંગા નદી |
| ii. રાષ્ટ્રીય જળમાર્ગ-II | b. બ્રહ્મપુત્રા નદી |
| iii. રાષ્ટ્રીય જળમાર્ગ-III | c. બ્રહ્માણી |
| iv. રાષ્ટ્રીય જળમાર્ગ-V | d. પશ્ચિમી કિનારાની નહેર |

(A) i - a, ii - b, iii - c, iv - d
(B) i - b, ii - c, iii - d, iv - a
(C) i - a, ii - b, iii - d, iv - c
(D) i - a, ii - c, iii - b, iv - d

075. જોડકા જોડો.

| યાદી-I | યાદી-II |
|---|---|
| i. બોન્ડા | a. ગુજરાત |
| ii. શોમ્પેન | b. નિકોબાર |
| iii. ઈરુલા | c. તમિલનાડુ |
| iv. કઠોડી | d. ઓરિસ્સા |

(A) i - a, ii - b, iii - c, iv - d
(B) i - d, ii - b, iii - c, iv - a
(C) i - c, ii - d, iii - a, iv - b
(D) i - d, ii - a, iii - b, iv - c

076. NITI આયોગના શાળા શિક્ષણ ગુણવત્તા સૂચકાંક 2019 (School Education Quality Index 2019)ના આધારે કેરળે મોટા રાજ્યોની શ્રેણીમાં ટોચના ક્રમે સ્થાન મેળવેલ છે. સૌથી નીચા ક્રમે .......... રાજ્ય હતું.

(A) કર્ણાટક (B) ગુજરાત (C) ઉત્તરપ્રદેશ (D) મહારાષ્ટ્ર

077. સૌથી મોટો અને લાંબો હિંદુ તહેવાર બડા દશાઈન (Bada Dashain) .......... દેશમાં શરૂ કરવામાં આવ્યો હતો.

(A) નેપાળ (B) શ્રીલંકા (C) કંબોડીયા (D) થાઈલેન્ડ

078. કણોના વાયુ પ્રદૂષણને અટકાવવા માટે 'Emissions Trading Scheme (ETS)' નામનો ભારતનો સૌ પ્રથમ ટ્રેડીંગ કાર્યક્રમ ગુજરાત સરકારે ......... ખાતે શરૂ કર્યો.

(A) અમદાવાદ (B) સુરત (C) વડોદરા (D) દહેજ

079. તાજેતરમાં નીચેના પૈકી કોને GJ 3512 B નામ આપવામાં આવ્યું ?

(A) IIT, ગાંધીનગર દ્વારા વિકસાવવામાં આવેલ નવીન ઈલેક્ટ્રીક વાહન
(B) ગુજરાતમાં મળી આવીલ નવીન ખનીજ
(C) અવકાશયાત્રીઓ દ્વારા ગુરુ જેવો નવો શોધાયેલો ગ્રહ
(D) ગુજરાતની પ્રથમ મેટ્રો ટ્રેન

080. વિશ્વ બધિર દિવસ (World Deaf Day), 2019, 29મી સપ્ટેમ્બરના રોજ મનાવવામાં આવ્યો. આ વર્ષની કોન્ફરન્સનો મુખ્ય વિચાર .......... હતો.

(A) Sign Language - Rights for all
(B) Sign Language - Let Learn it all
(C) Sign Language - Provide it all
(D) Sign Language - Our Language

081. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીને .......... કાર્યક્રમ માટે અમેરિકામાં બીલ અને મેલીન્ડા ગેટ્સ ફાઉન્ડેશન તરફથી Global Peace Keeper 2019નો એવોર્ડ પ્રાપ્ત થયો.

(A) પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના
(B) પ્રધાનમંત્રી જનધન યોજના
(C) પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના
(D) સ્વચ્છ ભારત અભિયાન

082. વિસ્થાપિત રોહિંગ્યા લોકોના મ્યાનમાર ભૂમિ પર પરત થવાની પ્રક્રિયા (on the grand-repatriation process) ની દેખરેખ અને મૂલ્યાંકનની ત્રિપક્ષીય પ્રક્રિયામાં .......... રાષ્ટ્રો સંયુક્ત રીતે સહમત થયા.

(A) બાંગ્લાદેશ, મ્યાનમાર અને ભારત
(B) ભારત, મ્યાનમાર અને નેપાળ
(C) બાંગ્લાદેશ, મ્યાનમાર અને ચીન
(D) મ્યાનમાર, ચીન અને નેપાળ

083. સૌ પ્રથમ વંદે ભારત એક્સપ્રેસ દિલ્હી અને વારાણસી વચ્ચે ચાલે છે અને બીજી વંદે ભારત એક્સપ્રેસ .......... વચ્ચે ચાલે છે.

(A) દિલ્હી અને અમદાવાદ
(B) દિલ્હી અને કટરા
(C) દિલ્હી અને મુંબઈ
(D) મુંબઈ અને અમદાવાદ

084. વર્લ્ડ ઈકોનોમીક ફોરમ દ્વારા જારી કરવામાં આવેલ 2019 ગ્લોબલ કોમ્પીટીટીવનેસ ઈન્ડેક્સ 4.0 અનુસાર ભારત ..........મા ક્રમે આવ્યું.

(A) 18
(B) 28
(C) 48
(D) 68

085. 2019નું શરીર વિજ્ઞાન / ચિકિત્સા વિજ્ઞાનનું નોબેલ પુરસ્કાર ત્રણ વ્યક્તિઓને તેમની .......... શોધ માટે એનાયત કરવામાં આવ્યું.

(A) કોષો કઈ રીતે ઓક્સીજનની ઉપલબ્ધતાની સમજણ અને સંવેદનશીલતા જાણે છે.
(B) મગજ કઈ રીતે હૃદય સુધી લોહીનું પરિભ્રમણ કરે છે.
(C) યકૃતમાં મધુપ્રમેહ કઈ રીતે અટકાવવું.
(D) કેવી રીતે વાયરસના હુમલા દરમ્યાન કોષ રોગપ્રતિકારક શક્તિ પ્રતિક્રિયા આપે છે.

086. સંયુક્ત રાષ્ટ્રના International Migrants Stock 2019 અનુસાર નીચેના પૈકી કયા દેશો અનુક્રમે સૌથી વધુ આંતરરાષ્ટ્રીય સ્થળાંતર કરનાર અને યજમાન દેશો તરીકે ટોચના ક્રમે આવ્યા ?

(A) ચીન અને USA
(B) મેક્સીકો અને USA
(C) ભારત અને USA
(D) સીરીયા અને રશિયા

087. નેશનલ થર્મલ પાવર કોર્પોરેશન લીમીટેડે ગુજરાતના કચ્છ ખાતે .......... ની ક્ષમતા ધરાવતા દેશનો સૌથી મોટો સૌર ઊર્જા પાર્ક સ્થાપિત કરવાનું આયોજન કર્યું છે.

(A) 10 Giga watt (GW)
(B) 5 Giga watt (GW)
(C) 1 Giga watt (GW)
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

088. સરકારે સેવાના .......... વર્ષ દરમ્યાન મૃત્યુ પામનાર સરકારી કર્મચારીના કુટુંબ પેન્શનમાં વધારો કરેલ છે. કર્મચારીઓ હવે આ અગાઉના દસ વર્ષના સમયગાળા માટે છેલ્લે મેળવેલ પગારના જે 30% હતા તેને બદલે .......... ના દરે પેન્શન મેળવશે.

(A) 7, 50%
(B) 5, 35%
(C) 8, 40%
(D) 4, 50%

089. વિશાખાપટ્ટનમ ખાતે ભારત અને .......... વચ્ચે સૌ પ્રથમ Tri Services Exercise Tiger Triumph આયોજવામાં આવી.

(A) રશિયા
(B) ચીન
(C) બાંગ્લાદેશ
(D) યુ.એસ.એ.

090. તાજેતરમાં નીચેના પૈકી કયા દેશે દક્ષિણ દોરનોગોવી પ્રાન્ત (Southern Dornogovi Province) ખાતે ભારત દ્વારા ફંડ મેળવેલ રીફાઈનરીના નિર્માણનો આરંભ કર્યો ?

(A) મોંગોલિયા
(B) કોંગો
(C) ઝામ્બિયા
(D) ઈરાન

091. રક્ષામંત્રીએ ફ્રાંસ તરફથી પ્રથમ રાફેલ (Rafale) એરક્રાફ્ટ મેળવેલ છે. આ એરક્રાફ્ટને પ્રથમ સ્ક્વેડ્રોન (Squadron) એ .......... ખાતે અને દ્વિતીય સ્વેડ્રોન (Squadron) .......... તૈનાત કરવામાં આવશે.

(A) પઠાણકોટ, હલ્દીયા
(B) અંબાલા, હસીમારા
(C) જોધપુર, ગંગટોક
(D) અંબાલા, કચ્છ

092. ભારત સરકારે GEMINI નામની વિપત્તિ ચેતવણી ઉપકરણ (Disaster Warning Device) નો આરંભ કરેલ છે. તે .......... માટે છે.

(A) હિમાલયમાં સેના
(B) સમુદ્ર તટ વિસ્તારની શાળાઓ
(C) માછીમારો
(D) ધરતીકંપની સંભવતિ ક્ષેત્રોમાં સ્થિત શાળાઓ

093. ભારતીય વૈજ્ઞાનિકોએ નોઈડા જળ પ્લાવિત વિસ્તાર (Wet land)માં પ્લાસ્ટીક ખાનારા બેક્ટેરીયાની શોધ કરી છે જેમને .......... નામ આપવામાં આવ્યું છે.

(A) NoI 11 અને GURUG 14
(B) Cle 11 અને Brg 14
(C) DR 11 અને DR 14
(D) Plas 11 અને Clas 14

094. વર્ષ 2019 નો નોબેલ શાંતિ પુરસ્કાર ઈથીયોપિયાના પ્રમુખ અબી એહમદને એનાયત થયો. આ .......... નોબેલ પુરસ્કાર .......... દ્વારા નક્કી કરવામાં આવ્યો.

(A) 101મો, સ્વીડીશ નોબેલ સમિતિ
(B) 99મો, નોર્વેજીયન નોબેલ સમિતિ
(C) 100મો, નોર્વેજીયન નોબેલ સમિતિ
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

095. ભારત સરકારે 175 ગીગા વોટ (GW) પુનઃપ્રાપ્ય ઊર્જા ઉત્પન્ન કરવાની અંતિમ તારીખ સુનિશ્ચિત કરી છે. આ બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

i. 175 GW ઉત્પાદન કરવાના લક્ષ્યાંક માટે જાન્યુઆરી 2022 નક્કી કરવામાં આવ્યો છે.

ii. આ એકત્રિત / સંચિત 125 GW ઊર્જા ઉત્પાદનમાં 120 GW સૌર, 40 GW પવન અને 15 GW જૈવ ઊર્જાનો લક્ષ્યાંક છે.

iii. પ્રધાનમંત્રીએ તેમની સંયુક્ત રાષ્ટ્રની મુલાકાત દરમ્યાન ભારત સમયાંતરે 450 GW ના પુનઃપ્રાપ્ય ઊર્જાનું ઉત્પાદન કરવાનું લક્ષ્યાંક ધરાવે છે તેવી જાહેરાત કરી હતી.

iv. આ 175 GW ઊર્જા ઉત્પાદન સંપૂર્ણપણે ખાનગી સંસ્થા દ્વારા જ કરવામાં આવશે.

(A) i, ii, iii અને iv
(B) ફક્ત i અને iii
(C) ફક્ત i, ii અને iii
(D) ફક્ત i, iii અને iv

096. મહાબલિપુરમ ખાતે ભારત-ચીન અનૌપચારિક મંત્રણા અંગે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

i. બંને નેતાઓએ 2020ના વર્ષને ભારત-ચીન સાંસ્કૃતિક અને લોકોથી લોકો વચ્ચેના વિનીમય તરીકે નામાંકિત કરવાનો નિર્ણય કર્યો.

ii. પ્રથમ અનૌપચારિક મુલાકાત 2017માં શાંઘાઈ, ચીન ખાતે યોજાઈ હતી.

iii. શાંઘાઈ ખાતેની પ્રથમ અનૌપચારિક મુલાકાત "શાંઘાઈ સ્પીરીટ" તરીકે જાણીતી છે.

iv. બીજી અનૌપચારિક મુલાકાત "ચેન્નાઈ કનેક્ટ" તરીકે જાણીતી છે.

(A) ફક્ત i અને iv
(B) ફક્ત ii અને iii
(C) i, ii, iii અને iv
(D) ફક્ત i, ii અને iv

097. ગુજરાતના નીચેના પૈકી કયા વારસાગત સીમા ચિહ્નોએ (Heritage Landmarks) 2019 માટે યુનેસ્કોનો (UNESCO) સાંસ્કૃતિક વારસા સંરક્ષણ એશિયા પેસિફિક ઍવોર્ડ જીત્યો ?

(A) રાણીની વાવ, પાટણ
(B) અમદાવાદનું ઈન્ડોલોજી મ્યુઝિયમ
(C) અડાલજની વાવ
(D) IIM, અમદાવાદની વિક્રમ સારાભાઈ લાયબ્રેરી

098. સંયુક્ત રાષ્ટ્ર દ્વારા 2010ના વર્ષથી પ્રત્યેક વર્ષે 15મી ઓક્ટોબર .......... ના જન્મદિન નિમિત્તે વિશ્વ વિદ્યાર્થી દિવસ તરીકે મનાવવામાં આવે છે.

(A) માર્ટિન લ્યુથર કિંગ જૂનીયર
(B) એ.પી.જે. અબ્દુલ કલામ
(C) સુનીતા વિલીયમ્સ
(D) સ્ટીવ જોબ્સ

099. તાજેતરમાં ઓક્ટોબર 2019માં આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ એ વર્લ્ડ ઈકોનોમીક આઉટલુક 2019 જારી કરેલ છે. આ બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

i. વૈશ્વિક અર્થતંત્ર સૌથી નીચા વૃદ્ધિદર 3% એ છે જે 2017 માં 3.8% હતો.

ii. આ અહેવાલમાં ભારતના વૃધ્ધિદરનો અંદાજ 2019માં 7.1% અને 2020માં 8% રહેશે.

iii. અદ્યતન (advanced) અર્થતંત્રનો વૃધ્ધિદર અંદાજીત 1.7% ઘટશે.

(A) i, ii અને iii

(B) ફક્ત ii અને iii

(C) ફક્ત i અને iii

(D) ફક્ત i અને ii

100. ભારત સરકાર દેશમાં 9 શહેરોમાં 14 Authorised World Skills India Training Centres સ્થાપવાનું આયોજન કરી રહેલ છે. આ કાર્યક્રમ હેઠળ ગુજરાતમાં નીચેના પૈકી કયા શહેરની પસંદગી કરવામાં આવી છે ?

(A) સુરત

(B) રાજકોટ

(C) વડોદરા

(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

101. નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

(A) ભારતના બંધારણના 44મા સુધારાએ અનુચ્છેદ દાખલ કર્યો જેમાં વડાપ્રધાનની ચૂંટણીને ન્યાયિક સમીક્ષાની બહાર રાખવામાં આવી.

(B) ભારતની સર્વોચ્ચ અદાલતે ભારતીય બંધારણનો 99મો સુધારો રદ કર્યો કારણ કે ન્યાયાલયની સ્વતંત્રતાનો ઉલ્લંઘનકારક હતો.

(C) (A) તથા (B) બંને

(D) (A) અથવા (B) બંને પૈકી કોઈ નહીં

102. નીચેના પૈકી કઈ સમિતિએ એવું સૂચન કર્યું કે રાજ્યપાલ એ રાજ્ય બહારની એક ખ્યાતનામ વ્યક્તિ હોવી જોઈએ કે જે ઘનિષ્ઠ રાજકીય જોડાણ વગરની અલિપ્ત વ્યક્તિ હોવી જોઈએ અને તેમણે તાજેતરના ભૂતકાળમાં રાજકારણમાં ભાગ લીધો ન હોવો જોઈએ ?

(A) પ્રથમ વહીવટી સુધારા આયોગ

(B) એ. ડી. ગોરવાલ કમિશન

(C) સરકારીયા કમિશન

(D) મોરારજી દેસાઈ કમિશન

103. ભારતીય બંધારણના કયા વિભાગમાં પુરુષ તથા સ્ત્રી બંને માટે ''સમાન વેતન સમાન કાર્ય''ની જોગવાઈ કરવામાં આવેલી છે?

(A) મૂળભૂત હક્કો

(B) મૂળભૂત ફરજો

(C) રાજ્યનીતિના માર્ગદર્શક સિધ્ધાંતો

(D) ઉપરોક્ત તમામ

104. લોક અદાલત બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

i. લોક અદાલત ન્યાયાલય સમક્ષ અનિર્ણિત હોય તેવા જ કેસો બાબતે કાર્યવાહી કરી શકે છે.

ii. લોક અદાલતને દીવાની અદાલતને મળેલી સત્તા જેટલી જ સત્તા હોય છે.

iii. લોક અદાલતને તેની સમક્ષ આવતા કોઈપણ વિવાદના નિરાકરણ માટે પોતાની કાર્યપધ્ધતિ સૂચિત કરવા માટે જરૂરી સત્તા આપવામાં આવે છે.

(A) i, ii અને iii
(B) ફક્ત i અને ii
(C) ફક્ત i અને iii
(D) ફક્ત ii અને iii

105. આર્મ્ડ ફોર્સીસ સ્પેશીયલ પાવર એક્ટ (AFSPA) હેઠળ નીચેના પૈકી કોને કોઈ વિસ્તારને અશાંત વિસ્તાર (disturbed area) તરીકે જાહેર કરવાની સત્તા છે ?

(A) ભારતના રાષ્ટ્રપતિ

(B) રાજ્યપાલ અને સંઘના પ્રદેશોના રાજ્યપાલો

(C) સશસ્ત્ર દળો

(D) (A) તથા (C) બંને

106. નીચે પૈકી કયું વિધાન એ 'અનુદાન માટેની માંગણી' (Demand for Grants) શબ્દને યોગ્ય રીતે વર્ણવે છે ?

(A) તે વાર્ષિક નાણાકીય પત્રકમાં સમાવિષ્ટ એકત્રિત ફંડમાંથી ખર્ચના અંદાજો છે કે જના ઉપર લોકસભામાં મતદાન જરૂરી છે.

(B) તે નાણાંકીય વર્ષના કોઈ ભાગ માટેના અંદાજીત ખર્ચને ધ્યાનમાં રાખીને અગાઉથી કરવામાં આવેલ અનુદાન છે.

(C) તે અણધાર્યા ખર્ચને પહોંચી વળવા રાષ્ટ્રપતિ વતી નાણાં સચિવ દ્વારા અગાઉથી કરવામાં આવેલ માંગણી છે.

(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

107. ભારતના નાગરિકત્વ બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

i. પાકિસ્તાન અને બાંગ્લાદેશના નાગરિકો ભારતની ઓવરસીઝ સીટીઝનશીપ માટે અરજી કરી શકે છે.

ii. ઓવરસીઝ સીટીઝન ઑફ ઈન્ડીયા કાર્ડ ધારકો ભારતમાં મિલકત ખરીદી શકે છે.

iii. ઓવરસીઝ સીટીઝન ઑફ ઈન્ડીયા વીઝા વિના ભારતની મુલાકાતે આવી શકે છે.

iv. કોમનવેલ્થના નાગરિકો ભારતમાં બે વર્ષના સમયગાળા સુધી રહીને ભારતીય નાગરિકતા માટે અરજી કરી શકે છે.

(A) i, ii, iii અને iv
(B) ફક્ત ii, iii અને iv
(C) ફક્ત ii અને iii
(D) ફક્ત ii અને iv

108. ભારતના બંધારણના અનુચ્છેદ 15 અંગે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

i. સેનાની ભરતીમાં પુરુષોની તરફેણ એ બાબત અનુચ્છેદ 15નો ભંગ કરતી નથી.

ii. અનુચ્છેદ 16(4) રાજ્યોને જાહેર રોજગારમાં પછાત વર્ગો માટે બેઠકો અનામત રાખવાની જોગવાઈની સત્તા આપે છે.

iii. સર્વોચ્ચ અદાલતે જીવનના અધિકારનું ગૌરવભેર જીવન જીવવાના અધિકાર (Right to Dignified Life) તરીકે અર્થઘટન કરેલ છે.

iv. અનુચ્છેદ 32(1) અનુસાર મૂળભૂત હકોના અમલીકરણની જવાબદારી સર્વોચ્ચ અદાલતની છે.

(A) i, ii, iii અને iv
(B) ફક્ત ii, iii અને iv
(C) ફક્ત i, ii અને iii
(D) ફક્ત ii અને iii

109. રાજ્યનીતિના માર્ગદર્શક સિધ્ધાંતો .......... પર નિયંત્રણ લાદે છે.

(A) ધારાકીય કાર્યો
(B) કારોબારી કાર્યો
(C) (A) તથા (B) બંને
(D) (A) અથવા (B) બંને પૈકી કોઈ નહીં

110. નીચેના પૈકી કઈ ફરજ ભારતના બંધારણમાં નિયત કરેલ ભારતના નાગરિકોની મૂળભૂત ફરજ નથી ?

(A) આપણી સમન્વિત સંસ્કૃતિના સમૃધ્ધ વારસાનું મૂલ્ય સમજી તેનું જતન કરવું.

(B) વૈજ્ઞાનિક માનસ, અને જિજ્ઞાસાની ભાવના વિકસાવવી.

(C) નબળા વર્ગોને સામાજીક અન્યાયથી સૂરક્ષિત કરવા.

(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં.

111. ભારતના રાષ્ટ્રપતિની ચૂંટણીના સંદર્ભમાં લાભદાયી હોદ્દો (Office of Profit) બાબતે નીચેના પૈકી કયું વિધાન ખોટું છે ?

(A) લાભદાયી હોદ્દો (Office of Profit) સંઘ સરકાર, રાજ્ય સરકાર કે સ્થાનિક સંસ્થાઓમાં કારોબારી સત્તાનો સંદર્ભ ધરાવે છે.

(B) જે કોઈ અધિકારી કોઈ નાણાંકીય ફાયદા સિવાય હોદ્દો ધરાવે તો તે પણ લાભદાયી હોદ્દા (Office of Profit) હેઠળ આવે છે.

(C) સ્વાયત્ત સંસ્થાઓમાં હોદ્દો ધરાવતા હોય તેને લાભદાયી હોદ્દો (Office of Profit) ધરાવતા ગણવામાં આવતા નથી.

(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

112. નીચેના પૈકી કયો વિભાગ કાયદો અને ન્યાય મંત્રાલય હેઠળ આવતો નથી ?

(A) ન્યાય વિભાગ

(B) કાયદાકીય બાબતો વિભાગ

(C) રાજ્યોનો વિભાગ

(D) ધારાકીય (Legislative) વિભાગ

113. લોકસભાના અધ્યક્ષની સત્તાઓ બાબતે નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

i. જો અધ્યક્ષ પોતાનો પક્ષ છોડવવાનો નિર્ણય કરે તો તે કિસ્સામાં પક્ષાંતર વિરોધી કાયદો તેમના ઉપર લાગુ પડશે.

ii. જ્યારે અધ્યક્ષને હોદ્દા ઉપરથી દૂર કરવાની બાબતનો ઠરાવ વિચારણા પર લેવામાં આવેલ હોય ત્યારે તેઓ પ્રમુખ સ્થાન લઈ શકે નહીં.

iii. અધ્યક્ષ, તેમને હોદ્દા ઉપરથી દૂર કરવાની બાબત સિવાયની અન્ય તમામ બાબતોમાં ગૃહમાં મતદાન કરી શકે છે.

(A) i, ii અને iii
(B) ફક્ત ii અને iii
(C) ફક્ત i અને iii
(D) ફક્ત ii

114. નીચેના પૈકીની કઈ સંસદીય પ્રવૃત્તિઓ બંધારણીય નહિ, માત્ર પરંપરાગત છે ?

i. ખરડાનું ત્રણવાર વાંચન

ii. રખેવાળ (caretaker) સરકાર માત્ર રોજબરોજના વહીવટ પૂરતી મર્યાદિત રહે તે અપેક્ષિત છે.

iii. સંસદના ત્રણ સત્રો

iv. રાષ્ટ્રપતિ વટહુકમ બહાર પાડવા માટે અધિકાર ધરાવે છે.

(A) i, ii, iii અને iv
(B) ફક્ત ii, iii અને iv
(C) ફક્ત i, ii અને iii
(D) ફક્ત i અને ii

115. ખાતાકીય સ્થાયી સમિતિ (Departmental Standing Committees) બાબતે નીચેના પૈકી કયું વિધાન ખોટું છે ?

(A) કેન્દ્ર સરકારના વિવિધ મંત્રાલયો અને વિભાગોને સંલગ્ન કુલ 24 સ્થાયી સમિતિઓ છે.

(B) પ્રત્યેક સમિતિ 25 સભ્યોની બનેલી હોય છે (લોકસભામાંથી 15 અને રાજ્યસભામાંથી 10)

(C) મંત્રી વિભાગીય સ્થાયી સમિતિનો સભ્ય બની શકે નહીં.

(D) વિભાગીય સ્થાયી સમિતિના સભ્યની મુદત 1 વર્ષની હોય છે.

116. રાજ્યના રાજ્યપાલ બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

i. રાષ્ટ્રપતિ રાજ્યપાલને ગમે ત્યારે દૂર કરી શકે પરંતુ તે માટે કારણ દર્શાવવું આવશ્યક છે.

ii. ગુજરાતના રાજ્યપાલ સૌરાષ્ટ્ર ક્ષેત્રના વિકાસ માટે જવાબદાર છે.

iii. રાજ્યપાલ રાજ્યની ધારાસભા દ્વારા નાણાંબીલ સહિતના પસાર કરવામાં આવેલ કોઈપણ ખરડાને રાષ્ટ્રપતિની વિચારણા માટે અનામત રાખી શકે છે.

iv. ભારતમાં સ્થાપિત પરંપરા અનુસાર રાજ્યપાલે રાષ્ટ્રપતિને પંદર દિવસે અહેવાલ મોકલવાનો હોય છે.

(A) i, ii, iii અને iv
(B) ફક્ત ii, iii અને iv
(C) ફક્ત ii અને iii
(D) ફક્ત ii અને iv

117. ભારતીય રાષ્ટ્રપતિના ‘‘વીટો પાવર’’ (Veto Power) બાબતે નીચેના પૈકી કઈ જોડીઓ સાચી છે ?

i. સંપૂર્ણ વીટો (Absolute Veto) – તે રાષ્ટ્રપતિ જાહેર કરે કે તે ખરડાની મંજૂરી અટકાવે છે. જો તે આવું કરે તો ખરડાનો અંત આવે છે.

ii. નિલંબનકારી વીટો (Suspensive Veto) – તે રાષ્ટ્રપતિ સૂચનો સાથે અથવા સૂચનો સિવાય ખરડાને સંસદની પુનઃવિચારણા માટે મોકલે છે.

iii. ક્વોલિફાઈડ વીટો (Qualified Veto) – જો રાષ્ટ્રપતિ ખરડા પર કોઈ કાર્યવાહી ન કરે

iv. સંપૂર્ણ વીટો (Absolute Veto) – રાષ્ટ્રપતિ મંત્રી મંડળની સલાહ વિના સંપૂર્ણ વીટોનો ઉપયોગ કરે છે.

(A) i, ii, iii અને iv (B) ફક્ત ii, iii અને iv (C) ફક્ત iii અને iv (D) ફક્ત i અને ii

118. રાજ્યસભાની રચના બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

i. બંધારણ રાજ્યસભાની મહત્તમ સભ્ય સંખ્યા 250 સુનિશ્ચિત કરે છે.

ii. હાલમાં રાજ્યસભાની સભ્ય સંખ્યા 250 ની છે. જે પૈકી 238 રાજ્યો તથા દિલ્હી અને પુડુચેરી સંઘપ્રદેશોના પ્રતિનિધિઓ છે તથા 12 સભ્યો રાષ્ટ્રપતિ દ્વારા નામાંકિત કરેલા છે.

iii. સભ્ય 35 વર્ષથી નીચેની વયનો ન હોવો જોઈએ.

iv. બંધારણની ચોથી અનુસૂચિમાં રાજ્યસભામાં રાજ્યો અને સંઘપ્રદેશોની બેઠકોની ફાળવણી બાબતે જોગવાઈ કરવામાં આવી છે.

(A) i, ii, iii અને iv (B) ફક્ત i અને iv

(C) ફક્ત ii અને iii (D) ફક્ત i, iii અને iv

119. સંસદના બંને ગૃહોની સંયુક્ત બેઠક નીચેના પૈકી કઈ પરિસ્થિતિના લીધે થાય છે ?

(A) પ્રથમ ગૃહ ખરડો પસાર કરે છે. અને બીજું ગૃહ કેટલાક સુધારા સૂચવે છે કે જે પ્રથમ ગૃહને સ્વીકાર્ય નથી.

(B) પ્રથમ ગૃહ ખરડો પસાર કરે છે. અને બીજું ગૃહ 14 દિવસના સમયગાળા સુધી ખરડા ઉપર કોઈ કાર્યવાહી કરતું નથી.

(C) (A) તથા (B) બંને

(D) (A) અથવા (B) પૈકી કોઈ નહીં

120. નીચેના પૈકી કઈ જોડીઓ સાચી છે ?

i. વિનિયોગ ખરડો – ત્રણ પ્રકારના ખર્ચનો સમાવેશ થાય છે.

ii. વિશ્વાસ પર મંજૂર કરવાના અનુદાન (Vote of Credit) – ભારતમાં આજ સુધી તે ત્રણ વખત હાથ ધરવામાં આવેલ છે.

iii. ઉધારેલું ખર્ચ (Charged expenditure) – વિનિયોગ ખરડાનો ભાગ

iv. લેખાનુદાન (Vote on account) – મંત્રી મંડળને ભારતના એકત્રિત ભંડોળ (consolidated fund)માંથી ખર્ચ કરવાનું ચાલુ રાખવાની સત્તા આપે છે.

(A) i, ii, iii અને iv (B) ફક્ત i, iii અને iv (C) ફક્ત i અને iv (D) ફક્ત ii અને iii

121. સંઘ સરકાર બાબતે નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

(A) કેબીનેટ સચિવની સલાહ અનુસાર વડાપ્રધાન દ્વારા ભારત સરકારના મંત્રાલયો અને વિભાગો રચવામાં આવે છે.

(B) વડાપ્રધાનની સલાહ અનુસાર ભારતના રાષ્ટ્રપતિ પ્રત્યેક મંત્રાલય મંત્રીને ફાળવે છે.

(C) (A) તથા (B) બંને

(D) (A) અને (B) બંને પૈકી કોઈ નહીં

122. પંચાયતી ચૂંટણી બાબતે નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

i. પંચાયતની ચૂંટણી લડવા માટે લઘુત્તમ વય 25 વર્ષ છે.

ii. પંચાયતની ચૂંટણી તાજેતરમાં થયેલ રાજ્યની ચૂંટણી માટે તૈયાર કરેલ મતદાર યાદીના આધારે કરવામાં આવે છે.

iii. ગામ સભા પંચાયત હેઠળ ગામની તમામ પુખ્ત વય ધરાવતી વસ્તીનો સમાવેશ કરે છે.

(A) i, ii અને iii (B) ફક્ત i અને ii (C) ફક્ત ii અને iii (D) ફક્ત ii

123. સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ બાબતે નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

i. ગ્રામ્ય અને શહેરી સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ ફરજીયાતપણે રાજકીય પક્ષ અનુસાર યોજવામાં આવે છે.

ii. રાજ્ય ચૂંટણી આયુક્તની નિમણૂક તથા તેમને દૂર રાજ્યપાલ દ્વારા કરવામાં આવે છે.

iii. સ્થાનિક સંસ્થાઓમાં અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ અને અન્ય પછાત વર્ગો માટે તેમની વસ્તીના પ્રમાણ અનુસાર બેઠકો અનામત રાખવામાં આવે છે.

(A) i, ii અને iii (B) ફક્ત ii અને iii (C) ફક્ત iii (D) ઉપરના પૈકી કોઈ નહીં

124. ભારતમાં કટોકટીની ઘોષણા બાબતે નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

i. નાણાકીય કટોકટીની જાહેરાતને સંસદે દર છ માસના ગાળે લંબાવવી પડે છે.

ii. વાસ્તવિક ઘટનાની બનવાની ધારણાએ પણ રાષ્ટ્રીય કટોકટી જાહેર કરી શકાય જ્યારે અનુચ્છેદ 356 હેઠળ વાસ્તવિક ઘટના ઘટ્યા પછી જ કટોકટી જાહેર કરી શકાય.

iii. નાણાંકીય કટોકટીમાં જે હોદ્દાઓનો પગાર ઘટાડી ન શકાય તેવા હોદ્દાઓ સિવાયના તમામ વર્ગના લોકોનો પગાર ઘટાડી શકાય.

(A) i, ii અને iii (B) ફક્ત ii અને iii (C) ફક્ત i અને iii (D) ફક્ત ii

125. ચૂંટણીના કાયદા પ્રમાણે નીચેના પૈકી કઈ પરિસ્થિતિઓમાં વ્યક્તિ સંસદ સભ્ય તરીકે ગેરલાયક ઠરે છે ?

i. તેઓ કોઈ ગુના માટે ગુનેગાર જાહેર થયા હોય અને તે કારણે 3 વર્ષ કે તેથી વધુ સમય માટે જેલની સજા થઈ હોય.

ii. તેઓની નિવારક અટકાયત કાયદા (Preventive Detention Law) હેઠળ અટકાયત કરવામાં આવી હોય.

iii. તેઓને અસ્પૃશ્યતા, દહેજ કે સતી જેવા સામાજીક ગુનાઓના પ્રચાર કરવા અથવા આચરવા બાબતે સજા કરવામાં આવી હોય.

iv. તેઓ ઉપર 12 માસથી વધુ સમય માટે મુકદ્દમો (અદાલતી કાર્યવાહી) ચાલ્યો હોય.

(A) i, ii, iii અને iv (B) ફક્ત ii, iii અને iv (C) ફક્ત ii અને iv (D) ફક્ત i, ii અને iii

126. એકંદર ઘરગથ્થુ ઉત્પાદન - Gross Domestic Product (GDP) અને એકંદર મૂલ્યવૃધ્ધિ - Gross Value Added (GVA) બાબતે નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

(A) GDP તથા GVA બંને પેદાશના (Output) માપદંડ છે.

(B) GVA ઉત્પાદનની ચોખ્ખી પ્રાપ્તિ (Net receipt) છે.

(C) GDP ઉપભોક્તાઓ દ્વારા કરવામાં આવેલ ખર્ચ છે.

(D) ઉપરોક્ત તમામ

127. ભારતના સંદર્ભમાં નીચેના પૈકી કયા પરિબળો ચલણ સંકટ (currency crisis) માટે જોખમી છે ?

i. ભારતના IT ક્ષેત્રની વિદેશી ચલણમાં આવક

ii. સરકારી ખર્ચમાં વધારો

iii. ભારતીયો દ્વારા પરદેશથી મોકલવામાં આવતા નાણાં

(A) ફક્ત i અને iii
(B) ફક્ત ii અને iii
(C) ફક્ત i અને ii
(D) i, ii અને iii

128. અટલ બીમીત વ્યક્તિ કલ્યાણ યોજના .......... સાથે સંકળાયેલી છે.

(A) રોજગારની બદલાતી પધ્ધતિને કારણે જેમણે નોકરી ગુમાવેલ છે તેમને નાણાંકીય સહાય.

(B) પરદેશમાં ભણતા વિદ્યાર્થીઓને નાણાકીય સહાય અને વીમો

(C) માત્ર એક બાળકી (દિકરી) ધરાવતી વિધવા સ્ત્રીને વીમો

(D) સગર્ભા સ્ત્રીઓને વીમો અને નાણાંકીય સહાય તથા બાળકી (દીકરી)ને વિશિષ્ટ લાભ

129. નીચેના પૈકી કઈ બે બેંકો દ્વારા MUDRA લોન આપવામાં આવે છે.

i. વાણિજ્યિ બેંકો

ii. સહકારી બેંકો

iii. નોન બેંકીંગ નાણાંકીય કંપનીઓ

(A) i, ii અને iii
(B) ફક્ત ii અને iii
(C) ફક્ત i અને iii
(D) ફક્ત i અને ii

130. કોર્પોરેટ ટેક્સ એ પ્રત્યક્ષ કર છે. કોર્પોરેટ ટેક્ષ બાબતો નીચેના પૈકી કયું વિધાન સાચું છે ?

(A) તે રાજ્ય દ્વારા વસૂલવામાં અને ફાળવણી કરવામાં આવે છે.

(B) તે સંઘ દ્વારા વસૂલવામાં આવે છે અને રાજ્ય દ્વારા ઉઘરાવવામાં અને ફાળવણી કરવામાં આવે છે.

(C) તે સંઘ દ્વારા વસૂલવામાં આવે છે અને સંઘ તથા રાજ્યો વચ્ચે હિસ્સેદારી કરવામાં આવે છે.

(D) તે સંઘ દ્વારા વસૂલવામાં આવે છે અને તે સંપૂર્ણપણે તેમનો જ ગણાય છે.

131. નીચેના પૈકી કઈ જોડીઓ સાચી છે ?

i. માળખાકીય બેરોજગારી – ઔદ્યોગિક પ્રક્રિયામાં ઓટોમેશનને કારણે મોટી સંખ્યામાં કારીગરો રોજગારી ગુમાવે છે.

ii. પ્રચ્છન્ન (disguised) બેરોજગારી – મજૂરની સીમાંત ઉત્પાદકતા શૂન્ય છે.

iii. વાસ્તવિક રાષ્ટ્રીય આવકમાં વધારો – ભાવમાં વધારાને કારણે રાષ્ટ્રની આવકમાં વધારો.

(A) i, ii અને iii
(B) ફક્ત ii અને iii
(C) ફક્ત i અને iii
(D) ફક્ત i અને ii

132. નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

i. લોખંડ અને પોલાદ ઉદ્યોગને ધીરાણ પ્રાથમિકતા ક્ષેત્ર (priority sector) ધિરાણનો ભાગ નથી.

ii. RBI દ્વારા ''સ્ટરિલાઈઝેશન'' (sterilization) ખુલ્લા બજારના કાર્યો (open market operations) દ્વારા કરવામાં આવે છે.

iii. RBIની બેંકોમાં જમા થાપણોનો પણ અનામત નાણા (reserve money) માં સમાવિષ્ટ થાય છે.

iv. જનતા પાસેનું ચલણ અને વાણિજ્યિક બેંકો દ્વારા RBI પાસે જાળવેલ થાપણોને નાણાંકીય આધાર (monetary base) કહેવાય છે.

(A) i, ii, iii અને iv
(B) ફક્ત i, ii અને iv
(C) ફક્ત ii અને iv
(D) ફક્ત i, ii અને iii

133. નીચેના પૈકી કઈ જોડી / જોડીઓ સાચી છે ?

i. નાણાંકીય ખાધ – કુલ આવક કરતાં કુલ ખર્ચ વધુ હોય.

ii. અંદાજપત્રીય ખાધ – મહેસૂલી આવક કરતાં મહેસૂલી ખર્ચ વધુ હોય.

iii. મહેસૂલી ખાધ – કુલ આવક બાદ ઉધાર કરતાં કુલ ખર્ચ વધુ હોય.

iv. પ્રાથમિક ખાધ – કુલ આવક બાદ ઉધાર અને વ્યાજની ચૂકવણી કરતાં કુલ ખર્ચ વધુ હોય.

(A) i, ii, iii અને iv
(B) ફક્ત ii અને iii
(C) ફક્ત i, ii અને iii
(D) ફક્ત iv

134. નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

i. નાણાની ખરીદ શક્તિ અથવા નાણાનું મૂલ્ય ભાવ સ્તર સાથે વ્યસ્ત પ્રમાણમાં ચાલે છે.

ii. ભારતમાં હેડલાઈન ફુગાવો (Headline inflation) ઉપભોક્તા ભાવ સૂચકાંકના (consumer price index) ફેરફારના સંદર્ભમાં માપવામાં આવે છે.

iii. આર્થિક વૃધ્ધિ સામાન્ય રીતે નકારાત્મક ફુગાવા (Deflation) સાથે જોડાયેલી છે.

iv. ભાવના સામાન્ય સ્તરમાં વધારો નાણાં પૂરવઠાની વૃધ્ધિને કારણે થઈ શકે છે.

(A) ફક્ત i, ii અને iv
(B) ફક્ત i, iii અને iv
(C) ફક્ત ii અને iv
(D) i, ii, iii અને iv

135. દેશનું એકંદર ઘરગથ્થુ ઉત્પાદન (GDP)ની ગણતરીમાં નીચેના પૈકી કઈ સેવાઓ ધ્યાને લેવામાં આવે છે ?

(A) ઘરઘાટી દ્વારા અપાયેલી સેવાઓ

(B) બિનસંગઠિત ક્ષેત્રના કામદાર દ્વારા પૂરી પાડવામાં આવેલી સેવાઓ

(C) (A) તથા (B) બંને

(D) (A) અને (B) બંને પૈકી કોઈ નહીં

136. ''પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના'' બાબતે નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

(A) આ યોજના અંતર્ગત ખેડૂતોએ વર્ષની કોઈપણ ઋતુમાં પકવેલા કોઈપણ પાક માટે 2% ના સમાન દરે પ્રીમીયમ ભરવું પડશે.

(B) આ યોજના ભૂતકાળમાં ચક્રવાત કે કમોસમી વરસાદને કારણે પાકને થયેલા નુકસાનનો સમાવેશ કરી લે છે.

(C) (A) તથા (B) બંને

(D) (A) અને (B) બંને પૈકી કોઈ નહીં

137. કૃષિ સબસીડી બાબતે નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

(A) ખાતરની સબસીડીનો ખર્ચ કેન્દ્ર સરકાર દ્વારા ઉઠાવવામાં આવે છે.

(B) પાણીની સબસીડીનો ખર્ચ રાજ્ય સરકાર દ્વારા ઉઠાવવામાં આવે છે.

(C) (A) તથા (B) બંને

(D) (A) અને (B) બંને પૈકી કોઈ નહીં

138. ભારતમાં સ્ટોક એક્સચેન્જ બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

i. પ્રાથમિક બજાર (primary market) એવું બજાર છે કે જ્યાં આઈ.પી.ઓ. (Initial Primary Offer (IPO)) આવે છે.

ii. ગૌણ બજાર અગાઉ જારી કરેલા નાણાકીય સાધનોના ખરીદી અને વેચાણની સુવિધા પૂરી પાડે છે.

iii. ભારત આંતરરાષ્ટ્રીય એક્ષચેન્જ (India International Exchange) દિલ્હીમાં 2017માં શરૂ કરવામાં આવ્યું.

iv. સેબી (SEBI) એ સ્ટોક માર્કેટના નિયમનકાર છે. તેના અધ્યક્ષ રોકાણકારો દ્વારા ચૂંટવામાં આવે છે.

(A) ફક્ત i અને ii

(B) ફક્ત iii અને iv

(C) ફક્ત i, ii અને iii

(D) i, ii, iii અને iv

139. વેન્ચર કેપીટલ (Venture Capital) એટલે શું ?

(A) નવા ઉદ્યોગ સાહસિકોને પૂરી પાડવામાં આવેલ ટૂંકાગાળાની સ્ટાર્ટઅપ (Start-up) મૂડી

(B) નવા ઉદ્યોગ સાહસિકોને પૂરી પાડવામાં આવેલ લાંબાગાળાની સ્ટાર્ટઅપ (Start-up) મૂડી

(C) ખોટ કરતા હોય એવા સમયે ઉદ્યોગોને પૂરું પાડવામાં આવેલું ભંડોળ

(D) ફક્ત (A) અને (B)

140. 2011ની વસ્તી ગણતરી સંદર્ભે નીચેના પૈકી કઈ જોડી સાચી છે ?

| વય જૂથ | પ્રતિશત વસ્તી |
|---|---|
| i. 0 – 14 | a. 28.76% |
| ii. 15 – 59 | b. 60.30% |
| iii. 60 અને ઉપર | c. 10.94% |

(A) i, ii અને iii (B) ફક્ત ii અને iii

(C) ફક્ત ii (D) ફક્ત i અને iii

141. નીચેના પૈકી કઈ જોડી સાચી છે ?

i. બાળ મરણ દર – પ્રત્યેક 100 જન્મ સાથે બાળકો (1 વર્ષથી નાની વયના)ના મૃત્યની સંખ્યા.

ii. માતૃ મરણ – દર 1,00,000 જીવંત જન્મ સાથે વાર્ષિક સ્ત્રી મૃત્યુ સંખ્યા.

iii. રાષ્ટ્રીય વસ્તી નીતિ – તે 2045 સુધીમાં વસ્તીના સ્તરનો બદલાવ પ્રાપ્ત કરવાનો લાંબાગાળાનો હેતુ ધરાવે છે.

(A) i, ii અને iii (B) ફક્ત ii અને iii

(C) ફક્ત i અને ii (D) ફક્ત i અને iii

142. લીડ બેન્ક (Lead Bank) યોજના બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

i. લીડ બેન્ક (Lead bank) યોજના 1969માં દાખલ કરવામાં આવી.

ii. તેમાં જાહેર અને ખાનગી બેંકોને વ્યક્તિગત રીતે લીડ ભૂમિકા (Lead role) અદા કરવા માટેની કલ્પના કરવામાં આવી.

iii. લીડ બેન્ક (Lead bank) યોજના માટે સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા નોડલ બેંક તરીકેનું કાર્ય કરે છે.

(A) i, ii અને iii (B) ફક્ત i અને ii

(C) ફક્ત ii અને iii (D) ફક્ત i અને iii

143. ભારતમાં આયોજન બાબતે નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

i. વિકાસની નેહરૂ - મહાલનોબીસ વ્યૂહરચનાએ બીજી પંચવર્ષીય યોજનાથી ભારતમાં યોજના પધ્ધતિને માર્ગદર્શન આપ્યું.

ii. આઠમી પંચવર્ષીય યોજના 2 વર્ષ પાછી ઠેલાઈ.

iii. 12મી પંચવર્ષીય યોજનાનું લક્ષ્યાંક એકંદર ઘરગથ્થુ ઉત્પાદન (GDP) અને માથાદીઠ આવકમાં ત્વરિત વધારા દ્વારા ઝડપી વૃધ્ધિ હતું.

iv. 11મી પંચવર્ષીય યોજના 'પ્રાથમિક ક્ષેત્ર' અર્થતંત્રનું મુખ્ય ગતિચાલક બળ છે, તે વિચાર સ્વીકારેલ છે.

(A) i, ii, iii અને iv (B) ફક્ત i, ii અને iii

(C) ફક્ત i અને ii (D) ફક્ત i

144. ભારતમાં ફૂડ પ્રોસેસીંગ ક્ષેત્રની બાબતમાં નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ?

i. સંપદા (SAMPADA) યોજના 2017માં લાગુ કરવામાં આવી.

ii. સંપદા (SAMPADA) યોજના મેઘા ફૂડ પાર્ક, સંકલિત કોલ્ડ સ્ટોરેજ ચેન વગેરે માટેની છત્ર યોજના છે.

iii. ફૂડ પ્રોસેસીંગ એકમો માટે એફડીઆઈ (FDI) ની 59% સુધીની મંજૂરી ઉપલબ્ધ છે.

(A) ફક્ત i અને ii
(B) ફક્ત ii અને iii
(C) ફક્ત i અને iii
(D) i, ii અને iii

145. કોઈપણ ચલણની આંતરરાષ્ટ્રીય બજારમાં કિંમત .......... દ્વારા સુનિશ્ચિત થાય છે.

i. વિશ્વ બેંક

ii. જે તે રાષ્ટ્ર દ્વારા પૂરી પાડવામાં આવતી વસ્તુ / સેવાઓ માટેની માંગ

iii. જે તે દેશની સરકારની સ્થિરતા

iv. ડોલરની સરખામણીમાં જે તે દેશની આર્થિક ક્ષમતા

(A) i, ii, iii અને iv
(B) ફક્ત ii અને iii
(C) ફક્ત i, ii અને iii
(D) ફક્ત ii, iii અને iv

146. લેણદેણની તુલા બાબતે નીચેના પૈકી કઈ જોડી ખોટી છે ?

i. વસ્તુઓ અને સેવાઓની આયાત – ચાલુખાતામાં ઉધાર

ii. ટ્રાન્સફર પેમેન્ટની આવક – ચાલુ ખાતામાં જમા

iii. સીધા રોકાણની આવક – મૂડી ખાતામાં જમા

iv. પોર્ટફોલીયો રોકાણ ચૂકવણી – ચાલુ ખાતામાં ઉધાર

(A) ફક્ત i, ii અને iii
(B) ફક્ત iv
(C) i, ii, iii અને iv
(D) ફક્ત ii અને iii

147. ભારતમાં નીચેના પૈકી કયા ક્ષેત્રોમાં સીધા વિદેશી રોકાણ (Foreign Direct Investment) ની પરવાનગી આપવામાં આવી નથી ?

i. ચીટ ફંડ (Chit funds)

ii. લોટરી વ્યાપાર અને જુગાર

iii. સીગાર અને ચીરુટ

iv. નીધિ કંપની

(A) i, ii, iii અને iv
(B) ફક્ત i, ii અને iv
(C) ફક્ત i, iii અને iv
(D) ફક્ત i, ii અને iii

148. નીચેના પૈકી કઈ સંસ્થાઓ વિશ્વ બેંકનું ગઠન કરે છે ?

i. ઈન્ટરનેશનલ બેંક ફોર રીકન્સ્ટ્રક્શન એન્ડ ડેવલપમેન્ટ

ii. ઈન્ટરનેશનલ ફાઈનાન્સ કોર્પોરેશન

iii. ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટ એસોશિયેશન

(A) i, ii અને iii
(B) ફક્ત i અને iii
(C) ફક્ત ii અને iii
(D) ફક્ત i અને ii

149. વિશ્વ વેપાર સંસ્થા - (WTO) શાસન હેઠળ મોસ્ટ ફેવર્ડ નેશન (Most Favoured Nation) ..........ના સિધ્ધાંત ઉપર આધારિત છે.

(A) રાષ્ટ્રો વચ્ચે કોઈ ભેદભાવ ન હોવો

(B) રાષ્ટ્રો વચ્ચે ભેદભાવ હોવો

(C) સ્થાનિકો અને પરદેશીઓ વચ્ચે ભેદભાવ ભર્યો વ્યવહાર

(D) ચીજ વસ્તુઓમાં સમાન જકાત

150. નીચેના પૈકી કઈ મ્યુચ્યુઅલ ફંડ સેવાઓ ભારતમાં ઉપલબ્ધ છે ?

(A) ઓપન એન્ડેડ સ્કીમ (Open ended schemes)

(B) ક્લોઝ્ડ એન્ડેડ સ્કીમ (Closed ended schemes)

(C) એક્સચેન્જ ટ્રેડેડ ફંડ્સ (Exchange traded funds)

(D) ઉપરોક્ત તમામ

151. વિશ્વની સૌથી મોટી ટ્રાન્સપોર્ટ સ્પેસશીપ કોઅ્નોટોરી-8 (Kounotori-8) કયા દેશ દ્વારા મૂકવામાં આવી ?

(A) ચીન
(B) જાપાન
(C) રશિયા
(D) યુ.એસ.એ. અને યુરોપ

152. ભારતીય નૌ સેના દ્વારા તાજેતરની બાબતો માટે નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ?

i. ભારતની દ્વિતીય સ્કોર્પિન-ક્લાસ (Scopene-class) એટેક સબમરીન આઈ.એન.એસ.-ખંડેરી (INS Khanderi) શરૂ કરવામાં આવી.

ii. તાજેતરમાં પ્રોજેક્ટ-17 આલ્ફા હેઠળ શિવાલિક-ક્લાસ-ફ્રીગેટ આઈ.એન.એસ.-નીલગીરી શરૂ કરવામાં આવી.

iii. આઈ.એન.એસ.-ખંડેરી (INS Khanderi) ના નામ અને લક્ષણો 'કાનેરી (Kanneri)' નામની માછલીના નામથી પ્રેરીત છે.

iv. પ્રોજેક્ટ 25 અંતર્ગત આઈ.એન.એસ. કલવરી (INS Kalvari) પ્રથમ સબમરીન હતી.

(A) i, ii, iii અને iv
(B) ફક્ત ii, iii અને iv
(C) ફક્ત iii અને iv
(D) ફક્ત i, ii અને iii

153. નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

(A) વર્ચ્યુઅલ મેમરી એ હાર્ડ ડ્રાઈવમાં રહેલી સ્પેસ છે કે જ્યાં ઓપરેટીંગ સીસ્ટમ જ્યારે તેની મેમરી ભરાઈ જાય ત્યારે ત્યાં ડેટા સ્ટોર કરે છે.

(B) RAM માંથી ડેટા મેળવવો એ વર્ચ્યુઅલ મેમરીમાંથી ડેટા મેળવવા કરતાં ધીમો છે.

(C) જો કોમ્પ્યુટર મેમરી બાઉન્ડ (Bound) હોય તો તેમાં વધુ RAM ઉમેરવાથી સમસ્યાનું નિરાકરણ થતું નથી.

(D) ઉપરોક્ત તમામ

154. માનવ રક્તના સંદર્ભમાં Rh ફેક્ટર .......... છે.

(A) રક્ત કણોની સપાટી પરના એન્ટીજન (Antigen) છે.

(B) રક્તના જામવાની ક્રિયા માટે જવાબદાર એન્જાઈમ (Enzyme) છે.

(C) રક્ત કણોની સપાટી પર એન્ટી બોડી (Antibody) છે.

(D) ઉપરોક્ત તમામ

155. નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

i. કૉર્નિયા (cornea) એક પાતળું પટલ છે જેમાંથી પ્રકાશ પ્રવેશ કરે છે.

ii. કૉર્નિયા (cornea) આકારમાં ગોળાકાર છે અને બહારની તરફ ઉપસેલો છે.

iii. આઈરીસ સ્નાયુનું ઘેરું ઉદરપટલ છે જે કીકીના કદનું નિયમન કરે છે.

iv. ટૂંકી નજરવાળાને બહિર્ગોળ લેન્સ વાપરવાની સલાહ આપવામાં આવે છે.

(A) i, ii, iii અને iv (B) ફક્ત i, ii અને iii (C) ફક્ત ii, iii અને iv (D) ફક્ત ii અને iii

156. બ્લુ-રે ડિસ્ક (Blue-ray Disc - BD) તરીકે ઓળખાતું ઓપ્ટીકલ ડિસ્ક (optical disc) નું નવું સ્વરૂપ (format) પ્રચલિત થઈ રહ્યું છે. તે પરંપરાગત ડી.વી.ડી. (DVD) થી કઈ રીતે અલગ પડે છે ?

i. ડી.વી.ડી. સ્ટાન્ડર્ડ ડેફીનેશન વિડીયો (standard definition video)ને સપોર્ટ કરે (support) છે જ્યારે બીડી (BD) હાઈ ડેફીનેશન વિડીયો (high definition video) ને (support) સપોર્ટ કરે છે.

ii. ડી.વી.ડીની સરખામણીમાં બી.ડી. અનેકગણી સ્ટોરેજ ક્ષમતા (storage capacity) ધરાવે છે.

iii. બી.ડી.ની જાડાઈ 2.4 mm છે જ્યારે ડી.વી.ડીની જાડાઈ 1.2 mm છે.

(A) i, ii અને iii (B) ફક્ત i અને iii (C) ફક્ત i અને ii (D) ફક્ત ii અને iii

157. ટ્રાફીક સિગ્નલ અને ચેતવણી દર્શક લાઈટ રંગ વર્ણપટમાં લાલ હોય છે કારણ કે ..........

(A) વર્ણક્રમમાં લાલ લંગની લાઈનનું આવર્તન સૌથી ઊંચુ છે.

(B) વર્ણક્રમમાં લાલ રંગની લાઈટનું પ્રકિર્ણન સૌથી ઓછું છે.

(C) (A) અને (B) બંને

(D) (A) અને (B) પૈકી કોઈ નહીં

158. માણેક (rubies) અને નીલમ (sapphires) રાસાયણિક રીતે .......... તરીકે ઓળખાય છે.

(A) સિલિકોન ડાયોક્સાઈડ
(B) એલ્યુમિનિયમ ઓક્સાઈડ
(C) લીડ ટ્રેટોક્સાઈડ
(D) બોરોન નાઈટ્રાઈડ

159. નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

(A) પ્લાસ્ટર ઓફ પેરીસને પાણી સાથે ભેળવતાં તે કડક થઈ જાય છે.
(B) પ્લાસ્ટર ઓફ પેરીસને પાણી સાથે ભેળવતાં તે જિપ્સમમાં ફેરવાઈ જાય છે.
(C) (A) અને (B) બંને
(D) (A) અને (B) પૈકી કોઈ નહીં

160. સજીવોના કોષોમાં કોષકેન્દ્ર (ન્યુક્લિયસ) સિવાયના નીચેના પૈકી કયાં ઓર્ગેનેલ્સ (organelles) ડી.એન.એ. (DNA) ધરાવે છે ?

(A) કોષ પટલ (Cell membrane)
(B) એન્ડોપ્લાઝિક રેટિક્યુલમ (endoplasmic reticulum)
(C) ગોલ્ગી બોડીઝ (Golgi bodies)
(D) મિટોકોન્ડ્રિયા (Mitochondria)

161. નીચેના પૈકી કઈ સસ્તનોની (mammals) લાક્ષણિકતાઓ છે ?

i. ચાર અંગ (limbs) ધરાવે છે.
ii. કાન બહારની તરફ ચોંટેલા હોય છે.
iii. જાળપાદ (webbed feet) - પગ - હોય છે.
iv. શરીર ઉપર વાળ અથવા રુંવાટી હોય છે.

(A) i, ii, iii અને iv
(B) ફક્ત i, ii અને iv
(C) ફક્ત ii, iii અને iv
(D) ફક્ત i, ii અને iii

162. નીચેના પૈકી કઈ જોડીઓ સાચી છે ?

i. વિટામિન B1 – થાઈમિન
ii. વિટામિન B3 – કોબાલામિન
iii. વિટામિન B2 – રાઈબોફ્લેવિન
iv. વિટામિન B6 – પાયરિડોક્સિન

(A) ફક્ત i, iii અને iv
(B) ફક્ત i, ii અને iv
(C) ફક્ત ii, iii અને iv
(D) i, ii, iii અને iv

163. નીચેના પૈકી કઈ જોડીઓ સાચી છે ?

| <u>સ્વીકારનારનું બ્લડગ્રુપ</u> | <u>દાતાનું બ્લડગ્રુપ</u> |
|---|---|
| i. $O^+$ | $O^+$, $O^-$ |
| ii. $AB^+$ | $AB^+$, $AB^-$, $B^+$, $B^-$, $A^+$, $A^-$, $O^+$, $O^-$ |
| iii. $AB^-$ | $AB^-$, $B^-$, $A^-$, $O^-$ |
| iv. $A^-$ | $A^-$, $O^-$ |

(A) ફક્ત i અને ii
(B) ફક્ત ii અને iii
(C) ફક્ત i, ii અને iii
(D) i, ii, iii અને iv

164. જોડકાં જોડો.

| <u>યાદી-I</u> | <u>યાદી-II</u> |
|---|---|
| i. એડ્રિનાલિન | a. ગુસ્સો, ભય અને જોખમ |
| ii. એસ્ટ્રોજન | b. ગંધના ભાવ દ્વારા સાથીને આકર્ષિત કરવું |
| iii. ઈન્સ્યુલીન | c. માદાઓ |
| iv. ફેરોમોન્સ | d. ગ્લુકોઝ |

(A) i - c, ii - a, iii - d, iv - b
(B) i - a, ii - c, iii - b, iv - d
(C) i - a, ii - c, iii - d, iv - b
(D) i - c, ii - a, iii - b, iv - d

165. માનવોમાં સામાન્ય રીતે નીચેના પૈકી કઈ જગ્યાએ શુક્રાણુ અંડકોષને ફલિત કરે છે ?

(A) સર્વિક્સ (Cervix)
(B) ફેલોપિન ટ્યુબ
(C) ગર્ભાશયનો નીચેનો ભાગ
(D) ગર્ભાશયનો ઉપરનો ભાગ

166. ડેંગ્યુ તાવ બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

i. ડેંગ્યુ તાવ બ્રેક બોન ફીવર (Breakbone Fever) તરીકે પણ ઓળખાય છે.

ii. તે ચાર અલગ જાતના વાયરસને કારણે થાય છે.

iii. ડેંગ્યુ અને ઝીકા બંનેનો ચેપ એડીસ એજિપ્ટી મચ્છર દ્વારા થાય છે.

iv. ડેંગ્યુ તાવનો સેવનનો તબક્કો (incubation period) આશરે 3 થી 8 દિવસ સુધીનો હોય છે.

(A) i, ii, iii અને iv
(B) ફક્ત ii, iii અને iv
(C) ફક્ત i, ii અને iv
(D) ફક્ત i, ii અને iii

167. કાલપક્કમ - મિનિ (કામિનિ) બાબતે નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ?

i. કાલપક્કમ મિનિ કાલપક્કમ ખાતે સ્થાપવામાં આવેલો નાનો રીએક્ટર (reactor) છે.

ii. કાલપક્કમ મિનિ ભારતીય પરમાણુ શક્તિ કાર્યક્રમનું ત્રીજી પેઢીનું નિદર્શન છે.

iii. કાલપક્કમ મિનિ જર્મનીના સહયોગથી સ્થાપવામાં આવ્યું છે.

(A) i, ii અને iii
(B) ફક્ત ii અને iii
(C) ફક્ત i અને ii
(D) ફક્ત i અને iii

168. ક્રાયોજેનિક એન્જીનમાં વપરાતું પ્રોપેલેન્ટ .......... ધરાવે છે.

(A) ઘન હાઈડ્રોજન ઈંધણ તરીકે અને પ્રવાહી ઓક્સિજન ઓક્સિડાઈઝર તરીકે

(B) પ્રવાહી હાઈડ્રોજન ઈંધણ તરીકે અને ઘન ઓક્સિજન ઓક્સિડાઈઝર તરીકે

(C) પ્રવાહી હાઈડ્રોજન ઈંધણ તરીકે અને પ્રવાહી ઓક્સિજન ઓક્સિડાઈઝર તરીકે

(D) ઘન હાઈડ્રોજન ઈંધણ તરીકે અને ઘન ઓક્સિજન ઓક્સિડાઈઝર તરીકે

169. "તે ખૂબ જ ઈંધણ કાર્યક્ષમ છે, ફક્ત ઊંચકવાના તબક્કા દરમ્યાન તેમજ માર્ગ સુધારવાના પગલાઓ દરમ્યાન ઈંધણની જરૂરિયાત હોય છે." – આ વર્ણન નીચેના પૈકી કયા મિસાઈલ માટે બંધબેસતું છે ?

(A) ક્રુઝ મિસાઈલ
(B) બેલેસ્ટિક મિસાઈલ
(C) (A) અને (B) બંને
(D) (A) અને (B) બંને પૈકી કોઈ નહીં

170. ઈંધણ સેલ - ફ્યુઅલ સેલ (Fuel cell) બાબતે નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

(A) ફ્યુઅલ હાઈડ્રોજન અને ઓક્સિજનને વિજળી, પાણી અને ગરમીમાં ફેરવે છે.

(B) તે રાસાયણિક પ્રક્રિયા વડે વિજળી ઉત્પન્ન કરે છે પરંતુ દહન પ્રક્રિયા વિના

(C) (A) અને (B) બંને

(D) (A) અને (B) બંને પૈકી કોઈ નહીં

171. નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

(A) આઈ.પી. ટીવી (IP TV) ટેલીવિઝન સંકેતોને ડીજીટલ સંકેતો (digital signals)માં ફેરવે છે અને આ ડીજીટલ સંકેતોને પુનઃ ટેલીવિઝન સંકેતોમાં ફેરવે છે.

(B) એચ.ડી. ટીવી (HD TV) જીઓસ્ટેશનરી સેટેલાઈટ (Geostationary Satellite) મારફતે સક્ષમ (enabled) થાય છે.

(C) (A) અને (B) બંને

(D) (A) અને (B) બંને પૈકી કોઈ નહીં

172. નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ?

i. 3D પ્રિન્ટિંગના સ્તરથી સ્તર પ્રિન્ટિંગ માટે સ્લાઈસીંગ ઓપરેશન (slicing operation) પૂર્વજરૂરિયાત છે.

ii. જોઈતી વસ્તુનું ઉત્પાદન કરવા માટે 4D પ્રિન્ટિંગ સ્માર્ટ મટીરીયલ (smart materials) નો ઉપયોગ કરે છે.

iii. 4D પ્રિન્ટીંગ બહુવિધ ઉત્પાદન (Multiplicative manufacturing) આધારીત છે.

(A) i, ii અને iii
(B) ફક્ત i અને ii
(C) ફક્ત ii અને iii
(D) ફક્ત i અને iii

173. નીચેના પૈકી કયું / કયાં વાયરલેસ ટેકનોલોજીના જી.એમ. પરિવાર (GM family) નું / ના નથી ?

i. EDGE
ii. LTE
iii. DSL

(A) i, ii અને iii
(B) ફક્ત ii અને iii
(C) ફક્ત iii
(D) ફક્ત i

174. ફલેમિંગો સીટી (Flamingo City) .......... ના સંરક્ષિત જૈવમંડળ (biosphere reserve) સાથે સંકળાયેલી છે.

(A) મન્નારના અખાત
(B) માનસ
(C) સુંદરવન
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

175. નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ?

i. બે બાયેમ (Biomes)ને અલગ કરતાં સંક્રમણ ઝોન (transition zone) અથવા પ્રદેશને ઈકોટોન (Ecotone) કહે છે.

ii. નિવસનતંત્રની પોતાની સ્વયં નિયમનની ક્ષમતાને સમસ્થાપન - હોમિઓસ્ટેસિસ (homeostasis) કહે છે.

iii. જૈવિક સમુદાયમાં (biotic community) વસાહતીકરણ (colonisation) સકારાત્મક ક્રિયાપ્રતિક્રિયા (positive interaction)નો પ્રકાર છે.

(A) i, ii અને iii
(B) ફક્ત ii અને iii
(C) ફક્ત i અને ii
(D) ફક્ત i અને iii

176. ચાર જુદા જુદા ઈલેક્ટ્રોનિક ઉપકરણો અનુક્રમે દર 30 મિનિટ, 1 કલાક, 1 કલાક અને 30 મિનિટ તથા 1 કલાક અને 45 મિનિટે ચોક્કસ અવાજ (beep) કરે છે. જો બધા ઉપકરણોએ એકસાથે બપોરે 12 કલાકે અવાજ (beep) કર્યો હોય તો ફરી તેઓ કેટલા વાગે એકસાથે અવાજ (beep) કરશે ?

(A) રાત્રે 12:00 કલાકે
(B) સવારે 3:00 કલાકે
(C) સવારે 6:00 કલાકે
(D) ઉપરના પૈકી કોઈ નહીં.

177. એક વિદ્યાર્થી એક પુસ્તકનો 4/9 ભાગ એક દિવસમાં અને બાકી રહેલ પુસ્તકનો 3/5 ભાગ બીજે દિવસે વાંચે છે. જો હવે તેને 60 પાના વાંચવાના બાકી હોય તો તે પુસ્તકમાં કેટલા પાના હશે ?

(A) 210
(B) 260
(C) 270
(D) ઉપરના પૈકી કોઈ નહીં.

178. રસેશને 36 પાના ટાઈપ કરતાં 8 કલાક જ્યારે ઈલેશને 39 પાના ટાઈપ કરતા 6 કલાક લાગે છે. જો બંને સાથે કામ કરે તો 275 પાના ટાઈપ કરતા તેઓને કેટલો સમય લાગશે ?

(A) 24 કલાક
(B) 26 કલાક
(C) 25 કલાક
(D) ઉપરના પૈકી કોઈ નહીં.

179. એક દુકાનદાર 200 કિલો ચોખા રૂા. 7.25 પ્રતિ કિલોના ભાવે અને બીજા 400 કિલો ચોખા રૂા. 5.75 પ્રતિ કિલોના ભાવે ખરીદે છે. તે બંને ચોખા એકત્ર કરી તે મિશ્રણનો 1/3 ભાગ રૂા. 6 પ્રતિ કિલોના ભાવે વેચે છે. તો સમગ્ર મિશ્રણ પર 20% નફો મેળવવા બાકીનું મિશ્રણ તેણે કેટલા ભાવે વેચવું જોઈએ ?

(A) રૂા. 8
(B) રૂા. 8.25
(C) રૂા. 8.75
(D) ઉપરના પૈકી કોઈ નહીં.

★ (નિર્દેશ પ્રશ્ન 180-183 માટે) નીચે આપેલી વિગતોનો અભ્યાસ કરી આપેલા પ્રશ્નો માટે યોગ્ય વિકલ્પ શોધો.

**એક ચોક્કસ સાંકિતિક ભાષામાં 'her idea has merit' ને 'fo la bu na' તરીકે, 'merit list has been displayed' ને 'jo ke la si na' તરીકે, "her name displayed there" ને 'ya si bu zo' તરીકે તથા 'name is merit list' ને 'na ya go ke' તરીકે લખવામાં આવે છે.**

**180.** નીચે પૈકી **'ke'** કોને દર્શાવે છે ?

(A) been
(B) has
(C) merit
(D) ઉપરના પૈકી કોઈ નહીં.

**181.** **'idea'** નો સંકેત કયો છે?

(A) bu
(B) la
(C) fo
(D) ઉપરના પૈકી કોઈ નહીં.

**182.** નીચે પૈકી કયો વિકલ્પ **'name has been displayed'** દર્શાવે છે ?

(A) ya la ke si
(B) jo si ya la
(C) si jo ke ne
(D) ઉપરના પૈકી કોઈ નહીં.

**183.** નીચે પૈકી **'zo'** કોને દર્શાવે છે?

(A) there
(B) displayed
(C) name
(D) ઉપરના પૈકી કોઈ નહીં.

**184.** અઠવાડિયા દરમ્યાન દિવસના તાપમાનના સંદર્ભમાં નીચેની વિગતો ધ્યાને લો.

1) સોમવારનું તાપમાન મંગળવારના તાપમાન કરતાં ઓછું હતું.
2) બુધવારનું તાપમાન મંગળવારના તાપમાન કરતાં ઓછું હતું.
3) બુધવારનો દિવસ અઠવાડિયામાં સૌથી ઠંડો દિવસ હતો.
4) શનિવાર અઠવાડિયાનો સૌથી ગરમ દિવસ હતો.
5) ગુરૂવાર કરતા શુક્રવારે તાપમાન વધારે હતું.

ઉપર્યુક્ત માહિતી પરથી જણાવો કે નીચે આપેલ કયો વિકલ્પ સાચો નથી ?

(A) સોમવારનું તાપમાન બુધવાર કરતાં વધારે હતું.
(B) શુક્રવારનું તાપમાન સોમવારના તાપમાન કરતાં ઓછું હતું.
(C) ગુરૂવારનું તાપમાન શનિવારના તાપમાન કરતાં ઓછું હતું.
(D) ગુરૂવારનું તાપમાન બુધવારના તાપમાન કરતાં વધારે હતું.

★ (નિર્દેશ પ્રશ્ન 185 થી 187 માટે) નીચેની વિગતોનો અભ્યાસ કરી આપેલા પ્રશ્નો માટે યોગ્ય વિકલ્પ શોધો.

એક દેશની સરકાર તેની મર્યાદિત આવકને કઈ રીતે ખર્ચ કરવી તે અંગે વિચારણા કરે છે. તેનું અંદાજપત્ર રૂા. 70 લાખનું છે. જે તે આઠ કાર્યક્રમો વચ્ચે ફાળવી શકે છે. પરંતુ તે દેશના બંધારણ મુજબ અંદાજપત્રમાં કોઈપણ સિલક આગામી વર્ષમાં લઈ જઈ શકાતી નથી. તેમજ કોઈપણ કાર્યક્રમને અંશતઃ નાણા ફાળવી શકાતા નથી. એટલે કે તેમની માંગણી જેટલા જ નાણા ફાળવવાના રહે છે. તે આઠ કાર્યક્રમો તથા તેમની માંગણીઓ નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| 1) કુદરતી આપત્તિઓ | : | રૂા. 25 લાખ |
| 2) બંદરોનો વિકાસ | : | રૂા. 10 લાખ |
| 3) શાળાઓનો સંગીત કાર્યક્રમ | : | રૂા. 5 લાખ |
| 4) પ્રમુખના કાર્યાલયના નવીનીકરણ | : | રૂા. 15 લાખ |
| 5) કૃષિ સબસીડી કાર્યક્રમ | : | રૂા. 20 લાખ |
| 6) આકાશવાણી અને ટેલિવિઝન | : | રૂા. 5 લાખ |
| 7) લઘુ ઉદ્યોગો | : | રૂા. 30 લાખ |
| 8) આંતરરાષ્ટ્રીય વિમાનમથક | : | રૂા. 40 લાખ |

185. જો સંસદ કૃષિ સબસીડી કાર્યક્રમ, આકાશવાણી અને ટેલિવિઝન, તથા લઘુ ઉદ્યોગોને નાણા ફાળવવાનું નક્કી કરે તો નીચે પૈકી કયા એક જ કાર્યક્રમને તે બાકી વધેલા નાણા ફાળવી શકાશે ?

(A) કુદરતી આપત્તિઓ
(B) બંદરોનો વિકાસ
(C) પ્રમુખના કાર્યાલયના નવીનીકરણ
(D) ઉપરના પૈકી કોઈ નહીં.


186. જો સંસદ પ્રમુખના કાર્યાલયના નવીનીકરણ અને આંતરરાષ્ટ્રીય વિમાનમથકને નાણા ફાળવવાનું નક્કી કરે તો નીચે પૈકી કયા બે કાર્યક્રમને તે બાકી વધેલા નાણા ફાળવી શકાશે ?

(A) શાળાઓનો સંગીત કાર્યક્રમ અને લઘુ ઉદ્યોગો
(B) શાળાઓનો સંગીત કાર્યક્રમ અને બંદરોનો વિકાસ
(C) આકાશવાણી અને ટેલિવિઝન તથા કૃષિ સબસીડી કાર્યક્રમ
(D) ઉપરના પૈકી કોઈ નહીં.

187. દેશના શહેરી લોકોની માંગને ધ્યાનમાં રાખી આંતરરાષ્ટ્રીય વિમાનમથક અને ગ્રામ્ય વિસ્તારની રજૂઆત મુજબ કૃષિ સબસીડી કાર્યક્રમને નાણા ફાળવવાનો નિર્ણય થાય તે સંજોગોમાં સંસદ નીચે પૈકી કયા કાર્યક્રમ / કાર્યક્રમોને બાકી વધેલા નાણા ફાળવી શકાશે ?

(A) કુદરતી આપત્તિઓ અને શાળાઓનો સંગીત કાર્યક્રમ
(B) આકાશવાણી અને ટેલિવિઝન તથા બંદરોનો વિકાસ
(C) લઘુ ઉદ્યોગો
(D) ઉપરના પૈકી કોઈ નહીં.

★ **(નિર્દેશ પ્રશ્ન- 188 - 190) : નીચે આપેલ પાઈ-ડાયાગ્રામ એક કુટુંબની વિવિધ ક્ષેત્રોમાં ખર્ચની વાર્ષિક ટકાવારી દર્શાવે છે. આ આકૃતિનો અભ્યાસ કરી આપેલા પ્રશ્નોના જવાબ આપો.**




**188.** જો કુટુંબનું કુલ વાર્ષિક બજેટ રૂા. 2,00,000 હોય તો ખાદ્ય સામગ્રી પર વાર્ષિક કેટલો ખર્ચ થયો હશે ?

(A) રૂા. 1,00,200 (B) રૂા. 1,02,000

(C) રૂા. 1,20,000 (D) ઉપરના પૈકી કોઈ નહીં.

**189.** જો મનોરંજન ખર્ચ 50% જેટલો ઘટાડવામાં આવે તથા તે પૈકી બચેલી રકમમાંથી ટેકનોલોજીના નવા સાધનો ખરીદવામાં આવે તો ટેકનોલોજી ક્ષેત્રની નવી વાર્ષિક ટકાવારી કેટલી થશે ?

(A) 15% (B) 12.5%

(C) 13% (D) ઉપરના પૈકી કોઈ નહીં.

**190.** જો વાર્ષિક બજેટ રૂ 3,60,000 કરવામાં આવે તથા અન્ય ખર્ચ 30% જેટલો ઘટાડવામાં આવે તો અન્ય ખર્ચ કેટલો થશે ?

(A) રૂા. 48,780 (B) રૂા. 47,880

(C) રૂા. 47,780 (D) ઉપરના પૈકી કોઈ નહીં.

**191.** એક મોટરકાર માટે વાર્ષિક અવમૂલ્યનનો દર (Depreciation) 15% છે. જો તે કંપની દ્વારા 10 વર્ષ પહેલા રૂા. 8,00,000 માં કાર લોન્ચ કરવામાં આવી હોય તો હાલ તેની પુનર્વેચાણ કિંમત (Resale value) આશરે કેટલી હશે ?

(A) રૂા. 2,24,000 (B) રૂા. 1,78,800

(C) રૂા. 1,57,500 (D) ઉપરના પૈકી કોઈ નહીં.

**192.** એક લશ્કરી છાવણીમાં 1000 સૈનિકોને 30 દિવસ ચાલે તેટલો અનાજનો જથ્થો છે. જો 10 દિવસ પછી 1000 બીજા સૈનિકો તે છાવણીમાં જોડાય તો બાકીનો અનાજનો જથ્થો કેટલા દિવસ ચાલશે ?

(A) 10 દિવસ (B) 15 દિવસ

(C) 20 દિવસ (D) ઉપરના પૈકી કોઈ નહીં.

**193.** એક સાંકેતિક ભાષામાં 'ENGINEERING' નો કોડ 'GNIJPGGUKRI' હોય તો 'FORGIVENESS' નો કોડ કયો થશે ?

(A) HOTHKXGRGWU

(B) HOTHKXGQGWU

(C) HOTIKXGRGWU

(D) ઉપરના પૈકી કોઈ નહીં.

**194.** નીચે આપેલા બે વિધાનો અને તેની નીચે આપેલો પ્રશ્ન ધ્યાને લો :

વિધાન-1 : p અને q બંને અવિભાજ્ય સંખ્યાઓ છે.

વિધાન-2 : p + q એ અયુગ્મ પૂર્ણાંક (odd integer) છે.

પ્રશ્ન : શું pq એ અયુગ્મ પૂર્ણાંક (odd integer) છે ?

આ સંદર્ભમાં નીચે પૈકી કયો વિકલ્પ સાચો છે ?

(A) વિધાન-1

(B) વિધાન-2

(C) બંને વિધાનો એક સાથે પણ જવાબ આપવા પર્યાપ્ત નથી.

(D) બંને વિધાનો એક સાથે જવાબ આપવા માટે આવશ્યક છે.

**195.** નીચે આપેલા શબ્દોને અંગ્રેજી શબ્દકોશ પ્રમાણે ગોઠવવામાં આવે તો બીજા સ્થાને કયો શબ્દ આવશે ?

Savior, Savage, Save, Savour

(A) Save (B) Savior

(C) Savour (D) Savage

**196.** સુમિતની હાલની ઉંમર તેના પિતાની હાલની ઉંમરના 1/3 જેટલી છે. 5 વર્ષ પહેલા સુમિતના પિતાની તે સમયની ઉંમર સુમિતના દાદાની તે સમયની ઉંમર કરતા અડધી હતી. જો 3 વર્ષ પછી સુમિતના દાદાની ઉંમર 88 વર્ષ થવાની હોય તો હાલ સુમિતની ઉંમર કેટલા વર્ષ હશે ?

(A) 15 (B) 16

(C) 18 (D) ઉપરના પૈકી કોઈ નહીં

★ (નિર્દેશ પ્રશ્ન -197 અને 198) દરેક પ્રશ્નમાં આપેલા વિધાનોને (statements) સાચા માનો અને તેની નીચે આપેલ નિષ્કર્ષો (conclusions) પૈકી કયુ / કયા નિષ્કર્ષ / નિષ્કર્ષો નિશ્ચિત પણે આપેલા વિધાનોને અનુસરે છે (follows the statements) તે નક્કી કરો.

197. વિધાનો - 1. કોઈ મનુષ્ય પ્રાણી નથી.

2. બધા ફૂલો મનુષ્ય છે.

નિષ્કર્ષો - 1. કોઈ ફૂલ પ્રાણી નથી.

2. કેટલાક મનુષ્ય ફૂલો છે.

(A) ફક્ત નિષ્કર્ષ-1 અનુસરે છે.

(B) ફક્ત નિષ્કર્ષ-2 અનુસરે છે.

(C) બંને નિષ્કર્ષ-1 અને નિષ્કર્ષ-2 અનુસરે છે.

(D) બંને નિષ્કર્ષ-1 અને નિષ્કર્ષ-2 પૈકી કોઈ અનુસરતું નથી.

198. વિધાનો - 1. બધી દ્રાક્ષ લીલી છે.

2. કેટલુંક લીલું કઠણ છે.

નિષ્કર્ષો - 1. કેટલુંક લીલું દ્રાક્ષ છે.

2. કોઈપણ દ્રાક્ષ કઠણ નથી.

(A) ફક્ત નિષ્કર્ષ-1 અનુસરે છે.

(B) ફક્ત નિષ્કર્ષ-2 અનુસરે છે.

(C) બંને નિષ્કર્ષ-1 અને નિષ્કર્ષ-2 અનુસરે છે.

(D) બંને નિષ્કર્ષ-1 અને નિષ્કર્ષ-2 પૈકી કોઈ અનુસરતું નથી.

199. નીચેની શ્રેણીમાં ખૂટતી સંખ્યા કઈ હશે ?

0, 5, 8, 17, ___, 37

(A) 21 (B) 24

(C) 27 (D) ઉપરના પૈકી કોઈ નહીં

200. એક નિયમિત ષટ્કોણની બાજુનું માપ 4 સેમી હોય તો તેનું ક્ષેત્રફળ કેટલું થશે ?

(A) 24 ચો.સેમી (B) 48 ચો.સેમી (C) 72 ચો.સેમી (D) ઉપરના પૈકી કોઈ નહીં

# DSP

## PROVISIONAL ANSWER KEY

**Name Of The Post** Deputy Section Officer / Deputy Mamlatdar, Class-3

**Advertisement No** 55/2018-19

**Preliminary Test Held On** 16-12-2018

**Que. No.** 001-200

**Publish Date** 19-12-2018

**Last Date To Send Suggestion (S)** 28-12 -2018

## Note:-

**(1) All Suggestions are to be sent with reference to website published Question paper with Provisional Answer Key Only.**

**(2) All Suggestions are to be sent in the given format only.**

**(3) Candidate must ensure the above compliance.**

(૧) ઉમેદવારે વાંધા-સૂચનો રજૂ કરવા વેબસાઇટ પર પ્રસિધ્ધ થયેલ નિયત નમૂનાનો ઉપયોગ કરવો.

(૨) ઉમેદવારોએ પોતાને પરીક્ષામાં મળેલ સીરીઝની પ્રશ્નપુસ્તિકામાં છપાયેલ પ્રશ્ન ક્રમાંક મુજબ વાંધા-સૂચનો રજૂ ન કરતા  તમામ વાંધા-સૂચનો વેબસાઇટ પર પ્રસિધ્ધ થયેલ પ્રોવિઝનલ આન્સર કીના પ્રશ્ન ક્રમાંક મુજબ અને તે સંદર્ભમાં રજૂ કરવા

(3) ઉમેદવારોએ ઉક્ત સૂચનાનું અચૂક પાલન કરવું અન્યથા વાંધા-સૂચનો અંગે કરેલ રજૂઆતો ધ્યાને લેવાશે નહી.

**M**

001. નીચેના પૈકી કોણ અનુક્રમે પ્રથમ અને છેલ્લા ગુપ્તા રાજવી હતાં ?
(A) ચંદ્રગુપ્ત-I અને વૈન્ય ગુપ્ત
(B) સમુદ્રગુપ્ત અને વિષ્ણુ ગુપ્ત
(C) ઘટોટકચ્છ અને કુમાર ગુપ્ત-II
(D) શ્રીગુપ્ત અને વિષ્ણુગુપ્ત

002. રોમન સામ્રાજ્યની પડતી પછી ભારતીય વેપારીઓ મુખ્યત્વે કોની સાથે વેપાર કરતાં હતાં ?
(A) મધ્ય એશિયા
(B) ચીન
(C) પશ્ચિમ એશિયા
(D) દક્ષિણ પૂર્વ એશિયા

003. રાજગાદી ઉપર આવ્યા બાદ હર્ષે કયું બિરૂદ ધારણ કર્યું હતું ?
(A) મહારાજા
(B) શિલાદિત્ય
(C) ગુણરાજા
(D) અવનિસિંહ

004. પલ્લવ વંશના સ્થાપકનું પ્રતિનિધિત્વ કરતું કયું પ્રાણી પલ્લવોના મોટા ભાગના સ્તંભોમાં જોવા મળે છે ?
(A) વાઘ
(B) સિંહ
(C) હાથી
(D) બળદ

005. પ્રારંભિક મધ્યયુગીન સમયગાળાના અતિશ દિપાંકર અને શાન્તરક્ષિત .......... હતાં.
(A) અગ્રણી સંસ્કૃતિ કવિઓ
(B) મહાન ગણિતશાસ્ત્રીઓ અને ખગોળ શાસ્ત્રીઓ
(C) પ્રખ્યાત બૌદ્ધ સાધુઓ
(D) હિંદુ ધાર્મિક સુધારકો

006. સ્વાતંત્ર્ય સંગ્રામમાં ચાપેકર ભાઈઓ તરીકે જાણીતા થયેલા કુલ કેટલા ભાઈઓને ફાંસી આપવામાં આવી હતી ?
(A) ત્રણ
(B) બે
(C) ચાર
(D) પાંચ

007. નીચેના પૈકીનું કયુ વિધાન એ સિદ્ધાંતને ટેકો નથી આપતું કે હરપ્પા સંસ્કૃતિમાં કેન્દ્રીત સત્તા હતી ?
(A) નગર આયોજનમાં એકરૂપતા
(B) સ્થળોની વ્યૂહાત્મક જગ્યાઓ
(C) હરપ્પાના ઘણા સ્થળોએ રાજગઢ મળી આવ્યાં છે
(D) ઈંટના કદનો પ્રમાણભૂત ગુણોત્તર

008. નીચેના પૈકી કયા ગવર્નર જનરલે કોંગ્રેસને પ્રતિબંધિત કરી અને એક લાખથી વધુ લોકોની ધરપકડ કરી ?
(A) લૉર્ડ રીડીંગ
(B) લૉર્ડ ઈરવીના
(C) લૉર્ડ વેલિંગશન
(D) લૉર્ડ લિનલીથગ્લો

009. ભારતની સ્વતંત્રતા પ્રાપ્તિ વખતે ગાંધીજી .......... હતાં.
(A) કોંગ્રેસની કાર્યકારી સમિતિના સભ્ય
(B) કોંગ્રેસના સભ્ય ન હતા
(C) કોંગ્રેસના પ્રમુખ
(D) કોંગ્રેસના મહાસચિવ

010. વિખ્યાત ધાર્મિક પ્રસંગ, મહામસ્તક અભિષેક, નીચેના પૈકી કોની સાથે સંકળાયેલો છે ?

(A) બાહુબલી

(B) બુદ્ધ

(C) મહાવીર

(D) નટરાજ

011. નીચેના પૈકી કયું જૈન સાહિત્યનો હિસ્સો નથી ?

(A) થેરીગાથા

(B) આચારાંગ સૂત્ર

(C) સૂત્રકૃતાંગ

(D) બૃહદકલ્પસૂત્ર

012. ભારતના સ્વતંત્રતા સંગ્રામના સમયગાળા દરમ્યાન નીચેના પૈકી કોણે કેન્દ્રીય હિન્દુ વિદ્યાલય શરૂ કર્યું ?

(A) ઍની બેસન્ટ

(B) ભીખાજી કામા

(C) એમ. જી. રાનડે

(D) મદન મોહન માલવીયા

013. આઝાદ હિંદ ફોજના જનરલ શાહનવાઝ, જનરલ ગુરદયાલસિંહ ધિલ્લોન અને જનરલ પ્રેમ સહગલ વિરૂધ્ધ અંગ્રેજ સરકારે ગદ્દારીનો કેસ ચલાવ્યો તે બાબતે નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ?

1. તેમને છોડી મૂકવામાં આવ્યાં.
2. તેમને કાળાપાણીની સજા કરવામાં આવી.
3. તેઓ અગાઉ બ્રિટીશ ભારતીય સેનાના અધિકારીઓ હતાં.

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) ફક્ત 1 અને 3

(D) ફક્ત 2 અને 3

014. એમ. સી. સેતલવાડ, બી. એન. રાવ અને અલાદી ક્રિષ્ના સ્વામી ઐયર .......... ના વિશિષ્ટ સભ્યો હતાં.

(A) સ્વરાજ પક્ષ

(B) ઓલ ઈન્ડિયા નેશનલ લીબરલ ફેડરેશન

(C) મદ્રાસ લેબર યુનીયન

(D) સર્વેન્ટસ ઓફ ઈન્ડિયા સોસાયટી

015. ડૉ. બી. આર. આંબેડકર દ્વારા નીચેના પૈકી કયો / કયાં પક્ષ સ્થાપવામાં આવ્યો / આવ્યાં હતો / હતાં ?

(A) ઓલ ઈન્ડિયા શેડ્યુલ કાસ્ટ ફેડરેશન

(B) ધ પીઝન્ટ્સ એન્ડ વર્કસ પાર્ટી ઓફ ઈન્ડિયા

(C) A અને B બંને

(D) A અને B પૈકી કોઈ નહીં.

016. નીચેના પૈકી કયા અધિનિયમ અન્વયે પંજાબમાં શીખોને ખાસ મતદારમંડળ આપવામાં આવ્યું ?

(A) ધ ગવર્નમેન્ટ ઓફ ઈન્ડિયા એક્ટ, 1858

(B) ધ ગવર્નમેન્ટ ઓફ ઈન્ડિયા એક્ટ, 1919

(C) ધ ગવર્નમેન્ટ ઓફ ઈન્ડિયા એક્ટ, 1935

(D) ઉપરના પૈકી કોઈ નહીં

017. મંદિર નિર્માણની વેસર શૈલી કયા રાજવંશ દ્વારા સૌ પ્રથમ વિકસાવવામાં આવી ?

(A) રાષ્ટ્રકુટ

(B) ચોલ

(C) પલ્લવ

(D) ચાલુક્ય

018. નીચેના પૈકી કયા સ્થળે ડચ કંપનીએ પ્રથમ ફેક્ટરીની સ્થાપના કરી ?

(A) સુરત
(B) પુલીકટ
(C) કોચીન
(D) કાસિમબઝાર

019. નીચેના પૈકી કોણ ભક્તિ સંપ્રદાયના સમર્થક ન હતાં ?

(A) નાગાર્જુન
(B) તુકારામ
(C) ત્યાગરાજ
(D) વલ્લભાચાર્ય

020. લોનાવાલા, મહારાષ્ટ્રની વિખ્યાત પથ્થરમાં કપાયેલી કારલા ગુફાઓ .......... માટે બનાવાઈ હતી.

(A) પ્રાર્થના ખંડ
(B) ઉતારા / વાસ
(C) યુદ્ધકળા શીખવાના સ્થળ
(D) સર્જનાત્મક વિચારસરણીને ઉત્તેજન આપવાના સ્થળ

021. શાસ્ત્રીય ભાષા તરીકે જાહેર થયેલી પ્રથમ ભાષા .......... છે.

(A) સંસ્કૃત
(B) તેલુગુ
(C) કન્નડ
(D) તમિલ

022. કાંચીપુરમનું કૈલાસનાથ મંદિર ......... શૈલીના મંદિરોનું આરંભિક ઉદાહરણ છે.

(A) નગર
(B) વેસર
(C) ઘુમ્મટ
(D) દ્રાવિડ

023. ગુજરાતમાં વાઘેલા વંશની રાજધાની .......... હતી.

(A) પાટણ
(B) વલ્લભીપુર
(C) ધોળકા
(D) પ્રભાસપાટણ

024. અડાલજની વાવ અને રાણકી વાવ બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

1. અડાલજની વાવ હિન્દુ-ઈસ્લામીક સ્થાપત્ય શૈલીમાં બનાવેલી છે જ્યારે રાણકી વાવ મારૂ-ગુર્જર સ્થાપત્ય શૈલીમાં બનાવાયેલી છે.
2. બંને વાવમાં સાત સ્તરો (માળ) જોવા મળે છે.
3. અડાલજની વાવનું બાંધકામ ચાલુક્ય સમયગાળા દરમ્યાન થયેલું છે જ્યારે રાણકી વાવનું બાંધકામ વાઘેલા સમયગાળા દરમ્યાન થયેલું છે.

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) ફક્ત 1 અને 3
(D) ફક્ત 2 અને 3

025. ......... શરૂઆતમાં બ્રહ્મોસમાજના સભ્ય હતા પરંતુ તેમની વિચારશૈલી અલગ હોવાથી પાછળ તેઓએ અલગથી ભારતવર્ષીય બ્રહ્મોસમાજની સ્થાપના કરી.

(A) દેબેન્દ્રનાથ ટાગોર
(B) કેશવચંદ્ર સેન
(C) હેમેન્દ્રનાથ ટાગોર
(D) દ્વિજેન્દ્રનાથ ટાગોર

026. ગુજરાત પ્રખ્યાત ભક્તકવિ દયારામના ચશ્મા, હસ્તપ્રત અને તંબુર .......... માં આદરપૂર્વક જાળવી રાખવામાં આવ્યા છે.

(A) ચાંપાનેર (B) જૂનાગઢ

(C) વડનગર (D) ડભોઈ

027. વાસ્તુશાસ્ત્રના નિયમાનુસાર નિર્માણ થયેલું એક ભવ્ય મંદિર, રણમલ ચોકી, કે જે હાલ ખંડિયેર હાલતમાં છે તે .......... પાસે આવેલું છે.

(A) પાવાગઢ (B) પોરબંદર

(C) ઈડર (D) ભૂજ

028. ભારતમાં વિવિધ પ્રદેશના લોકસંગીત બાબત જોડકાં જોડો.

| પ્રદેશ | | લોકસંગીત | |
|---|---|---|---|
| 1. | બંગાળ | a. | મહિયા અને હીર |
| 2. | પંજાબ | b. | બાઉલ અને ભટિયાલી |
| 3. | મહારાષ્ટ્ર | c. | પોવાડા અને અભંગ |
| 4. | પૂર્વ ભારત | d. | કંજરી અને શેરી |

(A) 1 - a, 2 - b, 3 - c, 4 - d (B) 1 - d, 2 - c, 3 - b, 4 - a

(C) 1 - b, 2 - a, 3 - c, 4 - d (D) 1 - c, 2 - a, 3 - b, 4 - d

029. સૌરાષ્ટ્ર અને કચ્છના ચારણોમાં દેવી વાદ્ય તરીકે જાણીતું જંતર .......... વાદ્ય છે.

(A) ચર્મ (B) તંતુ

(C) સુષિર (D) ઘન

030. .......... તાલુકામાં જોવા મળતાં પઢારનૃત્યમાં વપરાતી લાકડીઓનો અડધો ભાગ ધાતુનો અને અડધો ભાગ લાકડાનો હોવાથી તે પ્રમાણે ઠોકીને જુદા જુદા અવાજો કાઢી લોકો નૃત્ય કરે છે.

(A) ધોળકા (B) ધરમપુર

(C) હાલોલ (D) વિજયનગર

031. ‘હુડીલા’ .......... વિસ્તારનું શૌર્યગાન છે.

(A) ભાવનગર (B) કચ્છ

(C) ડાંગ (D) બનાસકાંઠા

032. ભારતમાં વિવિધ પ્રદેશોના નૃત્યનાટ્ય બાબત જોડકાં જોડો.

| પ્રદેશ | | નૃત્યનાટ્ય | |
|---|---|---|---|
| 1. | મહારાષ્ટ્ર | a. | તમાશો |
| 2. | ઉત્તરપ્રદેશ | b. | નવટંકી |
| 3. | પંજાબ હરિયાણા | c. | સ્વાંગ |
| 4. | આંધ્રપ્રદેશ | d. | યક્ષજ્ઞાન |

(A) 1 - a, 2 - b, 3 - c, 4 - d (B) 1 - d, 2 - c, 3 - b, 4 - a

(C) 1 - d, 2 - b, 3 - a, 4 - c (D) 1 - a, 2 - b, 3 - d, 4 - c

**033.** મેઘરાજાની છડીનો ઉત્સવ-મેળો .......... માં થાય છે.

(A) પોરબંદર (B) ભરૂચ

(C) અંજાર (D) ભાવનગર

**034.** "હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જોને", કાવ્ય પંક્તિ .......... કવિની છે.

(A) ઝવેરચંદ મેઘાણી (B) અખો **Question Cancelled**

(C) વલ્લભ મેવાડો (D) પ્રેમાનંદ

**035.** ગુજરાતમાં અન્ય પ્રદેશોમાંથી આવીને વસેલી આદિજાતિઓ બાબત જોડકાં જોડો.

| આદિજાતિ | | પ્રદેશ | |
|---|---|---|---|
| 1. | પોમલાં | a. | રાજસ્થાન |
| 2. | ધોડીયા | b. | સિંધ પ્રદેશ |
| 3. | ગામિત | c. | મહારાષ્ટ્ર |
| 4. | ભરવાડ | d. | મધ્યપ્રદેશ |

(A) 1 - a, 2 - b, 3 - c, 4 - d (B) 1 - d, 2 - c, 3 - b, 4 - a

(C) 1 - d, 2 - b, 3 - c, 4 - a (D) 1 - a, 2 - c, 3 - b, 4 - d

**036.** નવલકથાને તેના લેખક સાથે યોગ્ય રીતે જોડો.

| નવલકથા | | લેખક | |
|---|---|---|---|
| 1. | અખેપાતર | a. | બિંદુ ભટ્ટ |
| 2. | અણસાર | b. | વર્ષા અડાલજા |
| 3. | માધવ ક્યાંયે નથી | c. | હરીન્દ્ર દવે |
| 4. | બંધ મુઠ્ઠીમાં સૂરજ | d. | પ્રિયકાન્ત પરીખ |

(A) 1 - a, 2 - b, 3 - c, 4 - d (B) 1 - d, 2 - c, 3 - b, 4 - a

(C) 1 - b, 2 - c, 3 - d, 4 - a (D) 1 - c, 2 - b, 3 - a, 4 - d

**037.** અમદાવાદની પોળમાં આવેલી હરકોઈ શેઠાણીની હવેલી .......... માટે વિખ્યાત છે.

(A) ભીંત ચિત્ર (B) ચંદરવો

(C) પિછવાઈ (D) કાષ્ઠકલા

**038.** આળેખ .......... છે.

(A) તળપદ બોલીના ભજન છે. (B) માટીની ભીંતો ઉપર ભાતીગળ રંગોનું ચિતરામણ

(C) કચ્છનું લોકભરત (D) ધાતુકલા

039. કટવકામ .......... કલા છે.

(A) મોતી પરોવણીની

(B) મૂર્તિઓ ઘડવાની

(C) કાપડના વિવિધ રંગો અને આકારના ટૂકડાઓ કાપીને વ્યવસ્થિત ગોઠવી તેની ધારો સીવી લેવાની

(D) દિવાળીના તહેવારો દરમ્યાન માટીની નાની હોડીઓ બનાવી તેને વિવિધ રંગો વડે સજાવવાની

040. સારંગી જેવું વાદ્ય ''ઝૂન-ઝૂન'' .......... જાતિમાં જોવા મળે છે.

(A) પારઘી
(B) ગામીત
(C) ધાનકા
(D) સીદી

041. ''માળીનો ચાળો'' .......... છે.

(A) પાવાગઢની તળેટીમાં આવેલું પ્રખ્યાત મંદિર
(B) જામનગરમાં આવેલું રાણા રામદેવજીનું સ્થાનક
(C) ચારણી સાહિત્યનો પ્રકાર
(D) એક પ્રકારનું ડાંગી નૃત્ય

042. .......... ચાને ''ગળી સાહ'' અને છાશની ''ખાટી સાહ'' કહે છે.

(A) ભીલ
(B) કોળી
(C) રાઠવા
(D) ધાનકા

043. આદિવાસી પ્રજા તથા દિગંબર જૈન સમાજની સંસ્કૃતિના સમન્વયરૂપ રેવડીનો મેળો .......... ખાતે યોજાય છે.

(A) ડાકોર
(B) સંતરામપુર
(C) લુણાવાડા
(D) પીપલોદ

044. તેલીયા તળાવ અને દૂધિયા તળાવ ક્યાં આવેલાં છે ?

(A) ગીરનાર
(B) પાવાગઢ
(C) ચોટીલા
(D) માંગરોળ

045. હનુમાનની માતા અંજનીના નામ ઉપરથી પડેલું અંજનકુંડ કે જ્યાં હનુમાનનો જન્મ થયો હોવાનું મનાય છે, તે સ્થળ ક્યાં આવેલું છે ?

(A) પાટણ
(B) ભાવનગર
(C) ડાંગ
(D) વેરાવળ

046. મહાવદ ચોથના દિવસે .......... ખાતે ગાંધીજીનું અસ્થિ વિસર્જન કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. તેથી દર વર્ષે આ દિવસ અહીં આદિવાસીઓનો મોટો મેળો ભરાય છે.

(A) ગલતેશ્વર
(B) ચાંદોદ
(C) જેમલગઢ
(D) કવાંટ

**047.** પ્રાકૃતિક સૌંદર્યથી ભરપુર એવું બાણેજ તીર્થસ્થળ ક્યાં આવેલું છે ?

(A) સાબરકાંઠા (B) વલસાડ

(C) ગીર (D) ભાવનગર

**048.** રંગ અવધૂત મહારાજનું તીર્થસ્થાન ક્યાં આવેલું છે ?

(A) નારેશ્વર (B) મૂળ ગોમટા

(C) બેટ દ્વારકા (D) ફાગવેલ

**049.** ગુજરાતના ધોધને તેના સ્થળ સાથે યોગ્ય રીતે જોડો.

| ધોધનું નામ | | સ્થળ | |
|---|---|---|---|
| 1. | નિનાઈ | a. | ધરમપુર |
| 2. | હાથણી માતા | b. | ડેડિયાપાડા |
| 3. | જોડિયા | c. | ડાંગ |
| 4. | ચીમેર | d. | જાંબુઘોડા - હાલોલ |

(A) **1 - b, 2 - d, 3 - c, 4 - a** (B) **1 - b, 2 - d, 3 - a, 4 - c**

(C) **1 - a, 2 - b, 3 - c, 4 - d** (D) **1 - d, 2 - c, 3 - b, 4 - a**

**050.** અકબર બાદશાહે જૈન ધર્મના પ્રખર વિદ્વાન .......... થી પ્રભાવિત થઈ ગુજરાતમાંથી જજિયાવેરો કાઢી નાખવાની તથા પર્યૂષણાદિ બાર દિવસોએ "અમારિ"ની જાહેરાત કરી હતી.

(A) જિનલાભસૂરિ (B) પદ્મવિજયસૂરિ

(C) હીરવિજયસૂરિ (D) વિજયલક્ષ્મીસૂરિ

**051.** બંધારણના અનુચ્છેદ 22 હેઠળની ધરપકડ અને અટકાયત લગત જોગવાઈઓ બાબતે નીચેના પૈકી કયું / કયા વિધાન / વિધાનો સાચું / સાચા નથી ?

1. ધરપકડ કરાયેલી વ્યક્તિ તે સમયે શત્રુ દેશની હોય તેને બનતી ત્વરાએ તેની ધરપકડના કારણો જણાવ્યા વિના અટકમાં રાખી શકાશે નહીં.
2. નિવારક અટકાયત માટેની જોગવાઈ કરતા કાયદા અનુસાર ધરપકડ કરાયેલી વ્યક્તિને તેની પસંદગીના ધારાશાસ્ત્રીની સલાહ લેવાનો અને તેની મારફતે પોતાનો બચાવ કરવાના તેના હક્કને ઈન્કાર કરી શકાશે નહીં.
3. કોઈપણ વ્યક્તિની ગમે તે કાયદાની જોગવાઈઓ હેઠળ અટકાયત થઈ હોય તેવી વ્યક્તિને તેની ધરપકડના સ્થળેથી મેજીસ્ટ્રેટના ન્યાયાલય સુધીની મુસાફરી માટેના જરૂરી સમય બાદ કરતાં, ધરપકડના ચોવીસ કલાકની અંદર નજીકમાં નજીકના મેજીસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવી જોઈશે.

(A) ફક્ત 1 (B) ફક્ત 2 અને 3

(C) ફક્ત 1 અને 3 (D) 1, 2 અને 3

**052.** પોતાને સંબોધાયેલા રાષ્ટ્રપતિના રાજીનામાની જાણ ઉપ-રાષ્ટ્રપતિએ .......... ને તરત કરવી પડશે.

(A) લોકસભાના અધ્યક્ષ (B) સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયાધીશ

(C) વડાપ્રધાન (D) સંસદીય બાબતોના મંત્રી

053. રાષ્ટ્રપતિ ઉપર સંવિધાનના ઉલ્લંઘન માટે મહાઆરોપ મૂકવાના કિસ્સામાં નીચેના પૈકી કયું સાચું નથી ?

(A) સંસદના બેમાંથી કોઈપણ ગૃહ તહોમત મૂકી શકે છે.

(B) તહોમત મૂકવાની દરખાસ્તવાળો ઠરાવ ગૃહના સભ્યોની કુલ સંખ્યાના ઓછામાં ઓછો એક ચતુર્થાંશ સભ્યોની સહી સાથેનો હોવો જોઈએ.

(C) આવો ઠરાવ ઓછામાં ઓછી 7 દિવસની લેખિત નોટીસ આપ્યા બાદ રજૂ કરવામાં આવ્યો હોવો જોઈએ.

(D) આવો ઠરાવ ગૃહની કુલ સભ્ય સંખ્યાની ઓછામાં ઓછી બે તૃતીયાંશ બહુમતીથી પસાર થયેલો હોવો જોઈએ.

054. મંત્રીમંડળે રાષ્ટ્રપતિને કોઈ સલાહ આપી હતી કે કેમ, અને આપી હોય તો શી આપી હતી એ પ્રશ્નની ....

(A) ફક્ત સર્વોચ્ચ ન્યાયાલય તપાસ કરી શકશે.

(B) ફક્ત સર્વોચ્ચ ન્યાયાલયના હુકમના આધારે સર્વોચ્ચ ન્યાયાલયના નિવૃત્ત થયેલા ન્યાયાધીશ તપાસ કરી શકશે.

(C) તકેદારી આયુક્ત તપાસ કરી શકશે.

(D) કોઈ ન્યાયાલયમાં તપાસ કરી શકાશે નહીં.

055. સંસદના રાજ્યકક્ષાના મંત્રી .......... ની મરજી હોય ત્યાં સુધી હોદ્દો ધરાવશે.

(A) જે તે ખાતાના કેબીનેટ કક્ષાના મંત્રી
(B) વડાપ્રધાન
(C) રાષ્ટ્રપતિ
(D) ઉપરના પૈકી કોઈ નહીં

056. ભારતના એટર્ની જનરલને .......... નક્કી કરે તે મહેનતાણું મળશે.

(A) રાષ્ટ્રપતિ
(B) વડાપ્રધાન
(C) સર્વોચ્ચ અદાલત
(D) કાયદા મંત્રાલય

057. લોકસભા રાજ્યોમાંના પ્રાદેશિક મતદાર મંડળોમાંથી સીધી ચૂંટણીથી ચૂંટાયેલા વધુમાં વધુ .......... સભ્યોની બનશે.

(A) 552
(B) 550
(C) 530
(D) 544

058. સંસદ કાયદો કરીને કટોકટીની ઉદ્‌ઘોષણાનો અમલ બંધ થયા પછી કોઈ સંજોગોમાં સંસદની મુદત .......... થી વધુ લંબાવી શકશે નહીં.

(A) 3 મહીના
(B) 6 મહીના
(C) 9 મહીના
(D) એક વર્ષ

059. લોકસભાની વિસર્જન થાય ત્યારે વિસર્જન પછીની લોકસભાની પહેલી બેઠક મળે ત્યાં સુધી, અધ્યક્ષ ....

(A) પોતાનો હોદ્દો ખાલી કરી શકશે નહીં.
(B) નો હોદ્દો ખાલી પડશે.
(C) નો હોદ્દો રાજ્યસભાના ઉપ-સભાપતિ સંભાળશે.
(D) ઉપરના પૈકી કોઈ નહીં

**060.** સંસદના બેમાંથી કોઈ ગૃહનો સભ્ય કોઈપણ ગેરલાયકાતને આધીન બન્યો છે કે કેમ તે સંબંધી કોઈ પ્રશ્ન ઉપસ્થિત થાય તો તે પ્રશ્ન .......... ને નિર્ણયાર્થે લખી મોકલવામાં આવશે અને તેમનો નિર્ણય આખરી ગણાશે.

(A) રાષ્ટ્રપતિ (B) લોકસભાના અધ્યક્ષ

(C) સર્વોચ્ચ ન્યાયાલય (D) કાયદા મંત્રાલય

**061.** જોડકા જોડો.

| I | | II | |
|---|---|---|---|
| 1. | ગુજરાત જાહેર સેવા આયોગ | a. | વૈધાનિક સંસ્થા |
| 2. | તકેદારી આયોગ | b. | બંધારણીય સંસ્થા |
| 3. | માહિતી આયોગ | c. | અર્ધન્યાયિક સંસ્થા |
| 4. | ભારતીય રાષ્ટ્રીય રાજમાર્ગ પ્રાધિકરણ | d. | નિયમનકારી સંસ્થા |

(A) 1 - a, 2 - b, 3 - c, 4 - d (B) 1 - b, 2 - a, 3 - c, 4 - d

(C) 1 - a, 2 - b, 3 - d, 4 - c (D) 1 - d, 2 - c, 3 - b, 4 - a

**062.** પંચાયતી રાજ બાબતે એલ. એમ. સિંઘવી સમિતિ દ્વારા નીચેના પૈકી કઈ ભલામણો કરવામાં આવી હતી ?

(A) ગામડાઓના ઝુમખા માટે ન્યાય પંચાયતની રચના

(B) ગ્રામ પંચાયતોને વધુ નાણાકીય સત્તાઓ

(C) પંચાયતી રાજ માટે બંધારણમાં એક નવું પ્રકરણ ઉમેરવું

(D) ઉપરના તમામ

**063.** પંચાયતી રાજ માળખામાં ત્રિ-સ્તરીય માળખાને બદલે દ્વિ-સ્તરીય માળખાની ભલામણ નીચેના પૈકી કોણે કરી ?

(A) વેંગલ રાવ સમિતિ (B) અશોક મહેતા સમિતિ

(C) પી. કે. થુંગન સમિતિ (D) ઉપરના પૈકી કોઈ નહીં

**064.** નીચેના પૈકી કયા કેન્દ્રશાસિત પ્રદેશમાં પંચાયતી રાજ વ્યવસ્થા જોવા મળતી નથી ?

(A) દમણ અને દીવ (B) ચંદીગઢ

(C) દિલ્હી (D) ઉપરના તમામ

**065.** શાસન ઉપર ઉદારીકરણની નીચેના પૈકી કઈ અસરો થઈ ?

1. કાયદાનુશાસિત પારદર્શિતાએ રોકાણકારો અને સરકાર વચ્ચેનો વિશ્વાસ મજબૂત બનાવ્યો.
2. નોકરીઓની સંખ્યામાં ઘટાડો.

(A) ફક્ત 1 (B) ફક્ત 2

(C) 1 અને 2 બંને (D) 1 અને 2 પૈકી કોઈ નહીં

66. IMF આંતરરાષ્ટ્રીય નાણા ભંડોળ દ્વારા ભારતની જાહેરક્ષેત્રની બેંકો બાબતે નીચેના પૈકી કયા અવલોકનો વ્યક્ત કર્યા છે ?
   1. જાહેર ક્ષેત્રની બેંકોમાં જાહેર માલિકી તાત્કાલિક પરત ખેંચી શાસન સુધારણા, આંતરિક નિયંત્રણો અને કામગીરી માટે આયોજન કરવું.
   2. જાહેર ક્ષેત્રની બેંકોના બોર્ડમાંથી રીઝર્વ બેંક ઑફ ઈન્ડિયાના પ્રતિનિધિઓને દૂર કરવાં.

   (A) ફક્ત 1 (B) ફક્ત 2
   (C) 1 અને 2 બંને (D) 1 અને 2 પૈકી કોઈ નહીં

067. "કુદરતી ન્યાય" વિચારધારાનું ઉદ્‌ગમસ્થાન કયું છે ?
   (A) થોમસ હોબ્સ, હુગો અને જહોન લોક (B) મેગ્ના કાર્ટા
   (C) ગ્રીક, ખ્રિસ્તી અને મધ્યકાલિન કેથોલીક શાસ્ત્ર (D) કન્ફ્યુશીયસ

068. આ દિવસે સંયુક્ત સંઘની સામાન્ય સભાએ માનવહક્કની ઘોષણા કરી હોવાને કારણે આ દિવસ માનવ હક્ક દિન તરીકે ઉજવાય છે ?
   (A) 6 જૂન (B) 2 માર્ચ
   (C) 9 નવેમ્બર (D) 10 ડિસેમ્બર

069. એમનેસ્ટી ઈન્ટરનેશનલનું મુખ્ય મથક ક્યાં આવેલું છે ?
   (A) લંડન (B) જીનીવા
   (C) ન્યૂયોર્ક (D) કોપનહેગન

070. નાલંદા વિશ્વવિદ્યાલયની સ્થાપનાની જાહેરાત કઈ આંતરરાષ્ટ્રિય સમીટમાં કરવામાં આવી હતી ?
   (A) G-20 (B) ઈસ્ટ એશિયા
   (C) G-7 (D) BIMSTEC

071. G-4 રાષ્ટ્રોનો મુખ્ય ઉદ્દેશ શું છે ?
   (A) ત્રાસવાદ સામે લડત આપવાનો
   (B) પરસ્પર આર્થિક સહકાર આપવાનો
   (C) સંયુક્ત રાષ્ટ્ર સંઘમાં સુરક્ષા પરિષદમાં કાયમી સભ્ય થવા પરસ્પર સહકાર આપવાનો
   (D) ઉપરના તમામ

072. ભારતે કયા દેશ સાથે "સ્માર્ટ આયલેન્ડ પ્રોજેક્ટ"ના વિકાસ માટે દ્વિપક્ષીય સહકારની પહેલ કરી છે ?
   (A) મ્યાનમાર (B) શ્રીલંકા
   (C) ઈન્ડોનેશિયા (D) જાપાન

073. અટલ પેન્શન યોજના ભારત સરકારના કયા મંત્રાયલ હેઠળ આવે છે ?
   (A) સામાજિક ન્યાય અને સશક્તિકરણ (B) સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ
   (C) ગ્રામિણ વિકાસ (D) નાણાં

074. કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય યોજના હેઠળ નીચે પૈકીના કયા વર્ગની બાલિકાઓને શિક્ષણ સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે ?

1. અનુસૂચિત જાતિઓ
2. અનુસૂચિત જનજાતિઓ
3. અન્ય પછાત વર્ગો

(A) ફક્ત 1 (B) ફક્ત 2 (C) ફક્ત 3 (D) 1, 2 અને 3

075. ગુજરાત સરકારના કયા મંત્રાલય / ખાતા / કચેરી દ્વારા GST - સહેલી વેબ-પોર્ટલ શરૂ કરવામાં આવ્યું છે ?

(A) નાણાં (B) ગ્રામિણ વિકાસ કમિશ્નર
(C) ઈન્ડેક્ષ-બી (D) ગુજરાત શ્રમયોગી કલ્યાણ બોર્ડ

076. હાલ ભારત કયા દેશમાંથી સૌથી વધુ ક્રૂડ ઓઈલ (કાચુ તેલ) આયાત કરે છે ?

(A) ઈરાન (B) ઈરાક
(C) સાઉદી અરબ (D) યુ.એ.ઈ.

077. ખાનગી ક્ષેત્રમાં .......... ઉદ્યોગ ભારતનો સૌથી મોટો નોકરીદાતા ઉદ્યોગ છે.

(A) આઈ.ટી. (B) કેમીકલ (C) સ્ટીલ (D) દીવાસળી

078. વર્ષ 2015-16ની સરખામણીમાં વર્ષ 2016-17 દરમ્યાન ભારતની નિકાસમાં .......... થયેલ છે અને આયાતમાં .......... થયેલ છે.

(A) વધારો, વધારો (B) વધારો, ઘટાડો
(C) ઘટાડો, વધારો (D) ઘટાડો, ઘટાડો

079. ગ્રાહક ભાવ સૂચકઅંક CPI-IW બાબતે નીચેના પૈકી કયું / કયા વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

1. તે ખાનગી ક્ષેત્રના કર્મચારીઓનું મોંઘવારી ભથ્થું નક્કી કરવા માટે વપરાય છે.
2. તે સરકારી કર્મચારીઓનું મોંઘવારી ભથ્થું નક્કી કરવા માટે વપરાય છે.

(A) ફક્ત 1 (B) ફક્ત 2
(C) 1 અને 2 બંને (D) 1 અને 2 પૈકી કોઈ નહીં

080. દેશમાં નાના બંદરોની માલસામાનની હેરફેર પૈકી .......... ટકા ગુજરાતમાંથી થાય છે.

(A) 51 (B) 61 (C) 71 (D) 81

081. વસતિ ગણત્રી-2001 ની સરખામણીએ વસતિ ગણત્રી - 2011ના નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

1. 15 - 24 વર્ષની વયજૂથમાં ઘટાડો
2. 60 વર્ષ ઉપરની વયજૂથમાં વધારો

(A) ફક્ત 1 (B) ફક્ત 2 (C) 1 અને 2 બંને (D) 1 અને 2 પૈકી કોઈ નહીં

082. ગુજરાતમાં વર્ષ 2001 - 2011 દરમ્યાન કયા જિલ્લાનો દાયકાનો સૌથી વધુ વસતિ વૃધ્ધિ દર છે ?

(A) સૂરત (B) અમદાવાદ (C) રાજકોટ (D) વડોદરા

083. ભારતમાં કપાસની ગાંસડીનું વજન કેટલું હોય છે ?

(A) 270 કિલો (B) 170 કિલો (C) 226 કિલો (D) 126 કિલો

084. NITI આયોગ દ્વારા તૈયાર કરવામાં આવેલી નવી ઊર્જા નીતિમાં કયા જાહેરક્ષેત્રના સાહસને 7 વિભાગોમાં વહેંચવાની વાત રજૂ કરવામાં આવી છે ?

(A) ઓ.એન.જી.સી. (ONGC)
(B) BHEL
(C) MTNL
(D) CIL

085. કઈ પંચવર્ષીય યોજનાના સમયગાળા દરમ્યાન રાષ્ટ્રીય આવકનો વાસ્તવિક વૃધ્ધિ દર તેના લક્ષ્યાંક કરતાં વધુ હતો ?

(A) પ્રથમ
(B) દ્વિતિય
(C) નવમી
(D) અગીયારમી

086. ભારત ખાંડના ઉત્પાદનમાં વિશ્વમાં .......... ક્રમે છે.

(A) પાંચમા (B) ચોથા (C) બીજા (D) પ્રથમ

087. વાહનોના "થર્ડ-પાર્ટી" વીમા બાબતે નીચેના પૈકી કયું / કયા વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

1. દ્વી-ચક્રીય (ટુ-વ્હીલર) વાહનો માટે "થર્ડ-પાર્ટી" વીમો ત્રણ વર્ષના સમય માટે રહેશે.
2. કાર (ફોર-વ્હીલર) વાહનો માટે "થર્ડ-પાર્ટી" વીમો પાંચ વર્ષના સમય માટે રહેશે.
3. આ નિર્ણય સર્વોચ્ચ અદાલત દ્વારા નિમાયેલ સમિતિની ભલામણને આધારે કરવામાં આવ્યો છે.

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 3
(C) ફક્ત 1 અને 3
(D) 1, 2 અને 3

088. નીચેના પૈકી કોની માર્ગદર્શિકા હેઠળ સરકારે રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ ધારણ કરેલાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના તમામ શેર હસ્તગત કરી લીધાં ?

(A) સીક્યુરીટી કમિશન
(B) નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા
(C) સેબી (SEBI)
(D) NITI આયોગ

089. નીચેના પૈકી કયું "હોટ મની" (Hot Money)ની સમજૂતી યોગ્ય રીતે આપે છે ?

(A) ઊંચા વ્યાજદરનો ફાયદો લેવા માટે એક દેશમાંથી અન્ય દેશમાં લઈ જવાતું ફંડ
(B) આ ફંડ બજારમાં ગેરકાયદેસર રીતે ઘુસાડવામાં આવે છે.
(C) આ ફંડ અમેરીકી ડોલરમાં ઊંચા વ્યાજદરે ટૂંકા ગાળા માટે ઔદ્યોગિક ગૃહોને પૂરૂં પાડવામાં આવે છે.
(D) મિલ્કતની જપ્તી અટકાવવા માટે બેંકને સમજૂતીના ભાગરૂપે પ્રથમ હપ્તા તરીકે આપવી પડતી રકમ.

090. GST બાબતે નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

1. કેન્દ્ર તેમજ રાજ્ય બંનેના કર વેચાણ-બિંદુ ઉપર ઉઘરાવવામાં આવશે.
2. કેન્દ્ર તેમજ રાજ્ય બંનેના કર ઉત્પાદન-શુલ્ક ઉપર આકારવામાં આવશે.
3. આ નિર્ણય સર્વોચ્ચ અદાલત દ્વારા નિમાયેલ સમિતિની ભલામણને આધારે કરવામાં આવ્યો છે.

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) 1 અને 2 પૈકી કોઈ નહીં

091. વર્ષ 2016-17ના કામચલાઉ હિસાબો મુજબ, ગુજરાત રાજ્યની કુલ કરવેરાની આવકમાં કેન્દ્રીય કરવેરાનો હિસ્સો ..........% હતો.

(A) 12.6%
(B) 22.6%
(C) 32.6%
(D) 42.6%

092. જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ રેશનકાર્ડ ધારકોને વ્યાજબી ભાવની દુકાનો મારફતે નીચેના પૈકી કઈ સામગ્રીનું વિતરણ કરવામાં આવતું નથી ?

(A) ચોખા
(B) આયોડિન યુક્ત મીઠું
(C) બાજરી
(D) ખાદ્યતેલ

093. ગુજરાતની સમુદ્રરેખા પર આવેલ કેપ્ટીવ જેટી અને તેને આધારિત ઉદ્યોગોના જોડકાં જોડો.

| બંદર | | ઉદ્યોગનું નામ | |
|---|---|---|---|
| 1. | હજીરા | a. | એસ્સાર બલ્ક ટર્મિનલ લી. |
| 2. | સિક્કા | b. | દિગ્વિજય સિમેન્ટ કંપની |
| 3. | પીપાવાવ | c. | અલ્ટ્રાટેક સિમેન્ટ કંપની લી. |
| 4. | જખઉ | d. | સાંઘી ઈન્ડસ્ટ્રીઝ લી. |

(A) 1 - a, 2 - b, 3 - c, 4 - d
(B) 1 - a, 2 - b, 3 - d, 4 - c
(C) 1 - c, 2 - d, 3 - a, 4 - b
(D) 1 - d, 2 - c, 3 - a, 4 - b

094. જે જમીનમાંથી સંપૂર્ણ ખાણકામ થઈ ગયું છે તેનાં પુનઃ વપરાશ માટે GMDC એ નવીન એવો 5 MW નો સૌર ઊર્જા પ્રોજેક્ટ .......... ની ખાણો ખાતે ઉભો કર્યો છે.

(A) છોટાઉદેપુરની આંબાડુંગર
(B) પાનાન્ધ્રો
(C) અંબાજી
(D) ધુવારણ

095. ઉદ્યોગોની વાર્ષિક મોજણી 2014-15 ના આખરી પરિણામ મુજબ .......... નું ઔદ્યોગિક જૂથ કારખાનાની સંખ્યાની દૃષ્ટિએ ગુજરાત રાજ્યનું અગ્રીમ જૂથ છે.

(A) રસાયણ અને રાસાયણિક પેદાશોનું ઉત્પાદન
(B) કાપડનું ઉત્પાદન
(C) યંત્ર સામગ્રી અને સાધનોનું ઉત્પાદન
(D) ખાદ્ય પેદાશોનું ઉત્પાદન

096. નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

1. 'સામાજીક વનીકરણ કાર્યક્રમ' વનવિસ્તાર સિવાયની જમીનો પર વનીકરણ કરવા માટેનો છે.
2. ગુજરાત વન સંવર્ધન વિકાસ પરીયોજના (GFDP) ''જાપાન બેન્ક ફોર ઈન્ટરનેશનલ કો-ઓપરેશન''ના સહાયથી અમલમાં મૂકવામાં આવી હતી.

(A) ફક્ત 1 (B) ફક્ત 2
(C) 1 અને 2 બંને (D) 1 અને 2 પૈકી કોઈ નહીં

097. ''ગોલ'', ''પલ્લા'', ''ચાકસી'' અને ''ખાગા'' શું છે ?

(A) કેરીના પ્રકારો (B) ચીકુના પ્રકારો
(C) માછલીની જાતો (D) ઊંટની જાતો

098. સૂચિત કલ્પસર યોજનામાં ખંભાતની પશ્ચિમ કાંઠા અને પૂર્વ કાંઠાને જોડતો બહુહેતુક બંધ બનાવવાનું આયોજન છે. આ યોજનામાં 30 કિ.મી. લંબાઈનો બંધ બનાવી નીચેના પૈકી કઈ નદીઓના પાણીનો સંગ્રહ કરવાનું આયોજન છે ?

1. નર્મદા 2. ઢાઢર
3. મહી 4. સાબરમતી

(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 1 અને 3
(C) ફક્ત 2 અને 3 (D) 1, 2, 3 અને 4

099. જાહેર જનતા પાસેથી સરકાર દ્વારા લીધેલી લોનને .......... કહે છે.

(A) કોર્પોરેટ ઋણ (B) સામાન્ય ઋણ
(C) બજાર ઋણ (D) ખાનગી ઋણ

100. ભારતમાં વિદેશી મુદ્રાના ભંડોળનું સંચાલન કોણ કરે છે ?

(A) વિદેશી બાબતોનું મંત્રાલય (B) રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયા
(C) નાણા મંત્રાલય (D) NITI આયોગ

101. નવમી અને દસમી સદી દરમ્યાન આધુનિક દક્ષિણ ગુજરાત માટે .......... શબ્દ પ્રયોજાતો.

(A) લાટ (B) સુલકા
(C) ભાખા (D) ગુર્જર

102. વીજળીનો ચમકારો એ કયા જૈવરાસાયણિક ચક્ર સાથે જોડાયેલી ઘટના છે ?

(A) ઓક્સિજન ચક્ર (B) નાઈટ્રોજન ચક્ર
(C) કાર્બન ડાયોક્સાઈડ ચક્ર (D) ફોસ્ફરસ ચક્ર

103. દ્વારકાનો ચૂનાના ખડકોનો વિસ્તાર અને કચ્છનો ડુંગરાળ વિસ્તાર .......... ખડકો ધરાવે છે.

(A) વિકૃત (B) પ્રસ્તર
(C) અગ્નિકૃત (D) ઉપરના પૈકી કોઈ નહીં

**104.** ભારતમાં સૌથી મોટી ઘોડા ભરતી .......... પાસે આવે છે.

(A) નર્મદામાં ભરૂચ
(B) મહાનદીમાં જગતસિંહપુર
(C) કાવેરીમાં હમશલા દેવી
(D) ગંગાનદી (હુગલી)માં કોલકત્તા

**105.** ભરૂચ અને શુક્લતીર્થની વચ્ચે કઈ ઉપનદી નર્મદાને મળે છે ?

(A) કાવેરી
(B) અમરાવતી
(C) ભૂખી
(D) ઉપરની તમામ

**106.** સમુદ્રમાં ઉત્પન્ન થતા પ્રવાહો માટે નીચે પૈકીનું / ના કયું / કયા કારણ / કારણો જવાબદાર ગણાય છે ?

(A) સૂર્યશક્તિ
(B) ગ્રહિય પવનો
(C) પૃથ્વીનું પરિભ્રમણ
(D) ઉપરના તમામ

**107.** રાજસ્થાનમાં યાત્રાધામ સુન્ધા માતાની પાસે આવેલા પર્વતો .......... નું દૃષ્ટાંત છે.

(A) ગેડ પર્વત
(B) ખંડ પર્વત
(C) ઘુમ્મટાકાર પર્વત
(D) જ્વાળામુખી પર્વત

**108.** .......... પ્રકારના જંગલો મરી, લવિંગ, ઈલાયચી જેવા તેજાનાની બાગાયત માટે ઉપયોગી છે.

(A) ઉત્તમ કટિબંધીય પાનખર
(B) ઉષ્ણ કટિબંધીય કાંટાળા
(C) ઉષ્ણ કટિબંધીય નિત્ય લીલાં
(D) પર્વતીય

**109.** છત્તીસગઢના બસ્તર જિલ્લાની .......... ની ખાણ એશિયાની સૌથી મોટી સુસજ્જિત **(mechanised)** ખાણ છે.

(A) કોલસો
(B) લોહઅયસ્ક
(C) મેંગેનીઝ
(D) બોક્સાઈટ

**110.** ભારતમાં પશ્ચિમ તટ પર વરસાદ પશ્ચિમથી પૂર્વ જતા .......... અને ગુજરાતમાં પૂર્વથી પશ્ચિમ જતાં .......... થવા લાગે છે.

(A) ઓછો, ઓછો
(B) ઓછો, વધુ
(C) વધુ, ઓછો
(D) વધુ, વધુ

**111.** નીચેના પૈકી કઈ જોડી ખોટી છે ?

(A) રાષ્ટ્રીય જળમાર્ગ-I : ગંગા-ભગીરથી - હુગલી
(B) રાષ્ટ્રીય જળમાર્ગ-II : યમુના - બ્રહ્મપુત્રા
(C) રાષ્ટ્રીય જળમાર્ગ-IV : ગોદાવરી - ક્રિષ્ણા
(D) ઉપરના પૈકી કોઈ નહીં

**112.** વાતાગ્ર એ હવાનો .......... કિલોમીટર પહોળો વિસ્તાર છે.

(A) 3 થી 50
(B) 50 થી 100
(C) 100 થી 150
(D) 150 થી 200

113. ઓડિશાનું ચિલ્કા અને તામિલનાડુનું પુલિકટ .......... સરોવરના દૃષ્ટાંત છે.

(A) લગૂન (B) તાજા પાણીના

(C) જ્વાળામુખી (D) ફાટખીણ

114. ગુજરાતનો પ્રથમ હેવી વોટર પ્લાન્ટની સ્થાપના ક્યાં કરવામાં આવી હતી ?

(A) હજીરા (B) જામનગર

(C) ખારાઘોડા (D) વડોદરા

115. નીચેના પૈકી કોની ગૌણ વન-પેદાશો તરીકે નોંધણી થયેલ છે ?

1. ટીમરૂના પાન
2. મહુડાના ફુલ
3. ગુંદર

(A) ફક્ત 1 (B) ફક્ત 2 અને 3

(C) ફક્ત 1 અને 3 (D) 1, 2 અને 3

116. ગુજરાતના કયા જિલ્લાની વસ્તીમાં અનુસૂચિત જનજાતિનું પ્રમાણ સૌથી વધુ છે ?

(A) વડોદરા (B) વલસાડ

(C) દાહોદ (D) સૂરત

117. પૃથ્વીના સિમાના સ્તરની નીચે આવેલો ભૂગર્ભના કેન્દ્ર ભાગમાં મુખ્યત્વે .......... જેવાં નક્કર ધાતુમય દ્રવ્યો આવેલાં છે.

(A) મેગ્નેશિયમ અને કોબાલ્ટ (B) નિકલ અને ફેરિયમ

(C) ગ્રેનાઈટ અને બેસાલ્ટ (D) કોપર અને કેલ્શિયમ

118. નીચેના પૈકી કઈ જોડી ખોટી છે ?

(A) પિનવેલી રાષ્ટ્રીય ઉદ્યાન : હિમાચલ પ્રદેશ (B) મરીન રાષ્ટ્રીય ઉદ્યાન : ગુજરાત

(C) સુલતાનપુર રાષ્ટ્રીય ઉદ્યાન : મહારાષ્ટ્ર (D) પન્ના રાષ્ટ્રીય ઉદ્યાન : મધ્યપ્રદેશ

119. 2011ની વસ્તી ગણત્રી મુજબ નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

1. ભારતની સરખામણીમાં ગુજરાતનો સાક્ષરતા દર ઊંચો છે.
2. 15 - 19 ના વયજૂથમાં ગુજરાતની વસ્તીના હિસ્સાની ટકાવારી ભારતની વસ્તીના હિસ્સાની ટકાવારી કરતાં વધુ છે.

(A) ફક્ત 1 સાચું છે. (B) ફક્ત 2 સાચું છે.

(C) 1 અને 2 બંને સાચાં છે. (D) 1 અને 2 બંને ખોટાં છે.

120. ગુજરાતમાં નીચેના પૈકી કયા પાકનો વાવેતર વિસ્તાર સૌથી વધુ છે ?

(A) મગફળી (B) ઘઉં

(C) બાજરી (D) કપાસ

121. ગુજરાતમાં કેટલા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન (SIR) નોટીફાઈ થયેલાં છે ?

(A) 4
(B) 5
(C) 6
(D) 7

122. ગુજરાતમાં વીજ ઉત્પાદનમાં નીચેના પૈકી સૌથી વધુ હિસ્સો કોનો છે ?

(A) ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કોર્પોરેશન લી. (GSECL)
(B) ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી. (GUVNL)
(C) ખાનગી ક્ષેત્ર
(D) કેન્દ્રીય ક્ષેત્ર

123. ગુજરાત મેરીટાઈમ બોર્ડ દ્વારા .......... ને હજીરા પોર્ટના વિકાસ માટે અધિકારો સુપ્રત કરવામાં આવ્યાં છે.

(A) મે. શેલ ગેસ બી.વી.
(B) એસ્સાર
(C) રિલાયન્સ
(D) પેટ્રોનેટ

124. ગુજરાતમાં મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ બાબતે નીચેના પૈકીના કયાં વિધાનો સાચાં છે ?

1. મુખ્યમંત્રીશ્રીને મળેલ ભેટ સોગાદોની દર વર્ષે જાહેર હરાજી કરીને તેમાંથી ફંડ ઉભું કરવામાં આવે છે.
2. આ ફંડમાં દાતાઓ અને સંસ્થાઓ તરફથી દાન કરવામાં આવે છે.
3. એમ.બી.બી.એસ. અભ્યાસક્રમમાં પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીનીઓ કે જેમના વાલીની કૌટુંબિક વાર્ષિક આવક રૂા. 6 લાખ સુધીની હોય તેમને આ યોજનાનો લાભ મળે છે.
4. બી.પી.એલ. હેઠળ આવતી કન્યાઓને ધોરણ-8 સુધીનું શિક્ષણ પુરૂં કર્યા બાદ રૂા. 2000ના બોન્ડ આપવામાં આવે છે.

(A) ફક્ત 1
(B) ફક્ત 1 અને 2
(C) ફક્ત 1, 2 અને 3
(D) 1, 2, 3 અને 4

125. .......... દરિયાઈ વિશ્વમાં એલ.પી.જી. (LPG) આયાત કરનાર સૌ પ્રથમ ખાનગી બંદર છે.

(A) ભાવનગર
(B) પોરબંદર
(C) કંડલા
(D) દહેજ

126. ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી .....

(A) વૈજ્ઞાનિક શિક્ષણ, જાગૃતિ, સંશોધન અને વિકાસને પ્રોત્સાહન આપવા માટેની નોડલ સંસ્થા છે.
(B) હાર્ડવેર અને સોફ્ટવેરની સુવિધા મેળવવા સલાહ આપે છે અને ઈ-ગવર્નન્સ પ્રોજેક્ટોના અમલીકરણ માટેની તાલીમ પૂરી પાડે છે.
(C) ટેકનોલોજી આધારિત ઉદ્યોગો અને ઉદ્યોગ સાહસિકોને પ્રોત્સાહન આપવા માટેની નોડલ સંસ્થા છે.
(D) સ્પેસ એપ્લિકેશન્સ અને જીઓ-ઈન્ફર્મેટીક્સ માટેની નોડલ સંસ્થા છે.

127. તાજેતરમાં કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા ફટાકડાની બનાવટમાં વપરાતા કયા પાંચ રસાયણોને ઝેરી જાહેર કરવામાં આવ્યા છે અને તેના ઉપયોગ ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે ?

(A) એન્ટિમોની, લિથિયમ, પારો, આર્સેનિક અને નિકલ

(B) એન્ટિમોની, લિથિયમ, ક્રોમિયમ, લીડ અને નિકલ

(C) કેડમિયમ, લીડ, નિકલ, ઝીંક અને લોખંડ

(D) બેરિલયમ, કેડમિયમ, પારો, ક્રોમિયમ અને નિકલ

128. ભારત સરકારની નીચેના પૈકી કઈ યોજના સૌ કોઈ માટે ધોરણ-9 અને તેના ઉપરના વર્ગોના અભ્યાસક્રમો શીખવવા માટે આઈ.ટી. પ્લેટફોર્મની સુવિધાઓ પૂરી પાડે છે ?

(A) સ્વયં

(B) સારાંક્ષ

(C) સ્વયંપ્રભા

(D) શાળાસિધ્ધિ

129. મનુષ્યના શરીરમાં લોહીના દબાણ બાબતે નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

1. તે શિરાઓ કરતાં ધમનીઓમાં વધુ હોય છે.

2. તે સ્ફીગમોમીટર નામના સાધન વડે માપવામાં આવે છે.

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) 1 અને 2 પૈકી કોઈ નહીં

130. લોહી એ .......... પ્રકારની પેશી છે.

(A) ઉપકલા પેશી

(B) જોડાણ પેશી

(C) સ્નાયુ પેશી

(D) મજ્જા પેશી

131. માનવ શરીરમાં આંત્રપુચ્છ (Appendix) .......... સાથે જોડાયેલું છે.

(A) મોટું આંતરડુ

(B) નાનું આંતરડુ

(C) પિત્તાશય

(D) જઠર

132. "નાવિક" (NAVIC) બાબતે નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

1. તે સ્વદેશી બનાવટની નેવીગેશન ઉપગ્રહ આધારીત સીસ્ટમ છે.

2. તેમાં સાત ઉપગ્રહોનો સમાવેશ થાય છે.

3. તે 2016 માં કાર્યરત થયું.

(A) ફક્ત 1 અને 3

(B) ફક્ત 2 અને 3

(C) ફક્ત 1 અને 2

(D) 1, 2 અને 3

133. PSLV અને GSLV બાબતે નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં નથી ?

1. PSLV એ GSLV કરતાં જુનું / અગાઉનું છે.
2. GSLV એ PSLV કરતાં અવકાશમાં વધારે વજન લઈ જવાની ક્ષમતા ધરાવે છે.
3. GSLV એ PSLV કરતાં વધુ સફળતા ગુણોત્તર ધરાવે છે.

(A) ફક્ત 1
(B) ફક્ત 1 અને 2
(C) ફક્ત 2 અને 3
(D) ફક્ત 3

134. ભારતીય સંરક્ષણ સામગ્રી K-4 અને K-15 .......... છે.

(A) બેલેસ્ટિક મિસાઈલ્સ
(B) પરમાણુ સ્ફોટક અગ્ર (ન્યુક્લિયર વોરહેડ)
(C) ભારે વિસ્ફોટક સુરંગ (લેન્ડમાઈન્સ)
(D) સબમશીનગન્સ

135. અગ્નિ-IV મિસાઈલ બાબતે નીચેના પૈકી કયું / કયા વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

1. તે સપાટીથી સપાટી મિસાઈલ છે. (Surface to surface)
2. તે મધ્યમ શ્રેણીનું બેલિસ્ટિક મિસાઈલ છે.
3. તે આશરે 7500 કિ.મી. સુધી 1 ટન પરમાણુ સ્ફોટક અગ્ર (ન્યુક્લિયર વોરહેડ) વહન કરી શકે છે.

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1 અને 3
(D) 1, 2 અને 3

136. નીચેના પૈકી કઈ ભારતીય કોલસાની સમસ્યાઓ છે ?

(A) નીચું કેલરી મૂલ્ય
(B) રાખનું ઊંચું પ્રમાણ
(C) સલ્ફરનું ઊંચું પ્રમાણ
(D) ઉપરના તમામ

137. "બાયોગેસ" બાબતે નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

1. બાયોગેસ ધુમાડો કે રાખનું નિર્માણ કરતું નથી.
2. બાયોગેસ પ્લાન્ટમાનો વધેલો કચરો ખાતર તરીકે ઉપયોગી છે.

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) 1 અને 2 પૈકી કોઈ નહીં

138. નીચેના પૈકી કઈ પ્રવૃત્તિમાં "લેસર"નો ઉપયોગ થાય છે ?

1. છાપકામ
2. બારકોડ સ્કેનીંગ
3. કપડા ઉદ્યોગ
4. કેન્સરની સારવાર

(A) 1, 2, 3 અને 4
(B) ફક્ત 1, 2 અને 3
(C) ફક્ત 1 અને 2
(D) ફક્ત 1

139. માનવ શરીરની કિડનીમાં થતી પથરીનું મુખ્ય રાસાયણિક સંયોજન .......... છે.

(A) યુરિક એસિડ
(B) કેલ્શિયમ કાર્બોનેટ
(C) કેલ્શિયમ ઓક્ઝેલેટ
(D) કેલ્શિયમ સલ્ફેટ

140. વરસાદના પાણી કરતા નદીનું પાણી ભારે હોય છે કારણ કે ....

(A) તે હંમેશા વહેતું હોય છે.
(B) તે વાતાવરણમાં ખુલ્લું હોય છે.
(C) તે કેલ્શિયમ અને મેગ્નેશિયમના ક્ષાર ધરાવે છે.
(D) તે સોડિયમ ક્લોરાઈડ ધરાવે છે.

141. ફળોને શીતાગારમાં રાખવાથી તેમની આવરદા વધે છે કારણ કે ....

(A) ભેજ વધે છે.
(B) સૂર્યપ્રકાશ હોતો નથી.
(C) $CO_2$નું સાંદ્રણ વધે છે.
(D) શ્વસન પ્રક્રિયાનો દર ઘટે છે.

142. નીચેના પૈકી કઈ કંપની શૂલ્ક વિના ઈ-મેલ સેવાઓ વપરાશકારોને પૂરી પાડતી નથી ?

(A) Gmail
(B) Proton
(C) GMX
(D) ઉપરના પૈકી કોઈ નહીં

143. રાંધણ-ગેસમાં વપરાશમાં લેવાતાં ગેસ-સિલિન્ડર અને ગેસ-પાઈપલાઈન બાબતે નીચેના પૈકી કયું / કયાં વિધાન વિધાનો સાચું / સાચાં છે ?

1. ગેસ-સિલિન્ડરમાં LPG હોય છે, જ્યારે ગેસ પાઈપ-લાઈનમાં PNG હોય છે.
2. LPGમાં મુખ્યત્વે મિથેન હોય છે, જ્યારે PNGમાં મુખ્યત્વે પ્રોપેન અને બ્યુટેન હોય છે.

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) 1 અને 2 પૈકી કોઈ નહીં

144. સમાનવ અવકાશયાત્રા સફળતાપૂર્વક યોજનારા દેશો કયા છે ?

1. અમેરીકા
2. રશિયા
3. ચીન

(A) ફક્ત 1
(B) ફક્ત 1 અને 2
(C) ફક્ત 1 અને 3
(D) 1, 2 અને 3

145. 1 TB = .......... MB.

(A) 1,000
(B) 10,000
(C) 1,00,000
(D) 10,00,000

146. FM રેડીયોમાં "FM" એટલે .......... .

(A) Fixed Machine
(B) Frequency Modulation
(C) Frequency Modem
(D) Frequent Monitoring

**147. HDTV (High Definition Television) બાબતે નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?**

1. તે એનેલોગ સિગ્નલ (Analog Signal) નો ઉપયોગ કરે છે.
2. તે 35 mm ફિલ્મ સમકક્ષ દશ્ય ગુણવત્તા આપે છે.

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) 1 અને 2 પૈકી કોઈ નહીં

**148. iOS બાબતે નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?**

1. iOS મોબાઈલ ઓપરેટીંગ સીસ્ટમ છે જે iPhone, iPad અને iPod touch જેવાં Apple ઉત્પાદનોમાં જ વપરાય છે.
2. iOS ગુગલ દ્વારા વિકસાવવામાં આવ્યું છે.

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) 1 અને 2 પૈકી કોઈ નહીં

**149. ગ્રહણ બાબતે નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?**

1. જ્યારે સૂર્ય, ચંદ્ર અને ધરતી સીધી લીટીમાં હોય અને ચંદ્ર એ સૂર્ય અને ધરતીની વચ્ચે હોય ત્યારે સૂર્યગ્રહણ થાય છે.
2. જ્યારે સૂર્ય, ધરતી અને ચંદ્ર સીધી લીટીમાં હોય અને ધરતી એ સૂર્ય અને ચંદ્રની વચ્ચે હોય ત્યારે ચંદ્રગ્રહણ થાય છે.

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) 1 અને 2 પૈકી કોઈ નહીં

**150. થર્મલ પાવર સ્ટેશનમાં વીજળી ઉત્પન્ન કરવા માટે કઈ પદ્ધતિનો ઉપયોગ થાય છે ?**

(A) ચાર્જેબલ શેલ્સને ગરમ કરીને
(B) પાણીને ઉકાળીને
(C) ઉષ્મા શક્તિ દ્વારા પીસ્ટનને ધક્કો મારીને
(D) ઉપરના તમામ

**151. એક પેટીમાં 8 સોનાના સિક્કા અને 10 ચાંદીના સિક્કા છે. જ્યારે બીજી પેટીમાં 6 સોનાના સિક્કા અને 14 ચાંદીના સિક્કા છે. બે પેટીમાંથી એક પેટીની યાદચ્છિક રીતે પસંદગી કરવામાં આવે છે અને તેમાંથી એક સિક્કો પસંદ કરવામાં આવે છે. તો આ સિક્કો સોનાનો હોવાની સંભાવના કેટલી ?**


(A) $\frac{31}{90}$
(B) $\frac{67}{180}$
(C) $\frac{7}{19}$
(D) ઉપરના પૈકી કોઈ નહીં

**152. નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?**

1. પ્રથમ 200 પ્રાકૃતિક સંખ્યાઓમાં કુલ 14 પૂર્ણવર્ગ સંખ્યાઓ છે.
2. બે પૂર્ણવર્ગ સંખ્યાઓનો સરવાળો પણ પૂર્ણવર્ગ સંખ્યા જ હોય છે.
3. બે પૂર્ણ વર્ગ સંખ્યાઓનો ગુણાકાર પણ પૂર્ણવર્ગ સંખ્યા જ હોય છે.

(A) ફક્ત 3
(B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1 અને 3
(D) 1, 2 અને 3

* નિર્દેશ (પ્રશ્ન 153 થી 155) : નીચેના સ્તંભાલેખમાં આપેલા વર્ષોમાં લઘુ, મધ્યમ અને મોટા ઉદ્યોગોમાં થયેલ નફાની ટકાવારી આપવામાં આવેલ છે. તેનો ઉપયોગ કરી આપેલ પ્રશ્નો માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો.




**153.** વર્ષ 2015માં કયા ઉદ્યોગ ક્ષેત્રમાં વર્ષ 2012ની સરખામણીમાં નફાની ટકાવારીમાં સૌથી વધુ ફેરફાર થયો ?

(A) લઘુ ઉદ્યોગ (B) મોટા ઉદ્યોગ

(C) મધ્યમ ઉદ્યોગ (D) ઉપરના પૈકી કોઈ નહીં

**154.** જો વર્ષ 2013માં લઘુ ઉદ્યોગોનું કુલ ટર્ન ઓવર રૂા. 240 લાખ હોય તો તે વર્ષમાં તેનો કુલ નફો આશરે કેટલો થશે ?

(A) રૂા. 30 લાખ (B) રૂા. 40 લાખ

(C) રૂા. 50 લાખ (D) રૂા. 60 લાખ

**155.** આપેલા તમામ વર્ષોમાં મધ્યમ ઉદ્યોગોએ કરેલ નફાની ટકાવારીની સરેરાશ આશરે કેટલી થશે ?

(A) 21% (B) 29% (C) 34% (D) 39%

**156.** P, Q, R, S, T, U અને V એક કુટુંબના સભ્યો છે. તે પૈકી 4 પુખ્ત વયના અને 3 બાળકો છે. U અને V નાની બાળકીઓ છે. P અને S ભાઈઓ છે, અને P ડોક્ટર છે. T એન્જિનિયર છે અને તેણે બે પૈકી એક ભાઈ સાથે લગ્ન કર્યા છે અને તેમને 2 સંતાનો છે. Q એ S સાથે લગ્ન કર્યા છે અને V તેમનું સંતાન છે.

ઉપરોક્ત માહિતી ધ્યાને લેતાં નીચે પૈકી કયો વિકલ્પ નિશ્ચિતપણે સાચો છે ?

(A) P એ V નો ભાઈ છે. (B) R એ U નો પિતા છે.


(C) P એ R ના પિતા છે. (D) T એ U નો ભાઈ છે.

**157.** જો L એટલે ÷, M એટલે ×, P એટલે + અને Q એટલે – , તો નીચે આપેલ વિકલ્પો પૈકી કયો વિકલ્પ સાચો છે ?

(A) 32 P 8 L 16 Q 4 = $-\frac{3}{2}$ (B) 6 M 18 Q 26 L 13 P 7 = $\frac{173}{13}$

(C) 11 M 34 L 17 Q 8 L 3 = $\frac{38}{3}$ (D) 9 P 9 L 9 Q 9 M 9 = –71

158. નીચેની આકૃતિમાં જો PQRS સમાંતરબાજુ ચતુષ્કોણ હોય તો b ની કિંમત કેટલી હશે ?




(A) 2 (B) 3
(C) 4 (D) ઉપરના પૈકી કોઈ નહીં

159. ત્રણ સંખ્યાઓ 2:3:4 ના ગુણોત્તરમાં છે. જો તેઓના ઘનનો સરવાળો 33957 હોય તો તે પૈકી સૌથી મોટી સંખ્યા કઈ હશે ?

(A) 24 (B) 28
(C) 32 (D) ઉપરના પૈકી કોઈ નહીં

160. જો $log_2 x + log_2 y = 4$ અને $x = 0.2$ હોય તો $y$ ની કિંમત કેટલી થશે ?

(A) 3.8 (B) 38
(C) 80 (D) 800

161. ધાતુના એક 18 સેમી વ્યાસના ગોળામાંથી એક 6 મીમી વ્યાસનો તાર ખેંચવામાં આવે છે, તો તે તારની લંબાઈ કેટલી થશે ?

(A) 108 મીટર (B) 300 મીટર
(C) 1080 મીટર (D) ઉપરના પૈકી કોઈ નહીં

162. એક યાત્રાળુ કુલ 1200 કિમીની પદયાત્રા 8 દિવસમાં પૂર્ણ કરે છે. દિવસ દરમ્યાન તે કુલ 9 કલાક આરામ કરે છે. જો તેણે પરત યાત્રા 10 દિવસમાં બમણી ઝડપે પૂરી કરી હોય તો પરત યાત્રામાં દિવસ દરમ્યાન તેણે કેટલા કલાક આરામ કર્યો હશે ?

(A) 12 કલાક (B) 13.5 કલાક
(C) 18 કલાક (D) ઉપરના પૈકી કોઈ નહીં

163. જો ત્રિકોણ ABC માં CE એ વેધ હોય તો નીચે પૈકી કયું વિધાન / કયા વિધાનો નિશ્ચિત પણે સત્ય છે ?

1. જો E એ બાજુ AB નું મધ્યબિંદુ હોય તો ત્રિકોણ ABC સમબાજુ ત્રિકોણ છે.

2. ત્રિકોણ ABC ના અંતઃવર્તુળનું કેન્દ્ર વેધ CEનું મધ્યબિંદુ છે.

(A) 1 અને 2 બંને (B) ફક્ત 1
(C) ફક્ત 2 (D) ઉપરના પૈકી કોઈ નહીં

**164.** 12:48 કલાકે ઘડિયાળનો કલાક કાંટો તેના મિનિટ કાંટા કરતાં કેટલા ડિગ્રી પાછળ હશે ?

(A) 230°  (B) 248°  (C) 264°  D) 288°

**165.** વિવાન એક કામ 15 દિવસમાં પૂરૂં કરે છે. કામ શરૂ કર્યા બાદ 5 દિવસ પછી તે કામ છોડી દે છે. બાકીનું કામ રોહન 12 દિવસમાં પૂરૂં કરે છે. તો રોહન એકલો આખું કામ કેટલા દિવસમાં પૂરૂં કરશે ?

(A) 14 દિવસ  (B) 18 દિવસ  (C) 22 દિવસ  (D) 28 દિવસ

**166.** એક બેંકમાં ચક્રવૃદ્ધિ વ્યાજ દર 6 માસે ગણવામાં આવે છે. એક ગ્રાહક તે બેંકમાં 1 જાન્યુઆરીના રોજ રૂા. 6,400 અને 1 જુલાઈના રોજ તેટલી જ રકમ થાપણ તરીકે મૂકે છે. જો વ્યાજનો દર 5% હોય તો વરસના અંતે તેને કુલ કેટલું વ્યાજ મળશે ?

(A) રૂા. 414  (B) રૂા. 444

(C) રૂા. 484  (D) ઉપરના પૈકી કોઈ નહીં

**167.** જો એક સાંકેતિક ભાષામાં BEST નો કોડ 2512 હોય તો BETTER નો કોડ કયો હશે ?

(A) 252259  (B) 252258

(C) 253351  (D) ઉપરના પૈકી કોઈ નહીં

**168.** એક વર્ગખંડમાં એક વિષયમાં 10 વિદ્યાર્થીઓએ મેળવેલ ગુણ નીચે મુજબ છે.

39, 43, 36, 38, 77, 73, 43, 05, 25, 39.

આ માહિતી માટે નીચેના વિધાનો પૈકી કયું વિધાન / કયા વિધાનો સત્ય છે ?

1. આપેલી માહિતીનો બહુલક 77 છે.
2. આપેલી માહિતીને એકથી વધુ બહુલક છે.
3. આપેલી માહિતીનો મધ્યસ્થ 39 છે.

(A) ફક્ત 1 અને 2  (B) ફક્ત 1 અને ફક્ત 3

(C) ફક્ત 2 અને ફક્ત 3  (D) 1, 2 અને 3

**169.** $\frac{4}{5}$, $\frac{5}{6}$ અને $\frac{7}{12}$ નો ગુ.સા.અ. કેટલો થશે ?

(A) $\frac{1}{60}$  (B) $\frac{7}{18}$

(C) $\frac{5}{36}$  (D) ઉપરના પૈકી કોઈ નહીં

**170.** જો $x = 2 - \sqrt{3}$ હોય તો $x + \frac{1}{x}$ ની કિંમત કેટલી થશે ?

(A) 4  (B) $2\sqrt{3}$

(C) $4+\sqrt{3}$  (D) $4-\sqrt{3}$

* **નિર્દેશ (પ્રશ્નો 171 થી 174) : દરેક પ્રશ્નમાં એક પ્રશ્ન અને બે વિધાનો (I) અને (II) આપવામાં આવ્યા છે. તમારે એ નિર્ણય કરવાનો છે, કે વિધાનોમાં આપવામાં આવેલ માહિતી આપેલા પ્રશ્નનો જવાબ આપવા પર્યાપ્ત છે કે કેમ ?**

**તમારો જવાબ નીચે મુજબ આપો.**

**(A)** જો વિધાન (I) એકલું આપેલા પ્રશ્નનો જવાબ આપવા માટે પર્યાપ્ત છે. પરંતુ વિધાન (II) એકલું આપેલા પ્રશ્નના જવાબ આપવા પર્યાપ્ત નથી.

**(B)** જો વિધાન (II) એકલું આપેલા પ્રશ્નનો જવાબ આપવા માટે પર્યાપ્ત છે. પરંતુ વિધાન (I) એકલું આપેલા પ્રશ્નના જવાબ આપવા પર્યાપ્ત નથી.

**(C)** જો વિધાન (I) અને વિધાન (II) બંને આપેલા પ્રશ્નનો જવાબ આપવા આવશ્યક છે.

**(D)** જો વિધાન (I) અને વિધાન (II) બંને સાથે પણ આપેલા પ્રશ્નનો જવાબ આપવા પર્યાપ્ત નથી.

**171.** $x > y$ ? C

(I) $x^2 + 4x + 3 = 0$

(II) $7y^2 - 8y + 5 = 0$

**172.** વર્ગમાં કુલ કેટલા વિદ્યાર્થીઓ છે ? D

(I) વિદ્યાર્થીઓની સરેરાશ ઉંચાઈ 54 છે.

(II) વર્ગમાં 75% વિદ્યાર્થીઓ સરેરાશ ઉંચાઈ કરતા વધુ ઉંચાઈ ધરાવે છે.

**173.** ટ્રેનની લંબાઈ કેટલી છે ? A

(I) ટ્રેનને 80 કિમી/કલાકની ઝડપે 350 મીટર લાંબો પ્લેટફોર્મ પસાર કરતાં 10 સેકંડ લાગે છે.

(II) ટ્રેનને એક સિગ્નલ પસાર કરતાં 3 સેકંડ લાગે છે.

**174.** ત્રિકોણનું ક્ષેત્રફળ કેટલું છે ? D

(I) ત્રિકોણની બે બાજુઓના માપ અનુક્રમે 24 સેમી અને 25 સેમી છે.

(II) ત્રિકોણ કાટકોણ ત્રિકોણ છે.

**175.** એક વિદ્યાર્થી એક સંખ્યાને $\frac{5}{3}$ થી ગુણવાને બદલે $\frac{3}{5}$ થી ગુણે છે. તો આ ગણતરીમાં ત્રુટીની ટકાવારી કેટલી થશે ?

(A) 44% (B) 54%

(C) 64% (D) ઉપરના પૈકી કોઈ નહીં

176. કાઉન્સીલ ફોર સાયન્ટીફીક એન્ડ ઈન્ડસ્ટ્રીયલ રીસર્ચ દ્વારા નીચેના પૈકી ઓછું પ્રદૂષણ કરતાં કયાં ત્રણ પ્રકારના ફટાકડાઓ વિકસાવવામાં આવ્યા છે ?

1. સેફ વોટર રીલીઝર (SWAS)
2. સેફ મિનિમલ એલ્યુમિનિયમ (SAFAL)
3. સેફ થરમાઈટ ક્રેકર (STAR)
4. સેફ એર ક્રેકર (SAR)

(A) ફક્ત 1, 2 અને 3 (B) ફક્ત 2, 3 અને 4
(C) ફક્ત 1, 2 અને 4 (D) ફક્ત 1, 3 અને 4

177. ભારત-યુ.એસ. નિકાસ સબસીડી વિવાદો જોવા સારૂ નીચેના પૈકી કયા સંગઠને વિવાદ-પેનલની સ્થાપના કરી છે ?

(A) વર્લ્ડ બેંક (B) SAFTA
(C) WTO (D) FICCI

178. પ્રથમ મેગા-ફૂડ-પાર્ક - ધ ગુજરાત એગ્રો મેગા ફૂડ પાર્ક .......... ખાતે શરૂ થયો.

(A) અમદાવાદ (B) સૂરત (C) ગાંધીનગર (D) વડોદરા

179. ભારતીય રેલ્વે દ્વારા જાહેર કરાયેલી ટ્રેન-18, Train-18, ની શી વિશિષ્ટતાઓ છે ?

(A) ટ્રેન એન્જીન વગરની છે.
(B) ટ્રેન 160 કિ.મી. પ્રતિ કલાકની ગતિએ દોડશે.
(C) A અને B બંને
(D) A અને B પૈકી કોઈ નહીં

180. ભારતમાં સૌ પ્રથમ વખત કન્ટેનર પરિવહન કયા આંતરિક રાષ્ટ્રીય જળમાર્ગ શરૂ થયો હતો ?

(A) રાષ્ટ્રીય જળમાર્ગ-I (B) રાષ્ટ્રીય જળમાર્ગ-II
(C) રાષ્ટ્રીય જળમાર્ગ-III (D) ઉપરના પૈકી કોઈ નહીં

181. સર્વોચ્ચ અદાલતના હુકમ અનુસાર સમગ્ર ભારતમાં .......... થી ભારત સ્ટેજ-IV વાહનનું વેચાણ થઈ શકશે નહીં.

(A) 1 April, 2018 (B) 1 April, 2019
(C) 1 April, 2020 (D) 30 April, 2020

182. ઈન્ટરનેશનલ કો-ઓપરેટીવ એલાયન્સ અનુસાર નીચેના પૈકીની કઈ ભારતીય સરકારી સંસ્થા વિશ્વની સૌથી મોટી સહકારી સંસ્થા છે ?

(A) AMUL (B) IFFCO
(C) FICCI (D) ઉપરના પૈકી કોઈ નહીં

183. એશીયન ડેવલપમેન્ટ બેંક અનુસાર નીચેના પૈકી કયા એશીયાઈ દેશમાંથી સૌથી વધુ સ્થળાંતરીત (Outward migrants) લોકો છે ?

(A) ચીન (B) ભારત(C) બાંગ્લાદેશ (D) પાકિસ્તાન

184. ભારત, ઈરાન અને .......... તેમની સૌ પ્રથમ ચાબહાર બંદર બાબતે ત્રિપક્ષિય બેઠક ઈરાનમાં યોજી.

(A) અફઘાનિસ્તાન (B) બાંગ્લાદેશ
(C) પાકિસ્તાન (D) ઉપરના પૈકી કોઈ નહીં

185. પર્યાવરણ મંત્રાલય દ્વારા દિવાળીના સંદર્ભે નીચેના પૈકી કયું અભિયાન શરૂ કરવામાં આવ્યું ?

(A) હમારી દિવાલી, હરિત દિવાલી
(B) હરિત દિવાલી, આરોગ્ય દિવાલી
(C) હરિત દિવાલી, સ્વસ્થ દિવાલી
(D) હમારી દિવાલી, સ્વસ્થ દિવાલી

186. તાજેતરમાં જાહેર થયેલ નેતાજી સુભાષચંદ્ર બોઝ એવોર્ડ .......... ને એનાયત કરવામાં આવશે.

(A) આપત્તિ કામગીરીમાં સામેલ પોલીસ અને અર્ધલશ્કરી બળો
(B) ત્રાસવાદ વિરોધી કામગીરીમાં સામેલ પોલીસ અને અર્ધલશ્કરી બળો
(C) સામુદાય પોલીસ (Community Policing)માં સામેલ નાગરિક સંરક્ષણ કર્મચારીઓ
(D) સીમા સુરક્ષા અને યુદ્ધમાં સામેલ લશ્કરી લોકો

187. "ધર્મ-ગાર્ડયન-2018" ભારત અને .......... વચ્ચેની 14 દિવસની સંયુક્ત લશ્કરી કવાયત છે.

(A) ઈન્ડોનેશિયા (B) રશિયા
(C) જાપાન (D) જર્મની

188. નિવૃત્ત થયેલું વિમાનવાહક INS વિરાટ .......... રાજ્ય સરકાર હેઠળ તરતું સંગ્રહાલય બનશે.

(A) આંધ્રપ્રદેશ (B) ગુજરાત
(C) મહારાષ્ટ્ર (D) તામિલનાડુ

189. ભારતનું સૌ પ્રથમ સ્વદેશી માઈક્રો પ્રોસેસર મદ્રાસ-આઈ.આઈ.ટી. દ્વારા બનાવવામાં આવેલ, જેનું નામ .......... છે.

(A) સામાન્ય (B) શક્તિ
(C) સાંકેતિક (D) ઉપરના પૈકી કોઈ નહીં

190. ભારતીય કોસ્ટ ગાર્ડ દ્વારા મૂકવામાં આવેલું ઓફશોર પેટ્રોલ વેસલ (Offshore Patrol Vessel) ICGS વરાહ .......... દ્વારા નિર્મિત છે.

(A) રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ (B) તાતા ડીફેન્સ સીસ્ટમ્સ
(C) લારસન એન્ડ ટુબ્રો (D) ડી.આર.ડી.ઓ.

191. ''ઈઝ ઓફ ડુઈંગ બીઝનેસ''માં ભારતનો ક્રમ 77મો છે. આ યાદીમાં પ્રથમ ક્રમે કયો દેશ છે ?

(A) ઓસ્ટ્રેલિયા (B) ન્યુઝીલેન્ડ

(C) કેનેડા (D) દુબઈ

192. વિમેન્સ T-20 આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સૌ પ્રથમ સદી કરનાર .......... છે.

(A) દિએન્દ્રા ડોટીન (B) હરમનપ્રીત કોર

(C) સુઝી બેટસ (D) જોગ લેનીંગ

193. પહેલું વિશ્વયુદ્ધ પૂર્ણ થયાની 100મી જંયતિ નિમિત્તે .......... ખાતે શહિદ જવાનોને શ્રદ્ધાંજલિ આપવા આશરે 60 દેશોના રાષ્ટ્રપ્રમુખો ઉપસ્થિત રહ્યા હતા.

(A) લંડન (B) હિરોશિમા

(C) પૅરિસ (D) બર્લિન

194. ઈસરો તાજેતરમાં મૂકવામાં આવેલો ''જીસેટ-29'' ઉપગ્રહ બાબતે નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

1. તે ભારતનો સૌથી વજનદાર ઉપગ્રહ છે.
2. તેને GSLV Mk-III-D2 દ્વારા લોન્ચ કરવામાં આવ્યું
3. તે સંદેશાવ્યવહાર ઉપગ્રહ છે.
4. તે દુશ્મન જહાજો ઉપર નજર રાખશે.

(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 2 અને 3

(C) ફક્ત 1, 2 અને 3 (D) 1, 2, 3 અને 4

195. તાજેતરમાં આસિયાન સમિટ દરમ્યાન .......... ખાતે બીજી રિજીયોનલ કોમ્પ્રેહેન્સીવ ઈકોનોમિક પાર્ટનર સમિટ પણ યોજાઈ ગઈ.

(A) મલેશિયા (B) સિંગાપુર

(C) હોંગકોંગ (D) તાઈવાન

196. તાજેતરમાં ગુજરાત સરકારે ખેડૂતોના અકસ્માત મૃત્યુના વીમાની રકમ .......... થી વધારીને બમણી કરી.

(A) રૂા. 25,000 (B) રૂા. 50,000

(C) રૂા. 75,000 (D) રૂા. 1,00,000

197. તાજેતરમાં વડોદરા ખાતે કાર્યરત થયેલ ભારતની પ્રથમ નેશનલ રેલ એન્ડ ટ્રાન્સપોર્ટેશન ઈન્સ્ટીટ્યુટ (NRTI) ના .......... વિદેશી સહયોગી / સહયોગીઓ છે.

1. યુનિવર્સીટી ઓફ કેલિફોર્નીયા
2. બર્કલે એન્ડ કોર્નેલ યુનિવર્સીટી

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) 1 અને 2 બંને પૈકી કોઈ નહીં

198. તાજેતરમાં રાષ્ટ્રપતિએ નીચેના પૈકી ગુજરાતના કયા વિધેયક / વિધેયકોને મંજૂરી આપી ?

1. ગુજરાત ખેતજમીન ટોચમર્યાદા સુધારા વિધેયક, 2015
2. ગુજરાત ખેતજમીન ટોચમર્યાદા સુધારા વિધેયક, 2017

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) 1 અને 2 બંને પૈકી કોઈ નહીં

199. ગુજરાત સરકારે નીચેના પૈકી કયા સમુદાયોને ધાર્મિક લઘુમતીનો દરજ્જો આપ્યો છે ?

1. પારસી
2. ખ્રિસ્તી
3. મુસ્લિમ
4. યહુદી

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1, 2 અને 3
(D) 1, 2, 3 અને 4

200. "પૂર્ણા યોજના" બાબતે નીચે પૈકી કયું સાચું છે ?

(A) આ યોજના 14 થી 18 વર્ષની દિકરીઓના પોષણ માટેની યોજના છે.
(B) આ યોજના 14 વર્ષથી નાની વયના તમામના પોષણ માટેની યોજના છે.
(C) આ યોજના 14 થી 18 વર્ષની વચ્ચેના તમામના પોષણ માટેની યોજના છે.
(D) આ યોજના 14 વર્ષથી નાની વયની બાળકીઓના પોષણ માટેની યોજના છે.